વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થી માટે અત્યંત ઉપયોગી

# વર્તમાન પ્રવાહો

**November** **E-COPY**

## 01/11/2023 to 30/11/2023

Ghol Fish



Declared State Fish of Gujarat








ઘોલ માછલીને ગુજરાત રાજ્યની 'સ્ટેટ ફિશ' જાહેર કરવામાં આવી

સંયુક્ત લશ્કરી કવાયત KAZIND - 2023

'મેરી માટી મેરા દેશ' અભિયાનની અમૃત કળશ યાત્રાનો સમાપન કાર્યક્રમ

લોકસભાની એથિક્સ કમિટી

પેજ નં. 11
NMC ડોક્ટરો માટે 'વન નેશન, વન રજીસ્ટ્રેશન પ્લેટફોર્મ' લોન્ચ કરશે

પેજ નં. 24
ઉત્તરાખંડનો જમરાની ડેમ બહુહેતુક પ્રોજેક્ટ PMKSY-AIBP હેઠળ સમાવિષ્ટ

પેજ નં. 54
ચિકનગુનિયા માટે વિશ્વની પ્રથમ Ixchiq રસી

GPSC-I/II | GPSC-III | નાયબ મામલતદાર
PSI-ASI | CONSTABLE | તલાટી | બિન સચિવાલય
BANK | SBI | IBPS | SSC | RAILWAY

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

# અનુક્રમણિકા


| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **મહિનાના મુખ્ય મુદ્દાઓ :** | |
| 1 | બ્રોડકાસ્ટિંગ સર્વિસીસ (રેગ્યુલેશન) બિલ, 2023 | 06 |
| 2 | સરકારે ડિજિટલ જાહેરાત નીતિ, 2023 ને મંજૂરી આપી | 07 |
| 3 | ભારતે ઈન્ડો–પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક ફોર પ્રોસ્પરિટી (IPEF) સપ્લાય ચેઈન એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા | 07 |
| 4 | લોકસભાની એથિક્સ કમિટી | 08 |
| 5 | સાંસદો અને ધારાસભ્યો સામેના ફોજદારી કેસોના ઝડપી નિકાલ અંગે SC ની માર્ગદર્શિકા | 09 |
| | **આંતરરાજ્ય** | |
| 6 | NMC ડોક્ટરો માટે 'વન નેશન, વન રજીસ્ટ્રેશન પ્લેટફોર્મ' લોન્ચ કરશે | 11 |
| 7 | India Mobile Congress 2023 | 11 |
| 8 | યુનેસ્કો ક્રિએટિવ સિટીઝ નેટવર્કમાં કોઝિકોડ અને ગ્વાલિયરનો સમાવેશ | 11 |
| 9 | વર્લ્ડ ફૂડ ઈન્ડિયા 2023 | 12 |
| 10 | ભારતનો એનર્જી કન્ઝર્વેશન બિલ્ડીંગ કોડ (ECBC), 2017 | 12 |
| 11 | નાગાલેન્ડમાં પરંપરાગત બીજ સંરક્ષણ પ્રથાઓ | 13 |
| 12 | બેલર મશીનોની માંગ | 13 |
| 13 | IIM ડિરેક્ટરની નિમણૂક માટે નવી માર્ગદર્શિકા | 14 |
| 14 | ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ, 2023 | 14 |
| 15 | ઉત્તરકાશી ટનલ અકસ્માત | 14 |
| 16 | IGBC દ્વારા ટકાઉ આવાસ માટે Nest પહેલ શરૂ કરવામાં આવી | 15 |
| 17 | બીજી CII ઈન્ડિયા નોર્ડિક – બાલ્ટિક બિઝનેસ કોન્કલેવ | 15 |
| 18 | GPS Tracker Anklet | 16 |
| 19 | ઉત્તરપ્રદેશમાં હલાલ માર્કેટિંગ પ્રોડક્ટના વેચાણ પર પ્રતિબંધ | 16 |
| 20 | ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા 2023 નું આયોજન | 16 |
| 21 | આંતરરાષ્ટ્રીય પર્યટન માર્ટ 11 મી આવૃત્તિનું આયોજન | 17 |
| 22 | USI વાર્ષિક યુએન ફોરમ 2023 નું આયોજન | 17 |
| 23 | ભારત – ઓસ્ટ્રેલિયા 2+2 મંત્રી સ્તરીય વાટાઘાટો યોજાઈ | 17 |
| 24 | દુર્લભ ટેન્ટેલમ (Tantalum) ધાતુની શોધ | 18 |
| 25 | ગરમ તાપમાનના કારણે આસામમાં જંતુઓનો પ્રચંડ હુમલો | 18 |
| 26 | AGNI : 'Ayurveda Gyan Naipunya Initiative' | 18 |
| 27 | ઈન્ટર કમાન્ડ ઓશન સેઈલિંગ રેસ 2023 | 19 |
| 28 | ઈનલેન્ડ વોટરવે ટ્રાન્સપોર્ટેશન માટે એમઝોન અને IWAI વચ્ચે MoU | 19 |
| 29 | ભારતમાં મોસ્કિટોફિશના અનિચ્છનીય પરિણામો | 19 |
| 30 | ભારત 2024 માં ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશનની અધ્યક્ષતા કરશે | 19 |
| 31 | 16મી અર્બન મોબિલિટી ઈન્ડિયા (UMI) કોન્ફરન્સ અને એક્ઝિબિશન 2023 | 20 |
| 32 | 'મેરી માટી મેરા દેશ' અભિયાનની અમૃત કળશ યાત્રાનો સમાપન કાર્યક્રમ | 20 |
| 33 | પોર્ટુગીઝ સિક્કા | 21 |
| 34 | ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રૂઝ લાઈનરને લીલી ઝંડી | 21 |
| 35 | આદિવાસી જૂથો માટે મુખ્ય પહેલ | 21 |


Banking Academy

| | | |
|---|---|---|
| 36 | IIT ગાંધીનગર ખાતે ઓસ્ટ્રેલિયા ઈન્ડિયા એજ્યુકેશન એન્ડ સ્કિલ્સ કાઉન્સિલ (AIESC)ની પ્રથમ બેઠક | 22 |
| 37 | Prisoner's Dilemma (કેદીની મૂંઝવણ) એટલે શું? | 23 |
| 38 | ઉત્તરાખંડ સરકારે રાજાજી ટાઈગર રિઝર્વ કન્ઝર્વેશન ફાઉન્ડેશનની સ્થાપના કરી | 23 |
| 39 | તેલંગાણાનો નિવારક અટકાયત કાયદો | 24 |
| 40 | ઉત્તરાખંડનો જમરાની ડેમ બહુહેતુક પ્રોજેક્ટ PMKSY-AIBP હેઠળ સમાવિષ્ટ | 24 |
| | **ગુજરાત** | |
| 41 | ગુજરાતની પ્રથમ હેરિટેજ ટ્રેન : એકતાનગર થી અમદાવાદ | 26 |
| 42 | રાજકોટમાં 'માડી' ગરબા પર વર્લ્ડ રેકોર્ડ | 26 |
| 43 | ગુજરાતમાં અંબાજીની વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ | 26 |
| 44 | મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડનગર ખાતે તાના રીરી ઉત્સવનું ઉદ્‌ઘાટન કર્યું | 26 |
| 45 | ઘોલ માછલીને ગુજરાત રાજયની 'સ્ટેટ ફિશ' જાહેર કરવામાં આવી | 27 |
| 46 | ગિરનારની લીલી પરિક્રમાનો પ્રારંભ | 27 |
| 47 | મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયવ્યાપી 'રવિ કૃષિ મહોત્સવ– 2023 ' નું ઉદ્‌ઘાટન કર્યું | 28 |
| 48 | 'સુરત' યુદ્ધ જહાજના ક્રેસ્ટનું અનાવરણ કરવામાં આવ્યું | 28 |
| 49 | ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે હર્ષદ ત્રિવેદી ચૂંટાયા | 28 |
| 50 | કલોલમાં IFFCO નો નેનો DAP (લિક્વિડ) પ્લાન્ટ | 29 |
| 51 | અમરેલીના દુધાળામાં રાજયના પ્રથમ 'જળ ઉત્સવ'નો પ્રારંભ | 29 |
| 52 | સાણંદમાં સ્પેસ મેન્યુફેકચરિંગ કલસ્ટર સ્થપાશે | 29 |
| | **આંતરરાષ્ટ્રીય** | |
| 53 | ભારત અને બાંગ્લાદેશે સંયુક્ત રીતે ત્રણ વિકાસ પરિયોજનાનું ઉદ્‌ઘાટન કર્યુ | 31 |
| 54 | ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ એસેમ્બીના છઠ્ઠા સત્રનું આયોજન | 31 |
| 55 | IOM ની કાનૂની ઓળખ ઉકેલો માટે વૈશ્વિક પહેલ | 32 |
| 56 | વૈશ્વિક વાઘની સંખ્યામાં વધારો, દક્ષિણપૂર્વ એશિયા વસવાટના જોખમોનો સામનો કરે છે | 32 |
| 57 | INDUS-X રોકાણકારોની મીટ | 33 |
| 58 | 10મી સંરક્ષણ મંત્રીઓની બેઠક – Plus (ADMM Plus) | 33 |
| 59 | બીજી 'વોઈસ ઓફ ધ ગ્લોબલ સાઉથ સમિટ' નું આયોજન | 33 |
| 60 | વોલ્વિસ ખાડી પોર્ટ પર INS સુમેધા | 34 |
| 61 | ઈન્ડો – પેસિફિક રિઝનલ ડાયલોગ (IPRD) 2023 | 34 |
| 62 | WHO અને આયુષ મંત્રાલયે પરંપરાગત અને પૂરક દવા 'Project Collaboration Agreement' પર હસ્તાક્ષર કર્યા | 35 |
| 63 | G-7 વેપાર મંત્રીઓની બેઠક | 35 |
| 64 | આસિયાન – ઈન્ડિયા મિલેટ ફેસ્ટિવલ | 36 |
| 65 | ભારતીય નૌકાદળના જહાજ સુમેધાની મોઝામ્બિકની મુલાકાત | 36 |
| 66 | 59 મી ઈન્ટરનેશનલ ટ્રોપિકલ ટિમ્બર કાઉન્સિલ | 36 |
| 67 | નદી ડોલ્ફિન માટે વૈશ્વિક ઘોષણા | 37 |
| 68 | ભૂટાનના રાજાની ભારત મુલાકાત | 37 |
| | **અર્થવ્યવસ્થા** | |
| 69 | RBI એ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો–ઓપરેટીવ બેંકો માટે નિયમોમાં ફેરફાર કર્યો | 40 |
| 70 | સિમ સ્વેપ ફ્રોડ શું છે? | 40 |
| 71 | સરકારે વરિષ્ઠ નાગરીક બચત યોજના અને PPF માટે નિયમો સરળ બનાવ્યા | 40 |
| 72 | ઈન્ડિયા – ઓસ્ટ્રેલિયા RISE એક્સિલરેટર | 41 |


Banking Academy

| | | |
|---|---|---|
| 73 | લદ્દાખ સી બકથ્રોન અને કેરળ ઓનટ્ટુકારા તલ | 41 |
| 74 | CCI એ ICN સ્ટીયરિંગ કમિટીનો ભાગ બન્યું | 41 |
| | **યોજના, પોર્ટલ અને એપ્લિકેશન** | |
| 75 | IREDA એ CSR પોર્ટલ લોન્ચ કર્યુ | 43 |
| 76 | ભારત સરકારે 'AAINA ડેશબોર્ડ' પોર્ટલ લોન્ચ કર્યુ | 43 |
| | **રિપોર્ટ અને ઈન્ડેક્સ** | |
| 77 | રોડ એક્સિડેન્ટ્સ ઈન ઈન્ડિયા–2022 વાર્ષિક અહેવાલ | 44 |
| 78 | OECD નો એગ્રીકલ્ચર પોલિસી મોનિટરિંગ એન્ડ ઈવોલ્યુએશન 2023 અહેવાલ | 44 |
| 79 | ઈન્ટરકનેક્ટેડ ડિઝાસ્ટર રિસ્ક રિપોર્ટ – 2023 | 45 |
| 80 | ઈકોલોજીકલ થ્રેટ રિપોર્ટ 2023 | 45 |
| 81 | Adaptation Gap Report, 2023 | 46 |
| 82 | સ્ટેટ ઓફ ક્લાઈમેટ સર્વિસીસ રિપોર્ટ 2023 | 47 |
| 83 | WHO ગ્લોબલ ટયુબરક્યુલોસિસ (TB) રિપોર્ટ 2023 | 47 |
| 84 | સ્ટેટ ઓફ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર રિપોર્ટ | 48 |
| 85 | '2040 સુધીમાં પ્લાસ્ટિક પ્રદુષણને દૂર કરવા તરફ : એક નીતિ દશ્ય વિશ્લેષણ' અહેવાલ | 48 |
| 86 | સ્ટેટ ઓફ ધ ક્રાયોસ્ફિયર 2023 રિપોર્ટ જાહેર | 49 |
| 87 | માતૃત્વ ક્ષય રોગને સમાપ્ત કરવા માટે WHO નો 2023 નો રોડમેપ | 49 |
| 88 | 'Climate Equality : A Planet for the 99%' : Oxfam Report | 49 |
| 89 | ઉત્સર્જન ગેપ રિપોર્ટ 2023 | 50 |
| 90 | થ્રી બેસિન થ્રેટ રિપોર્ટ | 50 |
| | **પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી** | |
| 91 | ભારત અને EU ની પ્રથમ સંયુક્ત નૌકા ક્વાયત | 53 |
| 92 | નેનોફોટોનિક ઈલેકટ્રોન એક્સિલરેટર (NEA) | 53 |
| 93 | બ્રાઝિલના વૈજ્ઞાનિકોએ Calixcoca રસી વિકસાવી | 53 |
| 94 | ત્રીજી એમ્યુનિશન કમ ટોરપિડો કમ મિસાઈલ (ACTCM) બાર્જ | 54 |
| 95 | આબોહવા પરિવર્તન પ્રાણીઓને વિસ્થાપિત કરી રહયું છે : અભ્યાસ | 54 |
| 96 | ચિકનગુનિયા માટે વિશ્વની પ્રથમ Ixchiq રસી | 54 |
| 97 | ભારતે પ્રલય બેલેસ્ટિક મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ | 55 |
| 98 | Exercise CORPAT અને Bongosagar | 55 |
| 99 | ઝાગ્લોસસ એટનબરોગી | 55 |
| 100 | મિઝોરમમાં ગેકોની નવી પ્રજાતિઓ મળી | 56 |
| 101 | સંયુક્ત લશ્કરી ક્વાયત મિત્ર શક્તિ – 2023 શરૂ થઈ | 56 |
| 102 | 'અમિની' – ભારતીય નૌકાદળનું ચોથું એન્ટી સબમરિન વોરફેર ક્રાફટ લોન્ચ થયું | 56 |
| 103 | રેતી અને ધૂળના તોફાન | 57 |
| 104 | અવકાશમાંથી લેસર સિગ્નલ | 57 |
| 105 | E Prime Layer | 58 |
| 106 | નાસાનો 'વાતાવરણીય તરંગોનો પ્રયોગ' (AWE) | 58 |
| 107 | ભારત–અમેરિકા સંયુકત યુદ્ધઅભ્યાસ 'વજ્ર પ્રહાર' શરૂ | 59 |
| 108 | વૈજ્ઞાનિકોએ 2D પ્રોટીન મોનોલેયર બનાવ્યું | 59 |
| 109 | ICMR કોવિડ–19 રસીઓ અને અચાનક મૃત્યુ વચ્ચેની લિંકને દૂર કરે છે | 60 |


Banking Academy

| | | |
|---|---|---|
| 110 | નિદિરાના નોઆદિહિંગ (મ્યુઝિકલ દેડકો) | 60 |
| 111 | વૈજ્ઞાનિકોએ એક્સ–રે ધ્રુવીકરણને એક્સ્ટ્રાગેલેક્ટિક બ્લેક હોલમાં શોધ્યું | 60 |
| 112 | Amaterasu : Extremely high-energy particle | 61 |
| 113 | એક્સરસાઈઝ AUSTRAHIND – 2023 | 61 |
| 114 | નેવલ એન્ટી–શિપ મિસાઈલના ફ્લાઈટ ટ્રાયલ | 61 |
| 115 | વિમર્શ – 2023 | 62 |
| 116 | BIS એ EV ચાર્જિંગ કનેક્ટર સ્ટાન્ડર્ડ રજૂ કર્યું | 62 |
| 117 | IOC દ્વારા વિશિષ્ટ 'રેફરન્સ પેટ્રોલ અને ડિઝલનું ઉત્પાદન કર્યું | 62 |
| 118 | સંયુક્ત લશ્કરી ક્વાયત KAZIND – 2023 | 63 |
| 119 | ભારતીય નૌકાદળે DSC A21 લોન્ચ કર્યું | 63 |
| 120 | LCH પ્રચંડથી પ્રથમ વખત ફાયરિંગ કરવામાં આવ્યું | 63 |
| 121 | ભારતીય સેનાની પ્રથમ વર્ટિકલ વિન્ડ ટનલ | 64 |
| | **રમત–જગત** | |
| 122 | લિયોનલ મેસ્સીએ આઠમી વખત બેલોન ડી' ઓર એવોર્ડ જીત્યો | 65 |
| 123 | નીરજ ચોપરા વર્લ્ડ એથ્લેટ ઓફ ધ યર એવોર્ડ 2023 માટે નામાંકિત | 65 |
| 124 | પેરા એશિયન ગેમ્સ 2022 | 65 |
| 125 | ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023 | 66 |
| 126 | 16મી વિશ્વ વુશુ ચેમ્પિયનશિપ | 66 |
| 127 | એન્જેલો મેથ્યુઝ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ટાઈમઆઉટ થનારા પ્રથમ ખેલાડી | 67 |
| 128 | FIDE ગ્રાન્ડ સ્વિસ ઓપન, 2023 | 67 |
| 129 | ICC હોલ ઓફ ફેમ | 67 |
| | **નિમણૂક, વ્યકિત, પુસ્તક અને નિધન** | |
| 130 | નીતિ આયોગમાં એક વર્ષ માટે ચાર ફેલોની નિમણુક | 69 |
| 131 | ભારતીય ચૂંટણી પંચે અભિનેતા રાજકુમાર રાવને તેના 'નેશનલ આઈકન' તરીકે નિયુકત કર્યા | 69 |
| 132 | કેન્દ્રીય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનર તરીકે હિરાલાલ સામરીયાની નિમણૂક | 69 |
| 133 | ગિરીશ ચંદ્ર મુર્મુને પેનલ ઓફ એકસટર્નલ ઓડિટરના વાઈસ ચેરમેન તરીકે ચૂંટવામાં આવ્યા | 70 |
| 134 | જસ્ટિસ એમ. ફાતિમા બીવીનું નિધન | 70 |
| 135 | SPGના નવા ડિરેક્ટર તરીકે આલોક શર્માની નિમણૂક | 71 |
| | **એવોર્ડ અને પુરસ્કાર** | |
| 136 | પેરુમલ મુરુગનની 'ફાયર બર્ડ' એ સાહિત્ય માટે 2023 નું JCB પ્રાઈઝ જીત્યું | 72 |
| 137 | કોમેડિયન વીર દાસે ઈન્ટરનેશનલ એમી એવોર્ડ જીત્યો | 72 |
| | **મહત્વના દિવસો** | |
| 138 | 3 નવેમ્બર : આંતરરાષ્ટ્રીય બાયોસ્ફિયર રિઝર્વ ડે | 73 |
| 139 | 5 નવેમ્બર : વિશ્વ સુનામી જાગૃતિ દિવસ | 73 |
| 140 | 7 નવેમ્બર : રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ | 73 |
| 141 | 9 નવેમ્બર : રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ | 73 |
| 142 | 11 નવેમ્બર : રાષ્ટ્રીય શિક્ષણ દિવસ | 74 |
| 143 | 12 નવેમ્બર : વિશ્વ ન્યુમોનિયા દિવસ | 74 |
| 144 | 12 નવેમ્બર : રાષ્ટ્રીય પક્ષી દિવસ | 74 |


Banking Academy

| | | |
|---|---|---|
| 145 | **14 નવેમ્બર : વિશ્વ ડાયાબિટિસ દિવસ** | 74 |
| 146 | **15 નવેમ્બર : જનજાતિય ગૌરવ દિવસ અથવા આદિવાસી ગૌરવ દિવસ** | 75 |
| 147 | **16 નવેમ્બર : આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ** | 75 |
| 148 | **16 નવેમ્બર : રાષ્ટ્રીય પ્રેસ દિવસ** | 75 |
| 149 | **19 નવેમ્બર : વિશ્વ શૌચાલય દિવસ** | 76 |
| 150 | **20 નવેમ્બર : વિશ્વ બાળ દિવસ** | 76 |
| 151 | **21 નવેમ્બર : વિશ્વ મત્સ્યપાલન દિવસ** | 76 |
| 152 | **21 નવેમ્બર : વિશ્વ ટેલિવિઝન દિવસ** | 76 |
| 153 | **25 નવેમ્બર : આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ** | 77 |
| 154 | **26 નવેમ્બર : રાષ્ટ્રીય સંવિધાન દિવસ** | 77 |
| 155 | **28 નવેમ્બર : લાલ ગ્રહ દિવસ** | 77 |
| **Current Affairs Booster** | | 78 |
| **Facts.... Inshort** | | 82 |


Banking Academy

# 1 મહત્વના મુખ્ય મુદ્દાઓ

## બ્રોડકાસ્ટિંગ સર્વિસીસ (રેગ્યુલેશન) બિલ, 2023




- તાજેતરમાં માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા ડ્રાફ્ટ બ્રોડકાસ્ટિંગ સર્વિસીસ (રેગ્યુલેશન) બિલ, 2023 રજૂ કરવામાં આવ્યું હતું. જે ભારતના પ્રસારણ ક્ષેત્રના આધુનિકીકરણ અને નિયમન તરફના એક મહત્વપૂર્ણ પગલાનો સંકેત આપે છે.
- આ સૂચિત કાયદાનો ઉદ્દેશ્ય જૂના અધિનિયમો, નિયમો અને માર્ગદર્શિકાઓને એકિકૃત ફ્રેમવર્ક સાથે બદલવાનો છે જે મીડિયા ઉદ્યોગના બદલાતા લેન્ડસ્કેપને સ્વીકારે છે, જેમાં ઓવર–ધ – ટોપ (OTT) સામગ્રી, ડિજિટલ સમાચાર અને વર્તમાન બાબતોનો સમાવેશ થાય છે.

### ❖ બ્રોડકાસ્ટિંગ સર્વિસીસ (રેગ્યુલેશન) બિલ, 2023 ની મુખ્ય વિશેષતાઓ :–

- ઉદ્દેશ્ય : પ્રસારણ ક્ષેત્ર માટે એકીકૃત કાનૂની માળખું લાવવાનો.
- આધુનિકીકરણ : આ બિલ કેબલ ટેલિવિઝન નેટવર્ક્સ (રેગ્યુલેશન) એક્ટ, 1995 અને પ્રસારણ ક્ષેત્રને સંચાલિત કરતી અન્ય નીતિ માર્ગદર્શિકાને બદલવા માંગે છે.
- વિસ્તરણ : તે OTT સામગ્રી, ડિજિટલ સમાચાર અને વર્તમાન બાબતો માટે નિયમનકારી કાર્યક્ષેત્રને વિસ્તૃત કરે છે જે હાલમાં ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, 2000 દ્વારા નિયંત્રિત થાય છે.
- નિયમન : બિલ એક કાયદાકીય માળખા હેઠળ વિવિધ પ્રસારણ સેવાઓ માટે નિયમનકારી જોગવાઈઓ પ્રદાન કરે છે.
- અનૂકૂલનક્ષમતા : બિલ ઓવર – ધ ટોપ (OTT), ડિજિટલ મીડિયા, DTH, IPTV જેવા ક્ષેત્રોને સ્વીકારે છે.
- વ્યાપક : તે પ્રથમ વખત સમકાલીન પ્રસારણ અને મહત્વપૂર્ણ તકનીકી શબ્દો માટે વ્યાખ્યા પ્રદાન કરે છે.
- વિભિન્ન અભિગમ : તે વિવિધ સેવાઓમાં પ્રોગ્રામ અને એડવર્ટાઈઝમેન્ટ કોડ માટે ભિન્ન અભિગમ માટે પરવાનગી આપે છે અને બ્રોડકાસ્ટર્સ દ્વારા સ્વ–વર્ગીકરણ અને પ્રતિબંધિત સામગ્રી માટે મજબૂત એક્સેસ નિયંત્રણ પગલાંની જરૂર છે.
- સર્વસમાવેશકતા : તેનો ઉદ્દેશ્ય સબટાઈટલ્સ, ઓડિયો ડિસ્ક્રીપ્ટર્સ અને સાઈન લેંગ્વેજના ઉપયોગ દ્વારા વિકલાંગ લોકો માટે પ્રસારણને વધુ સમાવિષ્ટ અને સુલભ બનાવવાનો છે.
  : તેમા 'વિકલાંગતા ફરિયાદ અધિકારી' માટે પણ જોગવાઈ છે.
- એક્સેસિબિલિટી : બ્રોડકાસ્ટિંગ નેટવર્ક ઓપરેટર્સ અને પ્લેટફોર્મ સેવાઓના કેરેજ વચ્ચે ઈન્ફ્રાસ્ટ્રક્ચર શેરિંગ માટેની જોગવાઈઓ છે.
  : રિલોકેશન અને ફેરફારોને વધુ અસરકારક રીતે સંબોધવા માટે આ બિલ 'રાઈટ ઓફ વે' વિભાગને સુવ્યવસ્થિત કરે છે.
- દંડ : તે ઓપરેટરો અને બ્રોડકાસ્ટર્સ માટે વૈધાનિક દંડ પ્રદાન કરે છે. બિલમાં સલાહકારી પગલાં, ચેતવણીઓ, નિંદા અને નાણાકિય દંડની શ્રેણીની રૂપરેખા આપવામાં આવી છે.
- સ્વ–નિયમન અનેસલાહકાર પરિષદ : આ બિલ બ્રોડકાસ્ટિંગ સેક્ટરમાં સ્વ–નિયમનને પ્રોત્સાહિત કરવા માટે 'સામગ્રી મૂલ્યાંકન સમિતિઓ' રજૂ કરે છે.
  : આ બિલ એક 'બ્રોડકાસ્ટ એડવાઈઝરી કાઉન્સિલ' ની પણ સ્થાપના કરે છે જે કેન્દ્ર સરકારને પ્રોગ્રામ કોડ અને જાહેરાત કોડના ઉલ્લંઘન પર સલાહ આપવાનું કામ કરે છે.
- વિવાદ નિરાકરણ મિકેનિઝમ : આ બિલમાં વિવાદના નિરાકરણ માટે એક માળખાગત પદ્ધતિની સ્થાપના કરી છે.

### ❖ બિલની વિરુધ્ધમાં દલીલો

- આ નિયમન સ્વાયત્તતાને અસર કરી શકે છે, કારણ કે OTT પ્લેટફોર્મ 'પુલ મોડલ' પર કામ કરે છે જયાં ગ્રાહકો સામગ્રી પસંદ કરે છે.
- કડક અને વ્યક્તિલક્ષી કાયદા સામગ્રી સેન્સરશીપ તરફ દોરી શકે છે અને પ્રેક્ષકોના અનુભવને અસર કરી શકે છે.
- આ બિલ OTT પ્લેટફોર્મ્સ સુધી નિયમનકારી કાર્યક્ષેત્રને વિસ્તૃત કરે છે જે IT એક્ટ હેઠળ નિયમન કરવામાં આવે છે.
- બિલ હેઠળ OTT સામગ્રીઓનું નિયમન કરવામાં આવતું હોવાથી, સરકાર OTT સામગ્રી માટે કિંમત નિર્ધારણ શાસન લાવી શકે છે જેમ કે તેણી ટેલિવિઝન ચેનલો માટે કર્યુ છે.

Banking Academy

## સરકારે ડિજિટલ જાહેરાત નીતિ, 2023 ને મંજૂરી આપી

- તાજેતરમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયે ડિજિટલ મીડિયા સ્પેસમાં ઝુંબેશ હાથ ધરવા માટે સેન્ટ્રલ બ્યુરો ઓફ કોમ્યુનિકેશન (CBC) ને સક્ષમ અને સશક્ત બનાવવા માટે ડિજિટલ એડવર્ટાઈઝમેન્ટ પોલિસી, 2023 ને મંજૂરી આપી છે.
- CBC માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે અને ભારતમાં વિવિધ સરકારી કાર્યક્રમો, યોજનાઓ અને નીતિઓ વિશે જાગૃતિ લાવવા અને માહિતી પ્રસારિત કરવા માટે જવાબદાર છે.
- CBC બદલતા મીડિયા લેન્ડસ્કેપને સ્વીકારવા અને વ્યાપક પ્રેક્ષકો સુધી પંહોચવા માટે નવી તકનીકોને સ્વીકારવા માટે પ્રતિબદ્ધ છે.

❖ **ડિજિટલ જાહેરાત નીતિ, 2023 હેઠળ મુખ્ય નીતિઓ શું છે?**

- **ડિજિટલ પ્લેટફોર્મનું વિસ્તરણ**
  - CBC સોશિયલ મીડિયા, ઓવર – ધ – ટોપ (OTT) પ્લેટફોર્મ્સ, ડિજિટલ ઓડિયો પ્લેટફોર્મ્સ, મોબાઈલ એપ્લિકેશન્સ અને વેબસાઈટ્સ પર જાહેરાત કરી શકે છે.
  - તે આદેશ આપે છે કે આ યોજના હેઠળ અરજી કરવા માટે લાયક બનવા માટે વેબસાઈટ્સ, મોબાઈલ એપ્લિકેશન્સ, OTT પ્લેટફોર્મ અને ડિજિટલ ઓડિયો પ્લેટફોર્મ ઓછામાં ઓછા એક વર્ષ જૂના હોવા જરૂરી છે.




- **જાહેરાત દેશ અને પારદર્શિતા**
  - પારદર્શિતા અને કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા માટે સ્પર્ધાત્મક બિડિંગ દ્વારા નિર્ધારિત, સબ્સ્ક્રાઈબર બેઝ અને દર્શક સંખ્યા સાથે જાહેરાત દરો લિંક કરવામાં આવશે.
  - આ પ્રક્રિયા દ્વારા શોધાયેલ દર ત્રણ વર્ષ માટે માન્ય રહેશે.
- **OTT પ્લેટફોર્મ એન્ગેજમેન્ટ**
  - OTT પ્લેટફોર્મને માત્ર નિયમિત સામગ્રી દરમિયાન જાહેરાતો આપવા માટે જ નહી પરંતુ CBC ના લેટર ઓફ ઈન્ટેન્ટ મુજબ એમ્બેડેડ/ ફિલ્મમાં જાહેરાતો, પ્રમોશન અથવા બ્રાન્ડિંગ પ્રવૃત્તિઓના નિર્માણ માટે પણ પેનલમાં સામેલ કરી શકાય છે.
- **ભંડોળ સ્ત્રોત**
  - CBC સામાન્ય રીતે સરકારી યોજનાઓના કુલ ખર્ચના 2% પ્રચાર અને આઉટરિચ પ્રવૃત્તિઓ માટે વાપરે છે અને આ ભંડોળનો ઉપયોગ જાહેરાતો અને ઝુંબેશ માટે થાય છે.

❖ **ડિજિટલ જાહેરાત નીતિની જરૂરિયાત**

- ડિજિટલ જાહેરાતો ઓનલાઈન ચેનલો, જેમ કે વેબસાઈટ, સ્ટ્રીમિંગ સામગ્રી અને વધુ દ્વારા માર્કેટિંગનો સંદર્ભ આપે છે.
- ડિજિટલ જાહેરાતો ટેક્સ્ટ, ઈમેજ, ઓડિયો અને વિડિયો સહિત મીડિયા ફોર્મેટમાં ફેલાયેલી છે.
- ભારત સરકારના ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમને કારણે દેશમાં એવા લોકોની સંખ્યામાં વધારો થયો છે જેઓ હવે ઈન્ટરનેટ, સોશિયલ અને ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ્સ સાથે જોડાયેલા છે.
- ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાના જણાવ્યા મુજબ, માર્ચ 2023 સુધીમાં ભારતમાં ઈન્ટરનેટનો પ્રવેશ 880 મિલિયનથી વધુ છે.
- ડિજિટલ એડવર્ટાઈઝમેન્ટ પોલિસી, 2023 બહુવિધ હિતધારકો સાથે વ્યાપક ચર્ચા બાદ ઘડવામાં આવી છે.
- તે ભારત સરકારના ડિજિટલ આઉટરીચને વધારવા અને નાગરીકો સુધી માહિતીના પ્રસારમાં સુધારો કરવાના રોડમેપની રૂપરેખા આપે છે.

## ભારતે ઈન્ડો–પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક ફોર પ્રોસ્પરિટી (IPEF) સપ્લાય ચેઈન એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા

❖ **ઈન્ડો પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક (IPEF) શું છે?**

- IPEF ની શરૂઆત મે 2023 માં ટોક્યો (જાપાન) માં યુએસ અને ઈન્ડો પેસિફિક ક્ષેત્રના અન્ય ભાગીદાર દેશો દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી.
- આ પહેલનો ઉદ્દેશ્ય સામેલ અર્થતંત્રો માટે સ્થિતિસ્થાપકતા, ટકાઉપણું, સર્વસમાવેશકતા, આર્થિક વૃદ્ધિ, ન્યાયીપણું અને સ્પર્ધાત્મકતાને આગળ વધારવાનો છે.
- તેના 14 સભ્ય દેશોમાં ઓસ્ટ્રેલિયા, બ્રુનેઈ દારુસલામ, ફિજી, ભારત, ઈન્ડોનેશિયા, જાપાન, કોરીયા પ્રજાસત્તાક, મલેશિયા, ન્યુઝિલેન્ડ, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ, યુએસ અને વિયેતનામનો સમાવેશ થાય છે.
- તેઓ એક સાથે વિશ્વના આર્થિક ઉત્પાદનના 40% અને વેપારમાં 28% હિસ્સો ધરાવે છે.
- આ ફ્રેમવર્કનું માળખું ચાર સ્તંભોમાં રચાયેલું છે.
  (1) વેપાર (પિલર–I) (3) સ્વચ્છ અર્થતંત્ર (પિલર – III)
  (2) સપ્લાય ચેઈન્સ (પિલર– II) (4) વાજબી અર્થતંત્ર (પિલર – IV)
- ભારત IPEF ના પિલર્સ II થી IV માં જોડાયું હતું. જયારે પિલર I માં નિરિક્ષકનો દરજ્જો ધરાવે છે.
- ત્રીજી IPEF મંત્રી સ્તરની બેઠક 14 નવેમ્બર 2023 ના રોજ કેલિફોર્નિયાના સાન ફ્રાન્સિસ્કોમાં યુએસ દ્વારા આયોજિત કરવામાં આવી હતી. જેમાં મંત્રી પિયુષ ગોયલે ભાગ લીધો હતો.

❖ **સાન ફ્રાન્સિસ્કો ખાતે IPEF મીટિંગની મુખ્ય બાબતો**




- **સપ્લાય ચેઈન રિઝિલિયન્સ એગ્રીમેન્ટ (IPEF)**
  - ભારત સહિત IPEF ના 14 સભ્યોએ સપ્લાય ચેઈન રિઝિલિયન્સ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા.
  - આ એગ્રીમેન્ટનો ધ્યેય ચીન પર નિર્ભરતા ઘટાડવા અને નિર્ણાયક માલસામાનના ઉત્પાદનને સભ્ય દેશોમાં ખસેડવામાં મદદ કરવી.
  - તેના નિર્ણાયક ક્ષેત્રોમાં ઉત્પાદન કેન્દ્રોનું સ્થળાંતર, સપ્લાય ચેઈન વૈવિધ્યકરણ, રોકાણોની ગતિશીલતા, વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓમાં ભારતનું ઉંડુ એકીકરણ, MSME ને સમર્થન અને સીમલેસ પ્રાદેશિક વેપાર ઈકોસિસ્ટમની રચનાનો સમાવેશ થાય છે.
  - કોઈપણ પાંચ સદસ્ય દેશો કરારને અમલમાં મૂકે પછી આ કરાર અમલમાં આવશે.
    - IPEF સપ્લાય ચેન કાઉન્સિલ
      - કરારના અમલીકરણ અને દેખરેખ માટે તેની સ્થાપના કરવામાં આવશે.
      - કાઉન્સિલ દર વર્ષે મળશે અને તમામ સભ્યોએ કરારના અમલીકરણની પ્રગતિની જાણ કરવી પડશે.
      - IPEF સપ્લાય ચેઈન ક્રાઈસિસ રિસ્પોન્સ નેટવર્ક અને IPEF લેબર રાઈટ્સ એડવાઈઝરી બોર્ડની પણ સ્થાપના કરશે.
- **ક્લીન ઈકોનોમી એગ્રીમેન્ટ (IPEF)**
  - આ પિલર હેઠળ IPEF ભાગીદારોનો ઉદ્દેશ્ય ટકાઉ ઈન્ફ્રાસ્ટક્ચર અને ક્લાઈમેટ ટેક્નોલોજી માટે રોકાણનો પ્રવાહ વધારવાનો છે.
  - IPEF ક્લીન ઈકોનોમી ફોરમનું વાર્ષિક સંમેલન વર્ષ 2024 માં સિંગાપોરમાં થવાનું છે, જેથી ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્લાઈમેટ ટેક્નોલોજી માટે રોકાણકારોને આકર્ષી શકાય.
  - બેંકેબેલ આબોહવા – સંબધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટની પાઈપલાઈનને વિસ્તૃત કરવા માટે ખાનગી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ગ્રુપ દ્વારા સંચાલિત IPEF કેટાલિટીક કેપિટલ ફંડની સ્થાપના કરવામાં આવી.
- **ફેર ઈકોનોમી એગ્રીમેન્ટ (IPEF)**
  - આ પિલર હેઠળ સભ્ય રાષ્ટ્રો તેમની અર્થવ્યવસ્થામાં નિષ્પક્ષતા, સર્વસમાવેશકતા, પારદર્શિતા, કાયદાનું શાસન અને જવાબદારી વધારવા માટે સાથે મળીને કામ કરવા પ્રતિબદ્ધ છે.
  - પ્રસ્તાવિત કરારના તમામ પાસાઓને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે એકબીજાની ક્ષમતાઓને વધારવા માટે નવી ક્ષમતા નિર્માણ ફ્રેમવર્ક (CBF) ની સ્થાપના કરશે.
  - IPEF ભાગીદારો પ્રતિબદ્ધતાઓના અમલીકરણ, અમલીકરણમાં પડકારો અને કોઈ પણ તકનીકી સહાયની જરૂરિયાતો અંગે ચર્ચા કરવા માટે ભ્રષ્ટાચાર વિરોધી, શ્રમ અને કર પર વાર્ષિક સંકલન બેઠકો યોજશે.

## લોકસભાની એથિક્સ કમિટી




- તાજેતરમાં, લોકસભાની એથિક્સ કમિટીએ સંસદમાં પ્રશ્નો પૂછવા માટે 'લાંચ' સ્વીકારવાનો આરોપ ધરાવતા સંસદસભ્ય પર 'કેશ ફોર ક્વેરી' આરોપો અંગે તપાસ શરૂ કરી છે.
- આ સમિતિ આરોપોની તપાસ કરવા માટે કાર્યવાહી હાથ ધરશે અને ફરિયાદી, સાક્ષીઓ અને આરોપી સાંસદ સહિત તમામ સંબંધિત પક્ષકારો પાસેથી પુરાવા એકત્ર કરશે.
- જો એથિક્સ કમિટીને ફરિયાદમાં યોગ્યતા જણાય તો તે ભલામણો કરી શકે છે. તે સંભવિત સજાની ભલામણ કરી શકે છે તેમા સામાન્ય રીતે ચોક્કસ સમયગાળા માટે સાંસદને સસ્પેન્શનનો સમાવેશ થાય છે.
- સ્વર્ગસ્થ સ્પીકર જીએમસી બાલયોગીએ વર્ષ 2000 માં એડહોક એથિક્સ કમિટીની રચના કરી હતી. જે વર્ષ 2015 માં જ ગૃહનો કાયમી ભાગ બની હતી.
- વિશેષાધિકાર સમિતિએ 13 મી લોકસભા દરમિયાન એથિક્સ કમિટીની રચના કરવાની ભલામણ કરી હતી.
- રાજયસભામાં આ સમિતિની સ્થાપના વર્ષ 1997 માં કરવામાં આવી હતી.
- લોકસભામાં એથિક્સ કમિટીના સભ્યોની નિમણૂક સ્પીકર દ્વારા એક વર્ષના સમયગાળા માટે કરવામાં આવે છે.
- 15 સભ્યોની બનેલી આ કમિટીનું કાર્ય સ્પીકરે ઉલ્લેખિત લોકસભાના સભ્યના અનૈતિક આચરણને લગતી દરેક ફરિયાદની તપાસ કરવી અને તેને યોગ્ય લાગે તેવી ભલામણો કરવાનું છે.

❖ **ફરિયાદો માટેની પ્રક્રિયા**

- કોઈ પણ વ્યકિત અન્ય લોકસભા સાંસદ દ્વારા કથિત ગેરવર્તણૂકના પુરાવા સાથે, અને ફરિયાદ 'ખોટી, વ્યર્થ અથવા ઉશ્કેરણીજનક' નથી તેવું જણાવતા એફિડેવિટ સાથે ફરિયાદ કરી શકે છે.

- સ્પીકર સાંસદ વિરુધ્ધ કોઈ પણ ફરિયાદ કમિટીને મોકલી શકે છે.
- કમિટી ફરિયાદની તપાસનો નિર્ણય લેતા પહેલા પ્રથમદર્શી તપાસ કરે છે. તે ફરિયાદનું મૂલ્યાંકન કર્યા પછી તેની ભલામણો કરે છે.
- સમિતિ સ્પીકરને તેનો અહેવાલ રજૂ કરે છે, જે ગૃહને પૂછે છે કે શું અહેવાલને વિચારણા માટે લેવામાં આવે.
- જો ગેરબંધારણીયતા, ગંભીર ગેરકાયદેસરતા અને કુદરતી ન્યાયનો ઈનકાર હોય તો સાંસદ નિર્ણયને કોર્ટમાં પડકારી શકે છે.

## સાંસદો અને ધારાસભ્યો સામેના ફોજદારી કેસોના ઝડપી નિકાલ અંગે SC ની માર્ગદર્શિકા




- ભારતની સર્વોચ્ચ અદાલતે સંસદના સભ્યો અને ધારાસભ્યો સામેના ફોજદારી કેસોના નિરાકરણને ઝડપી બનાવવાના હેતુથી વ્યાપક માર્ગદર્શિકા જારી કરી છે.
- આ મહત્વપૂર્ણ નિર્ણય એડવોકેટ અશ્વિનીકુમાર ઉપાધ્યાય દ્વારા દાખલ કરાયેલી અરજી પરથી આવ્યો છે.
- SC એ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, 1951 ની કલમ 8(3) ને પડકારતા કેસ દરમિયાન માર્ગદર્શિકા જારી કરી હતી.
- આ કલમ ગુના માટે દોષિત વ્યક્તિઓ પર ચૂંટણી લડવા માટે ઓછામાં ઓછી બે વર્ષની સજા સાથે છ વર્ષનો પ્રતિબંધ લાદે છે.

**SC માર્ગદર્શિકા**

- પેન્ડિંગ કેસોના ઝડપી નિકાલ પર દેખરેખ રાખવા માટે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશો દ્વારા સુઓ મોટો કેસોની સ્થાપનાનો માર્ગદશિકામાં સમાવેશ થાય છે.
- સાંસદો / ધારાસભ્યો સામેના આવા કેસની સુનાવણી મુખ્ય ન્યાયાધીશની આગેવાની હેઠળની વિશેષ બેન્ચ દ્વારા થઈ શકે છે.
- નિયુક્ત અદાલતો સાંસદો / ધારાસભ્યો સામેના ફોજદારી કેસોને પ્રાથમિકતા આપે છે. જે,
  – મૃત્યુ અથવા આજીવન કેદની સજાને પાત્ર હોય. – 5 વર્ષ કે તેથી વધુ કેદની સજાને પાત્ર હોય
- દુર્લભ અને અનિવાર્ય કારણો સિવાય આવા ફોજદારી કેસોને મુલતવી ન રાખવા ટ્રાયલ કોર્ટને સૂચના આપવામાં આવે છે.
- જિલ્લા ન્યાયાધીશોને ધારાશાસ્ત્રીઓનો પ્રયાસ કરતી નિયુક્ત વિશેષ અદાલતો માટે પર્યાપ્ત માળખાકિય સુવિધાઓ અને તકનીકી સુવિધાઓ સુનિશ્ચિત કરવાનું કામ સોંપવામાં આવે છે.
- આવા કેસોની દેખરેખ રાખવા માટે HC એ કલમ 277 હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને અસરકારક દેખરેખના પગલાં વિકસાવવા જોઈએ.
- કલમ 277(1) હેઠળ, HC તેના અધિકારક્ષેત્રમાં તમામ અદાલતો અને ટ્રિબ્યુનલ પર અધિક્ષકતાનો ઉપયોગ કરે છે.

**સાંસદો / ધારાસભ્યો સામે ફોજદારી કેસોની સ્થિતી**

- એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) મુજબ, વર્ષ 2019 ની લોકસભા ચૂંટણી પછી, નવા ચૂંટાયેલા સાંસદોમાંથી 43% પર ફોજદારી કેસ પેન્ડિંગ હતા.
- ડિસેમ્બર 2021 સુધીમાં વર્તમાન અને ભૂતપૂર્વ ધારાસભ્યો અને સાંસદો સામે પેન્ડિંગ ફોજદારી કેસોની સંખ્યા 5000 ની નજીક પંહોચી ગઈ હતી.

Banking Academy


ખાખીની ખુમારી... ખાખીની ખુમારી... ખાખીની ખુમારી...
ટૂંક સમયમાં જાહેર થનાર સંભવિત 12000 થી વધુ જગ્યાઓની ભરતી
Govt. Jobs
પોલીસ કોન્સ્ટેબલ
PSI/ASI
સામાન્ય જ્ઞાન
Maths
Reasoning
કાયદો
Join New Class
ADMISSION OPEN
જેવાવિષયોની સંપૂર્ણ મટીરિયલ્સ સાથે વિશેષ તૈયારી
તૈયારી માટેના નવા વર્ગો
ટૂંક સમયમાં શરૂ
GPSC
તલાટી
બિન સચિવાલય
TET/TAT
જેવી તમામ પરીક્ષાઓની તૈયારી આજે જ શરૂ કરો
(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (ઉધના) Ph. : 70461 40555
સુરત (વરાછા) Ph. : 70464 16555
સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 2 આંતરરાજ્ય (રાષ્ટ્રીય)

## NMC ડોક્ટરો માટે 'વન નેશન, વન રજીસ્ટ્રેશન પ્લેટફોમ' લોન્ચ કરશે

- નેશનલ મેડિકલ કમિશન (NMC), ભારતમાં તબીબી શિક્ષણ અને તબીબી વ્યવસાયિકો માટેની નિયમનકારી સંસ્થા છે તે ડોક્ટરો માટે 'વન નેશન, વન રજીસ્ટ્રેશન પ્લેટફોર્મ રજૂ કરવાની તૈયારી કરી રહયું છે.
- આ પ્લેટફોર્મનો હેતુ પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવાનો, ડુપ્લિકેશનને દૂર કરવાનો અને ચિકિત્સકો વિશેની માહિતી લોકો માટે સરળતાથી સુલભ બનાવવાનો છે.
- NMC આગામી છ મહિનામાં નેશનલ મેડિકલ રજિસ્ટ્રર (NMR) ના પાયલોટ પ્રોજેક્ટનું અનાવરણ કરશે જેમા ડોક્ટરોને અનન્ય ઓળખ નંબર પ્રદાન કરશે.
- ડોક્ટરો આ નંબરના આધારે કોઈ પણ રાજ્યમાં કામ કરવા માટે લાઈસન્સ માટે અરજી કરી શકે છે.
- અંડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને NMR પર એક માસ્ક કરેલ ID પ્રાપ્ત થશે, જે તેમના અભ્યાસક્રમો પૂર્ણ કર્યા પછી અનમાસ્ક કરવામાં આવશે.




- આ ID નો ઉપયોગ વધારાની લાયકાતોને અપડેટ કરવા માટે થઈ શકે છે અને તબીબી લાયસન્સ માટે રાજ્ય રજિસ્ટ્રર તેની સાથે લિંક કરવામાં આવશે.
- નેશનલ મેડિકલ રજિસ્ટ્રરમાં નોંધણી નંબર, નોંધણીની તારીખ, કામનું સ્થળ, તબીબી લાયકાત, વિશેષતા, પાસ થયાનું વર્ષ, યુનિવર્સિટી જેવી મહત્વની વિગતોનો સમાવેશ થશે.

Banking Academy

## India Mobile Congress 2023

- 27 ઓક્ટોબરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત મંડપમ, પ્રગતિ મેદાન, નવી દિલ્હી ખાતે ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ (IMC) 2023ની 7 મી આવૃતિનું ઉદ્ઘાટન કર્યુ.
- 'ગ્લોબલ ડિજિટલ ઈનોવેશન' થીમ આધારિત આ ઈવેન્ટ ટેક્નોલોજી ડેવલપર, ઉત્પાદક અને નિકાસકાર તરીકે ભારતની ભૂમિકાને મજબૂત બનાવવાની ઈચ્છા ધરાવે છે.
- IMC 2023 5G ટેક્નોલોજીની સંભવિતતાનો ઉપયોગ કરવા ભારતની જરૂરિયાતોને અનુરૂપ એપ્લિકેશન ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક માંગને સંબોધવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.




- 27 થી 29 ઓક્ટોબર દરમિયાન ચાલનારા IMC 2023 એ એશિયાનું સૌથી વ્યાપક ટેલિકોમ્યુનિકેશન, મીડિયા અને ટેક્નોલોજી ફોરમ છે. તે આ ક્ષેત્રોમાં નવીનતાઓ પ્રદર્શિત કરવા માટે એક અગ્રણી પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે.
- 5000 CEO સ્તરના પ્રતિનિધિઓ, 230 પ્રદર્શકો, 400 સ્ટાર્ટઅપ્સ અને વિવિધ હિતધારકો સહિત 22 દેશોમાંથી 1 લાખથી વધુ સહભાગીઓ આ ઈવેન્ટમાં જોડાશે.
- IMC 2023 માં રજૂ કરવામાં આવેલ એક નોંધપાત્ર પહેલ 'એસ્પાયર' સ્ટાર્ટઅપ પ્રોગ્રામ છે. આ પ્રોગ્રામનો ઉદ્દેશ્ય સ્ટાર્ટઅપ્સ, રોકાણકારો અને સ્થાપિત વ્યવસાયો વચ્ચે જોડાણને સરળ બનાવવાનો છે.
- આ કાર્યક્રમમાં દેશભરની શૈક્ષણિક સંસ્થાઓને 100 '5G યુઝ કેસ લેબ્સ' એનાયત કરવામાં આવી હતી.

## યુનેસ્કો ક્રિએટિવ સિટીઝ નેટવર્કમાં કોઝિકોડ અને ગ્વાલિયરનો સમાવેશ

- તાજેતરમાં યુનેસ્કો (UNESCO) એ તેના ક્રિએટીવ સિટીઝ નેટવર્કમાં 55 નવા શહેરો ઉમેરવાની જાહેરાત કરી છે. તેમાં ભારતના બે શહેરો કેરળના કોઝિકોડ 'સાહિત્યના શહેર' તરીકે અને મધ્યપ્રદેશના ગ્વાલિયર 'સંગીતના શહેર' તરીકે ઉમેરવામાં આવ્યા છે.

**❖ સાહિત્યના શહેર તરીકે કોઝિકોડ**

- યુનેસ્કો દ્વારા 'સિટી ઓફ લિટરેચર' નું પ્રતિષ્ઠિત બિરુદ મેળવનાર કોઝિકોડ ભારતનું પ્રથમ શહેર છે.
- આ શહેર કેરળ લિટરેચર ફેસ્ટિવલ જેવા વિવિધ સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કરવાનો લાંબો ઈતિહાસ ધરાવે છે, જે એશિયાના સૌથી મોટા સાહિત્યિક મેળાવડાઓમાનું એક છે.
- કોઝિકોડે 500 થી વધુ પુસ્તકાલયોનું ઘર હોવાનું ગૌરવ પ્રાપ્ત કર્યુ છે.

- આ સ્વીકૃતિ બૌદ્ધિક વિનિમય અને સાહિત્યિક ચર્ચાઓના કેન્દ્ર તરીકે શહેરની ભૂમિકાને વધુ મજબૂત બનાવે છે.

❖ **સંગીતના શહેર તરીકે ગ્વાલિયર**

- 2015 માં વારાણસી પછી યુનેસ્કો દ્વારા 'સંગીતના શહેર' તરીકે નિયુક્ત થનાર ગ્વાલિયર ભારતનું બીજુ શહેર છે.
- આ શહેર ગ્વાલિયર ઘરાનાનું મૂળ છે, જે હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતની સૌથી જૂની અને પ્રભાવશાળી શાળા છે.
- આ શહેર ભારતીય સંગીતના મહાન સંગીતકાર તાનસેનના જન્મસ્થળ તરીકે પણ પ્રસિદ્ધ છે.
- આ શહેર ભારતના સૌથી મોટા વાર્ષિક સંગીત સમારોહમાંના એક, 'તાનસેન સંગીત સમારોહ' નું આયોજન કરે છે, જે દેશ – વિદેશના હજારો સંગીત પ્રેમીઓ અને કલાકારોને આકર્ષે છે.

❖ **યુનેસ્કો ક્રિએટિવ સિટીઝ નેટવર્ક (UCCN)**

- તે વર્ષ 2004 માં બનાવવામાં આવ્યું હતું.
- તેનો હેતુ શહેરો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવાનો છે. જે સર્જનાત્મકતાને તેમના શહેરી વિકાસમાં વ્યુહાત્મક પરિબળ તરીકે ઓળખે છે.
- આ નેટવર્ક સાત સર્જનાત્મક ક્ષેત્રોને આવરી લે છે. હસ્તકલા અને લોકકલા, મીડિયા કલા, ફિલ્મ, ડિઝાઈન, ગેસ્ટ્રોનોમી, સાહિત્ય, સંગીત.




❖ **UCCN માં સમાવિષ્ટ અન્ય ભારતીય શહેરો**

| | | |
|---|---|---|
| જયપુર | 2015 | હસ્તકલા અને લોકકલા |
| વારાણસી | 2015 | સંગીત |
| ચેન્નઈ | 2017 | સંગીત |
| મુંબઈ | 2019 | ફિલ્મ |
| હૈદરાબાદ | 2019 | ગેસ્ટ્રોનોમી |
| શ્રીનગર | 2021 | હસ્તકલા અને લોકકલા |

## વર્લ્ડ ફૂડ ઈન્ડિયા 2023




- તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વર્લ્ડ ફૂડ ઈન્ડિયા 2023 ની બીજી આવૃત્તિનું ઉદ્દઘાટન કર્યુ.
- આ ઈવેન્ટ દરમિયાન પ્રધાનમંત્રીએ 1 લાખથી વધુ સ્વ–સહાય જૂથો (SHGs) ને બીજ મૂડી સહાયનું વિતરણ કર્યુ અને ફૂડ સ્ટ્રિટ નું ઉદ્દઘાટન કર્યુ.
- આ ઈવેન્ટ ખાદ્ય ઉત્પાદનમાં ભારતના વૈશ્વિક નેતૃત્વને પ્રદર્શિત કરવાના પ્લેટફોર્મ તરીકે કામ કરે છે અને 2023 ના બાજરીના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે ઉજવણી સાથે એકરૂપ છે.
- ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ મંત્રાલય અને વિવિધ કંપનીઓ વચ્ચે કુલ 16 સમજૂતી કરાર પર હસ્તાક્ષરો કરવામાં આવ્યા હતા.
- આ ઈવેન્ટનો મુખ્ય ધ્યેય ભારતને 'વિશ્વની ફૂડ બાસ્કેટ' તરીકે દર્શાવવા અને વર્ષ 2023 ને બાજરીના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે ઉજવવાનો છે.
- વિશ્વને સમૃધ્ધ ભારતીય ખાદ્ય સંસ્કૃતિનો પરિચય કરાવવો તેમજ દેશના વૈવિધ્યસભર ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં રોકાણને પ્રોત્સાહન આપવાનો છે.
- વર્ષ 2017 માં વર્લ્ડ ફૂડ ઈન્ડિયાની પ્રથમ આવૃત્તિ થઈ હતી.
- મિલઈન્ડ (એક પ્રોબોટ) એ વર્લ્ડ ફૂડ ઈન્ડિયા 2023 માટે મેસ્કોટ છે.

## ભારતનો એનર્જી કન્ઝર્વેશન બિલ્ડીંગ કોડ (ECBC), 2017




- તાજેતરમાં ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) એ તેના વર્લ્ડ એનર્જી આઉટલુક 2023 માં અહેવાલમાં પ્રકાશ પાડવામાં આવ્યો કે ભારતનો એનર્જી કન્ઝર્વેશન બિલ્ડિંગ કોડ (ECBC), 2017 તેને અન્ય વિકાસશીલ અર્થતંત્રોથી અલગ પાડે છે.
- IEA અને જણાવ્યું હતુ કે ભારત વિકાસશીલ દેશોમાં અનન્ય છે કારણ કે વ્યાપારી ઈમારતોમાં ઉર્જા કાર્યક્ષમતા માટે તેના નિયમો મજબૂત છે જયારે અન્ય ઘણા વિકાસશીલ દેશોમાં ઈમારતોમાં ઉર્જા કાર્યક્ષમતા ભારત જેટલી અદ્યતન નથી.

❖ **ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી**

- IEA એ ફ્રાન્સના પેરિસમાં વર્ષ 1974 માં સ્થપાયેલી એક સ્વાયત આંતર સરકારી સંસ્થા છે.

- IEA મુખ્યત્વે તેની ઉર્જા નીતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેમાં આર્થિક વિકાસ, ઉર્જા સુરક્ષા અને પર્યાવરણીય સંરક્ષણનો સમાવેશ થાય છે. આ નીતિઓને IEA ના 3E'S તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારત માર્ચ 2017 માં IEA નું એસોસિએટ સભ્ય બન્યું હતું.
- IEA દ્વારા વાર્ષિક ધોરણે વર્લ્ડ એનર્જી આઉટલુક રિપોર્ટ બહાર પાડવામાં આવે છે.

❖ **એનર્જી કન્ઝર્વેશન બિલ્ડીંગ કોડ (ECBC), 2017**

- ECBC સૌપ્રથમ વર્ષ 2007 માં પાવર મંત્રાલયના બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE) દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું. ત્યાર પછી વર્ષ 2017 માં અપડેટ કરવામાં આવ્યું હતું.
- તે કોમર્શિયલ બિલ્ડિંગ સેક્ટરમાં ઉર્જા કાર્યક્ષમતા વધારવા તરફના પ્રથમ પગલા તરીકે કાર્ય કરે છે.
- આ કોડ કોમર્શિયલ બિલ્ડિંગો જેવી કે હોસ્પિટલો, શાળાઓ, હોટેલો, શોપિંગ કોમ્પ્લેક્ષ અને મલ્ટિપ્લેક્ષને લાગૂ પડે છે કે જે 100 KW અથવા તેથી વધુનો કનેક્ટેડ લોડ ધરાવે છે અથવા 120 KVA અથવા વધુની કોન્ટ્રાક્ટ માંગ ધરાવે છે.
- હાલમાં 23 રાજયોએ ECBC અનુપાલન લાગુ કરવા માટે નિયમોને સૂચિત કર્યા છે જયારે મહારાષ્ટ્ર અને ગુજરાત જેવા મોટા રાજયો હજુ પણ નિયમોનો મુસદ્દો તૈયાર કરવાની પ્રક્રિયામાં છે.
- ECBC રાષ્ટ્રીય ધોરણ તરીકે કાર્ય કરે છે, ત્યારે સમગ્ર ભારતમાં રાજયો અનન્ય પ્રાદેશિક જરૂરિયાતોને આધારે કોડમાં ફેરફાર કરવાની સુગમતા ધરાવે છે.
- તે વાણિજ્યિક ઈમારતો માટે લઘુત્તમ ઉર્જા ધોરણો નક્કિ કરે છે. જેનો ઉદ્દેશ્ય સુસંગત ઈમારતોમાં 25 થી 50% ની વચ્ચે ઉર્જા બચતને સક્ષમ કરવાનો છે.
- ECBC નું અમલીકરણ મહત્વનું છે કારણ કે ભારતમાં ઈમારતો કુલ વીજ વપરાશમાં 30% હિસ્સો ધરાવે છે, જે આંકડો વર્ષ 2042 સુધીમાં 50% ને સ્પર્શે તેવી અપેક્ષા છે.
- ભારતમાં ECBC બિલ્ડિંગ ડિઝાઈનના છ મુખ્ય ઘટકો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં દિવાલો, છત, બારીઓ, લાઈટિંગ સિસ્ટમ, HVAC (હિટીંગ, વેન્ટિલેશન અને એર કન્ડીશનીંગ) સિસ્ટમ અને ઈલેક્ટ્રિકલ પાવર સિસ્ટમનો સમાવેશ થાય છે.

## નાગાલેન્ડમાં પરંપરાગત બીજ સંરક્ષણ પ્રથાઓ



- બીજની જાળવણી એ નાગાલેન્ડના એઓ (Ao) અને સુમી નાગા સમુદાયો માટે પરંપરાગત જ્ઞાન છે, જે મૌખિક રીતે એક પેઢીની બીજી પેઢીમાં પસાર થાય છે. બીજની જાળવણીનો સિદ્ધાંત પાકની પસંદગીથી લઈને ખેતીના દરેક પાસાઓમાં હાજર છે.
- એઓ અને સુમી નાગા સમુદાય ઝૂમ ખેતી અથવા શિફ્ટિંગ ખેતીનો અભ્યાસ કરે છે.
- બીજની જાળવણીનું પરંપરાગત જ્ઞાન નાગાલેન્ડના મૂળ સમુદાયોને સતત ભરણપોષણની ખાતરી કરવામાં મદદ કરે છે.
- બીજની જાળવણી એ ભવિષ્યના ઉપયોગ માટે છોડમાંથી બીજ સંગ્રહિત કરવાના ઈરાદાપૂર્વકના કાર્યનો સંદર્ભ આપે છે. તેમાં ચોક્કસ પરિસ્થિતિઓમાં બીજ એકત્રિત કરવા, સંગ્રહિત કરવા અને જાળવી રાખવાનો સમાવેશ થાય છે. જેથી વાવેતર કરવામાં આવે ત્યારે તેમની કાર્યક્ષમતા અને અંકુરિત થવાની ક્ષમતા સુનિશ્ચિત થાય.
- એઓ (Ao) નાગા સમુદાય મુખ્યત્વે નાગાલેન્ડના મેકોકચુંગ જિલ્લામાં રહે છે. તેની સૌથી મૂળભૂત સંપતિ જમીન છે. આથી ઝૂમ ખેતી એ તેમના પ્રાથમિક વ્યવસાયોમાંનો એક છે.
- સુમી નાગા સમુદાય નાગાલેન્ડમાં એક સ્વદેશી સમુદાય છે જે તેમની અનન્ય સાંસ્કૃતિક પ્રથાઓ અને મજબૂત કૃષિ વારસા માટે જાણીતા છે. તુલુની, આહુના અને ત્સુખેન્યે તેમના મહત્વના તહેવારો છે.

## બેલર મશીનોની માંગ



- સુપ્રીમ કોર્ટ દ્વારા ખેતરમાં લાગેલી આગની સમસ્યાના મુદ્દાને સંબોધતા, બેલર મશીન કે જે એક્સ સીટુ (ઓફ–સાઈટ) સ્ટબલ મેનેજમેન્ટની સુવિધા આપે છે તેની પંજાબ અને નજીકના પ્રદેશોમાં માંગ છે.
- બેલર મશીનો લગભગ એક દાયકાથી કાર્યરત છે અને હાલમાં તેમાથી 2000 પંજાબમાં કાર્યરત છે જેમાંથી 1268 કેન્દ્રની ક્રોપ રેસિડયુ મેનેજમેન્ટ (CRM) યોજના હેઠળ 50% થી 80% સુધીની નોંધપાત્ર સબસિડીનો લાભ મેળવે છે.
- 'ક્રોપ રેસિડયુ મેનેજમેન્ટ સ્કિમ' કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય હેઠળ ખેડૂતો અને સંબંધિત સંસ્થાઓને સહાય કરીને પરાળ બાળવાના મુદ્દાને ઉકેલવા માટે શરૂ કરવામાં આવી છે.

- ખેડૂતોને પાકના અવશેષ વ્યવસ્થાપન મશીનરીની ખરીદી માટે 50% ના દરે નાણાકિય સહાય મળે છે.
- બેલર મશીન સ્ટબલ કમ્પ્રેશનમાં મુખ્ય ભૂમિકા ભજવે છે જે પાકના અવશેષોને ગાઢ, વ્યવસ્થાપિત પેકેજોમાં સંકુચિત કરવા માટે હાઈડ્રોલિક પ્રેસ તરીકે કાર્ય કરે છે.
- આ સંકુચિત સ્ટબલ સૂતળી, વાયર અથવા સ્ટ્રેપિંગનો ઉપયોગ કરીને સુરક્ષિત રીતે બંધાયેલા છે.

## IIM ડિરેક્ટરની નિમણૂક માટે નવી માર્ગદર્શિકા




- કેન્દ્ર સરકારે તાજેતરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM) માં ડિરેક્ટરોની પસંદગી માટે નવી માર્ગદર્શિકા બહાર પાડી છે.
- આ દિશાનિર્દેશો IIM ડિરેક્ટરની નિમણૂકો માટે જરૂરી લાયકાતોમાં નોંધપાત્ર ફેરફારો લાવે છે અને IIM સંસ્થાઓના Visitor (મુલાકાતી) તરીકે રાષ્ટ્રપતિને વધારેલ સત્તાઓ આપે છે.
- નવી માર્ગદર્શિકા હેઠળ, IIM ડિરેક્ટર બનવા ઈચ્છતા ઉમેદવારોએ સખત શૈક્ષણિક લાયકાત પૂરી કરવી આવશ્યક છે. એક 'distinguished' શૈક્ષણિક રેકોર્ડ હવે ફરજિયાત છે.
- જેમાં પ્રતિષ્ઠિત સંસ્થામાંથી પીએચડી અથવા તેની સમકક્ષ હોવા ઉપરાંત બેચલર અને માસ્ટર્સ બંને સ્તરોમાં પ્રથમ – વર્ગની ડિગ્રી ધરાવવી શામેલ છે. જે અગાઉ ફક્ત પીએચડી અથવા સમકક્ષ સાથે વિશિષ્ટ શૈક્ષણિક રેકોર્ડની જરૂર હતી.
  - ❖ **મુલાકાતી તરીકે રાષ્ટ્રપતિની સત્તા**
    - બોર્ડ ઓફ ગર્વનન્સના અધ્યક્ષની નિમણૂક કરવી.
    - ડિરેક્ટરોની નિમણૂક કરવી અને દૂર કરવા.
    - બોર્ડના કોઈ પણ સભ્ય દ્વારા ફરજોની અવગણના અથવા મુલાકાતીઓની સૂચનાઓના અનાદરના કિસ્સામાં બોર્ડનું વિસર્જન કરવું
  - **અંતિમ નિર્ણય લેવાની શક્તિ**
    - નવા નિયમો મુલાકાતીઓને IIM ડિરેકટરોની નિમણૂકમાં અંતિમ નિર્ણય લેવાની શક્તિ આપે છે. બોર્ડ નામોની ભલામણ કરી શકે છે, મુલાકાતી પાસે નિમણૂક માટે ભલામણ કરેલ ઉમેદવારોમાંથી એકને નામાંકિત કરવાનો અધિકાર છે.
    - જો મુલાકાતી બોર્ડની ભલામણોથી અસંતુષ્ટ હોય, તો તેઓ નવી ભલામણો અથવા નામોની નવી પેનલની વિનંતી કરી શકે છે.
    - અગાઉ ડિરેકટરની નિમણૂક સંપૂર્ણપણે બોર્ડના કાર્યક્ષેત્રમાં હતી. જો કે નવી માર્ગદર્શિકા પસંદગી પ્રક્રિયામાં બોર્ડની ભૂમિકાને નોંધપાત્ર રીતે ઘટાડે છે.

## ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ, 2023




- ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ (IISF) 2023 ની 9 મી આવૃત્તિ 17 જાન્યુઆરીથી 20 જાન્યુઆરી, 2024 દરમિયાન ફરિદાબાદ, હરિયાણા ખાતે યોજાવાની છે.
- ટ્રાન્સલેશનલ હેલ્થ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટના કેમ્પસમાં આ મુખ્ય વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવશે.
- IISF ની 9 મી આવૃત્તિની થીમ 'Science and Technology Public Outrich in Amrit Kaal' છે.
- IISF 2023 નો ઉદ્દેશ્ય વિશાળ શ્રેણીના લોકોને પ્રેરણા આપવા અને વિદ્યાર્થીઓ, શિક્ષકો, વૈજ્ઞાનિકો, સંશોધકો, વ્યાવસાયિકો, ઉદ્યોગસાહસિકો અને વિજ્ઞાન કોમ્યુનિકેટર્સ જેવી વિવિધ રૂચિઓ ધરાવતી વ્યક્તિઓ માટે પ્લેટફોમ્ પૂરું પાડવાનો છે.
- IISF 2023 માં વૈજ્ઞાનિક સિદ્ધિઓ દર્શાવવા માટે કુલ 17 થીમ છે જે સહભાગીઓ અને સામાન્ય લોકોને વિવિધ લાભો પ્રદાન કરે છે.
- IISF એ વિજ્ઞાન ભારતીના સહયોગથી વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય અને પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના સહયોગી પ્રયાસો દ્વારા કરવામાં આવે છે.
- વર્ષ 2015 થી IISF એ ભારતના વિવિધ ભૌગોલિક પ્રદેશોમાં આઠ આવૃત્તિઓનું આયોજન કર્યુ છે. વર્ષ 2021 માં અવકાશ વિભાગ અને અણુ ઉર્જા વિભાગ પર IISF ના સભ્યો બન્યા.

## ઉત્તરકાશી ટનલ અકસ્માત

- ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં યમુનોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર નિર્માણાધીન સિલ્ક્યારા – બરકોટ ટનલ તૂટી પડી હતી, જેમાં નોંધપાત્ર સંખ્યામાં કામદારો અંદર ફસાઈ ગયા હતા.
- સિલ્ક્યારા – બરકોટ ટનલ કેન્દ્ર સરકારના મહત્વકાંક્ષી 'ચાર ધામ ઓલ વેધર રોડ પ્રોજેક્ટ' નો એક ભાગ છે.
- ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયની સંપૂર્ણ માલિકીની કંપની નેશનલ હાઈવેઝ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ટનલનું બાંધકામ નવયુગ એન્જિનિયરિંગ કંપનીને આપવામાં આવ્યું હતું.




❖ **ટનલ તૂટી પડવાના સંભવિત કારણો**

- ટનલ તૂટી પડવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયુ નથી, પરંતુ સંભવિત પરિબળ આ હોઈ શકે છે.
- ટનલના મુખથી લગભગ 200-300 મીટરના અંતરે આવેલા ભાંગી પડેલા વિભાગમાં ખંડિત અથવા નબળા ખડકના છુપાયેલા છૂટા પેચ હોઈ શકે છે, જે બાંધકામ દરમિયાન શોધી શકાતા નથી.
- પાણી સમય જતા ખડકના છૂટક કણોને ક્ષીણ કરે છે, જેનાથી ટનલની ટોચ પર એક ખાલીપો સર્જાય છે.

❖ **ટનલ ખોદકામ તકનીકો**

**(1) ડ્રિલ એન્ડ બ્લાસ્ટ મેથડ (DBM)**

- ખડકોમાં ડ્રિલિંગ હોલ્સ અને તેને ટુકડામાં તોડવા માટે વિસ્ફોટકો વડે વિસ્ફોટ કરવાનો સમાવેશ આ પધ્ધતિમાં થાય છે.
- પડકારરૂપ ભૂપ્રદેશને કારણે હિમાલય (જમ્મુ – કાશ્મીર અને ઉત્તરાખંડ) પ્રદેશોમાં વારંવાર DBM નો ઉપયોગ થાય છે.

**(2) ટનલ – બોરિંગ મશીન્સ (TBMs)**

- તે પ્રીકાસ્ટ કોંક્રીટ સેગમેન્ટ્સ સાથે ટનલને ટેકો આપતી વખતે ખડકમાંથી બોર કરે છે. તે વધુ ખર્ચાળ પરંતુ સલામત પધ્ધતિ છે.
- જ્યારે ખડકનું આવરણ 400 મીટર જેટલું ઊંચુ હોય ત્યારે TBM આદર્શ હોય છે.

**(3) ટનલ બાંધકામમાં ધ્યાનમાં રાખવાની બાબતો**

- ઈન્ટરનેશનલ ટનલીંગ એન્ડ અન્ડરગ્રાઉન્ડ સ્પેસ એસોસિએશન દ્વારા તૈયાર કરવામાં આવેલ ટનલ બાંધકામમાં સલામતી પ્રથાઓ અંગેની માર્ગદર્શિકા મુજબ 'આકસ્મિક આયોજનમાં કટોકટીની પરિસ્થિતિમાં બચવાના માધ્યમ પર' વિશેષ ધ્યાન આપવું જોઈએ.
- ટનલ બાંધકામની સમયાંતરે દેખરેખ મહત્વપૂર્ણ છે.
- ટનલ પ્રોજેક્ટ શરૂ કરતા પહેલા ખડકનો અભ્યાસ કરવા માટે સમય અને સંસાધનો ખર્ચવા જોઈએ.

## IGBC દ્વારા ટકાઉ આવાસ માટે Nest પહેલ શરૂ કરવામાં આવી

Indian Green Building Council
Greening India since 2001

- સ્થાનિક હાઉસિંગ સેક્ટરમાં ટકાઉ અને ઈકો – ફ્રેન્ડલી બાંધકામ પ્રથાઓને પ્રોત્સાહન આપવા માટે, ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ (IGBC) દ્વારા Nest (નેસ્ટ) પહેલની શરૂઆત કરવામાં આવી છે.
- તે વ્યક્તિગત મકાનમાલિકો અને રહેણાક ક્ષેત્રો માટે વીજળીના વપરાશ અને પાણીના વપરાશને ઘટાડવામાં મદદ કરવા અને તંદુરસ્ત રહેવાની જગ્યા બનાવવા માટે મોટા પાયે ગ્રીન બિલ્ડિંગ સુવિધાઓ અપનાવવાનો માર્ગ મોકળો કરશે.
- વાર્ષિક IGBC ગ્રીન બિલ્ડિંગ કોંગ્રેસ 2023 નું આયોજન ચેન્નઈ ખાતે કરવામાં આવશે. જે બાંધકામ ઉદ્યોગના હિસ્સેદારો માટે નેટ – ઝિરો કાર્બન ઉત્સર્જનને હાંસલ કરવાના ઉદ્દેશ્ય સાથે ટકાઉ મકાન વાતાવરણ બનાવવા માટે સહયોગ કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે સેવા આપશે.

❖ **IGBC**

- તે કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) નો એક ભાગ છે અને તેની રચના વર્ષ 2001 માં થઈ હતી.
- તે નવા ગ્રીન બિલ્ડિંગ રેટિંગ પ્રોગ્રામ્સ, સર્ટિફિકેશન સેવાઓ અને ગ્રીન બિલ્ડિંગ ટ્રેનિંગ પ્રોગ્રામ્સ વિકસાવવા જેવી વિવિધ સેવાઓ પ્રદાન કરે છે.
- તે ગ્રીન બિલ્ડિંગ સર્ટિફિકેશન માટે ભારતની અગ્રણી સંસ્થા છે.
- મુખ્ય મથક હૈદરાબાદ ખાતે આવેલું છે.

## બીજી CII ઈન્ડિયા નોર્ડિક – બાલ્ટિક બિઝનેસ કોન્કલેવ




- ભારતીય ઉદ્યોગ સંઘ (CII) એ ભારત સરકારના વિદેશ મંત્રાલય સાથે મળીને નવી દિલ્હીમાં CII ઈન્ડિયા નોર્ડિક– બાલ્ટિક બિઝનેસ કોન્કલેવની બીજી આવૃત્તિનું આયોજન કર્યુ હતું.
- આ કોન્કલેવનો ઉદ્દેશ્ય ભારત અને નોર્ડિક – બાલ્ટિક (NB8) દેશો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવાનો હતો.
- NB8 ગ્રુપમાં ડેનમાર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે અને સ્વીડન જેવા પાંચ નોર્ડિક દેશો અને એસ્ટોનિયા, લાતવિયા અને લિથુઆનિયા ત્રણ બાલ્ટિક દેશોનો સમાવેશ થાય છે.
- ભારતના વિદેશમંત્રીએ નોર્ડિક –બાલ્ટિક દેશો પાસેથી બંદરો, રિન્યુએબલ એનર્જી, ફૂડ પ્રોસેસિંગ અને ફિશરીઝના વિકાસમાં રોકાણની માંગ કરી હતી.

- NB8 દેશો સાથે માલસામાનમાં ભારતનો સંયુક્ત વેપાર વર્ષ 2022-23 માં લગભગ USD 7.3 બિલિયન હતો અને વર્ષ 2000 થી નોર્ડિક દેશોમાંથી મળેલો સંચિત FDI USD 4.69 બિલિયન હતો.
- એપ્રિલ 2018 માં પ્રથમ ઈન્ડિયા નોર્ડિક સમિટના સંયુક્ત નિવેદનમાં ભારત અને નોર્ડિક દેશો વચ્ચેના સહયોગના ચાર ક્ષેત્રો નીચે મુજબના છે, આર્થિક વૃધ્ધિ, ઈનોવેશન, આબોહવા પરિવર્તન, વૈશ્વિક સુરક્ષા.
- ફિનલેન્ડ દ્વારા ચલાવવાં આવતા પાંચ વૈશ્વિક ઈનોવેશન કેન્દ્રોમાંથી એક ભારતમાં આવેલું છે જે FinNode તરીકે ઓળખાય છે.

## GPS Tracker Anklet



- તાજેતરમાં જમ્મુ અને કાશ્મીરમાં ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ આરોપી ગુલામ મોહમ્મદ ભટ્ટને GPS ટ્રેકર એન્કલેટ પહેરવાની શરત સાથે જામીન પર મુક્ત કરવામાં આવ્યો છે.
- દેશમાં પહેલીવાર GPS ટ્રેકરનો આવો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- GPS એંકલેટ અને નાના, પહેરી શકાય તેવા ઉપકરણો છે જે વ્યકિતઓના પગની ઘૂંટીઓ સાથે જોડાયેલા હોય છે. જે રીઅલ – ટાઈમ સ્થાનની માહિતી પ્રદાન કરે છે.
- GPS એંકલેટ ટ્રેમ્પર પ્રુફ છે. અને તેમને દૂર કરવા અથવા નુકશાન પંહોચાડવાનો કોઈ પણ પ્રયાસ એલાર્મ ટ્રિગર કરે છે. આથી તેને પહેરનાર અથવા કોઈપણ અનધિકૃત વ્યકિત તેને નુકશાન પંહોચાડયા વિના તેને દૂર કરી શકશે નહી.
- ટ્રેકર વ્યકિતના પગની ઘૂંટી અથવા હાથ પર મૂકી શકાય છે. આમ, GPS એંકલેટ અને GPS બ્રેસલેટ છે.

## ઉત્તરપ્રદેશમાં હલાલ માર્કેટિંગ પ્રોડક્ટના વેચાણ પર પ્રતિબંધ




- ઉત્તરપ્રદેશમાં કોઈ પણ ઉત્પાદન પર હલાલ પ્રમાણપત્ર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ પ્રતિબંધ ખાદ્ય ઉત્પાદનો તેમજ દવાઓ પર લાગુ થશે.
- ખાદ્ય ઉત્પાદનો તેમજ ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોના ઉત્પાદન સંગ્રહ વિતરણ અને વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. જો કે વિદેશમાં મોકલવામાં આવતા ઉત્પાદનો પર છૂટ આપવામાં આવશે.
- ઉત્તરપ્રદેશ સરકારના પ્રતિબંધમાં ડેરી, ખાંડ, બેકરી આઈટમ્સ, પેપરમિન્ટ ઓઈલ, નમકિન અને ખાદ્ય તેલ સહિતના ઉત્પાદનોની વિશાળ શ્રેણીનો સમાવેશ થાય છે.

❖ **હલાલ પ્રમાણપત્ર શું છે?**

- 'હલાલ' એક અરબી શબ્દ છે જેનો અર્થ થાય છે 'પરવાનગી' તે ઈસ્લામિક કાયદા હેઠળ જે માન્ય છે તેનો ઉલ્લેખ કરે છે.
- ખોરાકના સંદર્ભમાં તે સૂચવે છે કે ઉત્પાદન ચોક્કસ ઈસ્લામિક આહાર માર્ગદર્શિકાને પૂર્ણ કરે છે.
- શરૂઆતમાં હલાલ પ્રમાણપત્ર મુખ્યત્વે માંસ ઉત્પાદનો સાથે સંકળાયેલું હતું. સમય જતા આ પ્રમાણપત્ર આલ્કોહોલ અથવા ડુક્કરની ચરબી જેવા 'હરામ' (પ્રતિબંધિત) તત્વોની ગેરહાજરી દર્શાવવા માટે ડેરી, બેકરીના વસ્તુઓ અને સૌંદર્ય પ્રસાધનો જેવા માંસ સિવાયના ઉત્પાદનો સુધી વિસ્તર્યુ.
- વૈશ્વિક સ્તરે મુસ્લિમ વસ્તી ધરાવતા દેશોમાં હલાલ પ્રમાણપત્ર એ એક નોંધપાત્ર બજાર પરિબળ છે.
- ભારતામાં હલાલ પ્રમાણપત્ર માટે સત્તાવાર નિયમનકારનો અભાવ છે. તેના બદલે વિવિધ પ્રમાણપત્ર એજન્સીઓ જેમ કે, દલાલ ઈન્ડિયા, સખત પરિક્ષણ અને ઓડિટના આધારે પ્રમાણપત્ર જારી કરે છે.

## ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા 2023 નું આયોજન




- કેન્દ્રિય મત્સ્યોદ્યોગ મંત્રી પરષોત્તમ રૂપાલા દ્વારા 'ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા 2023' નું અમદાવાદમાં ગુજરાત સાયન્સ સીટી ખાતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
- 21 નવેમ્બર (વિશ્વ મત્સ્ય ઉદ્યોગ દિવસ) અને 22 નવેમ્બરના રોજ બે દિવસ આ પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.
- મત્સ્યપાલન ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ અને ઉદ્યોગસાહસિક ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે ટેક્નોલોજી ઈનોવેશન અને તેને અપનાવવાની ચાવી તરીકે આ પરિષદ નોંધપાત્ર છે.

Banking Academy

- 'સેલિબ્રેટિંગ ફિશરીઝ એન્ડ એક્વાકલ્ચર વેલ્થ' થીમ હેઠળ, આ કોન્ફરન્સનો હેતુ અર્થપૂર્ણ ચર્ચાઓ, બજારની આંતરદૃષ્ટિ અને નેટવર્કિંગ માટે મુખ્ય હિતધારકોને સાથે લાવવાનો છે.
- તે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હિસ્સેદારો સાથે ભાગીદારી બનાવવા અને ભારતના મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં ટકાઉ વિકાસ માટે રોડમેપની રૂપરેખા બનાવવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે.
- એશિયન ડેવલપમેન્ટ બેંક અને યુનાઈટેડ નેશન્સનું ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન સહિત આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને 10 થી વધુ દેશોના પ્રતિનિધિ મંડળો આ કોન્ફરન્સમાં હાજરી આપશે.
- 'ઈન્ડસ્ટ્રીય કનેક્ટ' સત્ર સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ, ફિશરીઝ સેક્ટરમાં સહયોગ, ટેક્નોલોજી ટ્રાન્સફર અને ક્ષમતા નિર્માણ જેવા મહત્વના મુદ્દાઓ પર વિચાર – વિમર્શ કરવા માટે ઉદ્યોગના હિતધારકો, નીતિ નિર્માતાઓ અને અન્યોને જોડશે.

## આંતરરાષ્ટ્રીય પર્યટન માર્ટ 11 મી આવૃત્તિનું આયોજન




- ભારતના પર્યટન મંત્રાલય દ્વારા ઉત્તર–પૂર્વીય ક્ષેત્રમાં પર્યટનની સંભાવના વિશે જાગૃતિ લાવવા માટે 21 થી 23 નવેમ્બર દરમિયાન મેઘાલયના શિલોંગ ખાતે 'આંતરરાષ્ટ્રીય પર્યટન માટેનું' આયોજન કરવામાં આવ્યું.
- આંતરરાષ્ટ્રીય પર્યટન માર્ટની 11 મી આવૃત્તિ છે.
- ભારત સરકારના પર્યટન મંત્રાલયના કેન્દ્રીય રાજય મંત્રી શ્રીપદ યેસો નાયક દ્વારા મેઘાલયના મુખ્યમંત્રી કોનરોડ સંગમાની હાજરીમાં ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું.
- આ ટુરિઝમ માર્ટ ઉત્તર પૂર્વના હિતધારકોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારોના હિતધારકો સાથે વાર્તાલાપ કરવા માટે એક પ્લેટફોર્મ પુરૂં પાડશે.
- 11 મી આવૃત્તિને પર્યાવરણ , વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના મિશન લાઈફ સાથે સંરેખિત ઓછા કાર્બન વિકલ્પો અપનાવીને અદ્વિતીય કાર્યક્રમ તરીકે પ્રસ્થાપિત કરવામાં આવશે.
- પ્રવાસન મંત્રાલયે પૂર્વોત્તરમાં 22 વ્યૂપોઈન્ટના વિકાસ માટે 44.44 કરોડ રૂપિયા ફાળવ્યા છે. જેનો ઉદ્દેશ્ય પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે કોમર્શિયલ જગ્યાઓ, લોજિસ્ટિક પાર્ક અને પેસેન્જર સુવિધાઓ સહિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવાનો છે.
- ટકાઉ પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે પ્રવાસન મંત્રાલય દ્વારા 'Travel for LiFE' કાર્યક્રમ ચાલુ કરવામાં આવ્યો છે.

## USI વાર્ષિક યુએન ફોરમ 2023 નું આયોજન




- યુનાઈટેડ સર્વિસ ઈન્સ્ટિટ્યુશન ઓફ ઈન્ડિયા (USI) નવી દિલ્હીમાં વાર્ષિક યુએન ફોરમ 2023 નું આયોજન કરી રહયું છે.
- વર્ષ 2023 નું ફોરમ 'આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદો અને પીસકિપિંગ' ની જટિલ થીમ પર કેન્દ્રીત છે.
- ઈન્ટરનેશનલ કમિટી ફોર રેડ ક્રોસ અને સેન્ટર ફોર યુએન પીસકીપિંગ ઓપરેશન્સના સહયોગથી, આ ફોરમ સમકાલીન યુએન પીસકીપિંગ મિશનમાં ઈન્ટરનેશનલ હ્યુમેનિટેરિયન લૉ (IHL) ના સિધ્ધાંતોને લાગૂ કરવાના પડકારોને સંબોધે છે.
- USI એ ભારતની સૌથી જૂની થિંક ટેંક છે. જેની સ્થાપના વર્ષ 1870 માં કરવામાં આવી હતી.
- USI રાષ્ટ્રીય સુરક્ષા અને લશ્કરી બાબતો પર સંશોધન અને ચર્ચા માટેના પ્લેટફોર્મ તરીકે કામ કરે છે

## ભારત – ઓસ્ટ્રેલિયા 2+2 મંત્રી સ્તરીય વાટાઘાટો યોજાઈ



- ભારત અને ઓસ્ટ્રેલિયાએ બીજી ભારત – ઓસ્ટ્રેલિયા 2+2 મંત્રી સ્તરીય સંવાદ નવી દિલ્હી ખાતે યોજયો હતો.
- આ સંવાદમાં સંરક્ષણ સહયોગ વધારવા અને વેપાર, રોકાણ અને મહત્વપૂર્ણ ખનિજો જેવા મુખ્ય ક્ષેત્રોમાં વ્યૂહાત્મક સંબંધોને વિસ્તારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.
- રક્ષામંત્રી રાજનાથસિંહ અને વિદેશ મંત્રી એસ. જયશંકરે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું, જયારે ઓસ્ટ્રેલિયાના નાયબ વડાપ્રધાન અને સંરક્ષણ પ્રધાન રિચાર્ડ માર્લ્સ અને વિદેશ પ્રધાન પેની વોંગે ઓસ્ટ્રેલિયાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- બંને દેશોએ માહિતીના આદાન – પ્રદાન અને ઈન્ડો – પેસિફિક મેરીટાઈમ ડોમેન અવેરનેસમાં વધુ સહકાર પર ભાર મૂક્યો હતો, જે તેમના વ્યૂહાત્મક સંબંધોને મજબૂત કરવા માટે આ પાસાઓના મહત્વને રેખાંકિત કરે છે.

Banking Academy

- આ સંવાદમાં સંરક્ષણ અને સુરક્ષા, વેપાર અને રોકાણ, નિર્ણાયક ખનિજો, ઉર્જા, આબોહવા પરિવર્તન, વિજ્ઞાન અને ટેક્નોલોજી, અવકાશ, શિક્ષણ અને બંને દેશો વચ્ચેના લોકો વચ્ચે સંબંધોને ગાઢ બનાવવાનો સમાવેશ થાય છે.

## દુર્લભ ટેન્ટેલમ (Tantalum) ધાતુની શોધ




- IIT રોપરના સંશોધકોની ટીમ દ્વારા પંજાબમાં સતલજ નદીની રેતીમાં નોંધપાત્ર ગુણધર્મો ધરાવતી એક દુર્લભ ધાતુ ટેન્ટેલમની શોધ કરવામાં આવી છે.

❖ **ટેન્ટેલમ વિશે**

- તેની સંજ્ઞા 'Ta' છે અને અણુ ક્રમાંક 73 છે.
- તે ગ્રે, ભારે અને અત્યંત કાટ – પ્રતિરોધક છે. તે જયારે હવાના સંપર્કમાં આવે ત્યારે ઓક્સાઈડ સ્તર બનાવે છે.
- શુદ્ધ ટેન્ટેલમ નમ્ર હોય છે, જે તેને તૂટયા વિના પાતળા વાયરમાં ખેંચી શકાય છે.
- સૌપ્રથમ વર્ષ 1802 માં સ્વીડિશ રસાયણશાસ્ત્રી એન્ડર્સ ગુસ્તાફ એકેનબર્ગ દ્વારા તેની શોધ કરવામાં આવી હતી.
- ટેન્ટેલમ અત્યંત ઉચ્ચ ગલનબિંદુ ધરાવે છે.

❖ **ઉપયોગો**

- ટેન્ટેલમમાંથી બનેલા કેપેસિટર્સ નાના કદમાં વધુ વિજળીનો સંગ્રહ કરવા માટે મહત્વપૂર્ણ છે જે પોર્ટેબલ ઈલેક્ટ્રોનિક ઉપકરણો માટે આદર્શ છે.
- ખાણ મંત્રાલયના નિષ્ણાંતોની સમિતિએ ભારત માટે 30 મહત્વપૂર્ણ ખનિજોના સંગ્રહને માન્યતા આપી છે તેમાં ટેન્ટેલમ પણ સામેલ છે.
- તેનો ઉપયોગ રાસાયણિક પ્લાન્ટ્સ, પરમાણુ પાવર પ્લાન્ટ્સ, એરોપ્લેન અને મિસાઈલો માટેના ઘટકો બનાવવા માટે પણ થાય છે.
- તેની ગલનબિંદુ ઊંચું હોવાથી પ્લેટિનમના વિકલ્પ તરીકે પણ વપરાય છે.
- એલોય અને સુપર એલોયના ઉત્પાદનમાં, ઉચ્ચ રીફ્રેક્ટિવ ઈન્ડેક્સ ગ્લાસ, વેક્યૂમ ફર્નેસ પાર્ટ્સ અને ઓર્થોપેડિક સામગ્રી બનાવવામાં વપરાય છે.

## ગરમ તાપમાનના કારણે આસામમાં જંતુઓનો પ્રચંડ હુમલો




- લાંબા સમય સુધી સતત ગરમ તાપમાનના કારણે આસામમાં ગંભીર જીવાત (Mythimna Separata) નો ઉપદ્રવ ખૂબ જ વધ્યો છે.
- જેણે ઓછામાં ઓછા 15 જિલ્લાઓમાં લગભગ 28,000 હેક્ટર ડાંગરના પાકને ભારે નુકસાન પહોંચાડયું છે.
- આ જંતુઓ ઈઅર – હેડ કટિંગ કેટરપિલર, રાઈઝ ઈઅર કટિંગ કેટરપિલર અથવા આર્મીવોર્મ તરીકે ઓળખાય છે.
- તે પાંદડા ખાય છે અને પાકના છોડના પાયામાંથી પેનિકલ્સ કાપી નાખે છે.
- ઉંચા તાપમાન અને ભેજવાળા વાતાવરણ દરમિયાન જીવાતોની વસ્તી ઝડપથી વધુ છે અને તેઓ મોટા પ્રમાણાં પાક પર હુમલો કરવા માટે લશ્કરની જેમ એક ખેતરથી બીજા ખેતરમાં હારમાળામાં જાય છે.

## AGNI : 'Ayurveda Gyan Naipunya Initiative'

- સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન આયુર્વેદ સાયન્સ (CCRAS), આયુષ મંત્રાલય હેઠળ આયુર્વેદમાં સંશોધન અને મુખ્ય પ્રવાહની વ્યવહારિક પ્રથાઓને પ્રોત્સાહન આપવા માટે 'Ayurveda Gyan Naipunya Initiative' (AGNI) શરૂ કરી છે.
- AGNI એ આયુર્વેદ પ્રેક્ટિશનરો માટે પુરાવા આધારિત પ્રેક્ટિસની સંસ્કૃતિને ઉત્તેજન આપતા, વિવિધ રોગોની નવીન પ્રથાઓ અને અનુભવોની જાણ કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવાનું લક્ષ્ય રાખે છે.
- આ પ્રહેલ ડેટાબેઝ બનાવવામાં સહયોગ માટે રસ ધરાવતા પ્રેક્ટિશનરોને ઓળખવાનો પણ પ્રયાસ કરે છે અને સંશોધન પદ્ધતિઓમાં તાલીમ આપે છે.
- આ પહેલ CCRAS ની આયુર્વેદમાં વૈજ્ઞાનિક રેખાઓ પર સંશોધન માટેની પ્રતિબદ્ધતા સાથે સંરેખિત છે, અને તે આયુર્વેદમાં વૈજ્ઞાનિક રેખાઓ પર સંશોધન માટેની પ્રતિબદ્ધતા સાથે સંરેખિત છે, અને તે આયુર્વેદમાં વૈજ્ઞાનિક સંશોધનને પ્રોત્સાહિત કરવાના હેતુથી SPARK, PG-STAR અને SMART જેવા શરૂ કરાયેલાં અન્ય કાર્યક્રમોને પૂરક બનાવે છે.

Banking Academy

## ઈન્ટર કમાન્ડ ઓશન સેઈલિંગ રેસ 2023



- નૌકાદળે તાજેતરમાં કોચીના નેવલ બેઝ ખાતે આયોજિત સમારોહમાં કોચીથી ગોવા સુધીની ઈન્ટર કમાન્ડ સેઈલિંગ રેસ 2023 ની બીજી આવૃત્તિને ફ્લેગ ઓફ કરી હતી.
- આ રેસમાં બુલબુલ, નીલકંઠ, કદલપુર અને હરિયાલ નામના ચાર 40 – Footer ઈન્ડિયન નેવલ સેઈલિંગ વેસલ્સ (INSVs) છે જે અરબી સમુદ્રમાં રોમાંચક પ્રવાસ કરશે.
- નૌકાદળની રેસનું આયોજન સધર્ન નેવલ કમાન્ડ દ્વારા નવી દિલ્હી સ્થિત નેવલ હેડક્વાર્ટર સ્થિત ઈન્ડિયન નેવલ સેઈલિંગ એસોસિયેશન (INSA) ના નેજા હેઠળ કરવામાં આવે છે.
- આ રેસ લગભગ પાંચ દિવસમાં નેવલ બેઝ, કોચી અને ગોવાના સ્ટાર્ટ પોઈન્ટ વચ્ચે આશરે 667 કિમીનું અંતર કાપશે.

## ઈનલેન્ડ વોટરવે ટ્રાન્સપોર્ટેશન માટે એમઝોન અને IWAI વચ્ચે MoU



- ગંગા નદી (રાષ્ટ્રીય જળમાર્ગ I) નો ઉપયોગ કરીને કાર્ગો હિલચાલ અને પરિવહનને પ્રોત્સાહન આપવા માટે ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI) અને Amazon વચ્ચે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- કરારનો ઉદ્દેશ્ય આંતરદેશીય જળમાર્ગો, ખાસ કરીને ગંગા, લોજિસ્ટિક કાર્યક્ષમતાને શ્રેષ્ઠ બનાવવા, પર્યાવરણીય અસર ઘટાડવા અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.
- આ ભાગીદારી મેરીટાઈમ અમૃત કાલ વિઝન 2047 માં યોગદાન આપતા પરિવહનના ટકાઉ અને ઝડપી માધ્યમ તરીકે આંતરદેશીય જળમાર્ગોને વધારવાના વડા પ્રધાનના વિઝનને અનુરૂપ છે.
- વિશ્વ બેંકના અહેવાલ મુજબ રેલ અને માર્ગ પરિવહન એ જળ પરિવહન કરતા અનુક્રમે 5% અને 91.6% વધુ બળતણ વાપરે છે.
- આ પહેલ અમૃત કાલ વિઝન 2047 માં દર્શાવ્યા પ્રમાણે વર્ષ 2023 સુધીમાં 200 MMT અને 2047 સુધીમાં 500 MMT થી વધુ આંતરદેશીય જળ પરિવહન વોલ્યુમ વધારવાના મોટા લક્ષ્યને સમર્થન આપે છે.
- IWAI સાથે એમેઝોનનો સહયોગ કંપનીને રેલ, હવા, પાણી અને સપાટી સહિતના પરિવહનના વિવિધ મોડનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે, જે ગ્રાહક પેકેજોની ઝડપી, ખર્ચ અસરકારક અને ટકાઉ ડિલિવરી સુનિશ્ચિત કરે છે.

## ભારતમાં મોસ્કિટોફિશના અનિચ્છનીય પરિણામો



- ગેમ્બુસિયા એફિનિસ અને ગેમ્બુસિયા હોલબ્રુકી જેવી મોસ્કિટોફિશને મચ્છર નિયંત્રણ માટે જળાશયોમાં દાખલ કરવાથી ભારતમાં અણધાર્યા ઈકોલોજિકલ પરિણામો આવ્યા છે.
- શરૂઆતમાં જંતુનાશકોના વિકલ્પ તરીકે તેનો પ્રચાર કરવામાં આવ્યો હતો પરંતુ આ માછલીઓ સ્થાનિક પ્રજાતિઓને વિસ્થાપિત કરીને વ્યાપકપણે ફેલાઈ છે.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા 1982 માં મચ્છર નિયંત્રણ એજન્ટ તરીકે ગેમ્બુસિયા માટેની ભલામણ પાછી ખેંચી લેવામાં આવી હતી.
- વર્ષ 2018 માં ભારત સરકારની રાષ્ટ્રીય જૈવવિવિધતા સત્તામંડળ દ્વારા તેને આક્રમક એલિયન પ્રજાતિ તરીકે જાહેર કરવામાં આવી હોવા છતા સરકારી અને બિન–સરકારી સંસ્થાઓ બંને દ્વારા તેનો ઉપયોગ ચાલુ જ છે.

## ભારત 2024 માં ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશનની અધ્યક્ષતા કરશે

- ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશનની લંડન ખાતે યોજાયેલી 63 મી કાઉન્સિલ મીટિંગમાં જાહેરાત કરવામાં આવી કે, ભારત વર્ષ 2024 માં ISO ની અધ્યક્ષતા કરશે.
- ભારત વિશ્વમાં ખાંડનો સૌથી મોટો ઉપભોક્તા અને બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.
- વૈશ્વિક ખાંડના વપરાશમાં નોંધપાત્ર 15% હિસ્સો અને વૈશ્વિક ખાંડ ઉત્પાદનમાં 20% યોગદાન સાથે ભારતની વ્યૂહરચના આંતરરાષ્ટ્રીય ખાંડ બજાર પર નોંધપાત્ર અસર કરે છે
- પશ્ચિમ ગોળાર્ધમાં ખાંડ બજાર પર બ્રાઝિલનો દબદબો છે તે રીતે પૂર્વ ગોળાર્ધમાં ભારત માર્કેટ લીડર તરીકે ઉભરી આવ્યું છે.

- યુએસએ અને બ્રાઝિલ પછી ભારત વિશ્વમાં ત્રીજા નંબરનો ઈથેનોલ ઉત્પાદન કરતો દેશ છે. ભારતનું વર્ષ 2025 સુધીમાં 20% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનું લક્ષ્ય હાંસલ કરવાનો ધ્યેય છે.

❖ **ઈન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઈઝેશન (ISO)**

- ISO એ 90 દેશોનું આંતર – સરકારી સંગઠન છે
- તેનુ મુખ્યાલય લંડન ખાતે આવેલું છે.
- તેની સ્થાપના વર્ષ 1968 ના આંતરરાષ્ટ્રીય સુગર એગ્રીમેન્ટ દ્વારા કરવામાં આવી હતી, જે કરારનું સંચાલન કરવા માટે જવાબદાર સંસ્થા છે.
- ISO વૈશ્વિક ખાંડ ઉત્પાદનના 87% અને વૈશ્વિક ખાંડ વપરાશના 64% નું પ્રતિનિધિત્વ કરે છે.

## 16 મી અર્બન મોબિલિટી ઈન્ડિયા (UMI) કોન્ફરન્સ અને એક્ઝિબિશન 2023

- 16 મી અર્બન મોબિલિટી ઈન્ડિયા (UMI) કોન્ફરન્સ અને એક્ઝિબિશન 2023 નું આયોજન નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યું હતું.
- આ ઈવેન્ટનું આયોજન હાઉસિંગ અને શહેરી બાબતોના મંત્રાલય અને ઈન્સ્ટિટયૂટ ઓફ અર્બન ટ્રાન્સપોર્ટ (ભારત) દ્વારા દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડના સહયોગથી કરવામાં આવ્યું હતું.




- પ્રવાસીઓ માટે સુવિધાજનક અને કાર્યક્ષમ ચૂકવણી પધ્ધતિ તરીકે નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC) ના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.
- આ કોન્ફરન્સમાં શહેરી પરિવહન માળખાની વધતી જતી માંગને પંહોચી વળવા માટે નવીન ભંડોળ પદ્ધતિઓ અને જાહેર– ખાનગી ભાગીદારીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.
- કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે ઈલેક્ટ્રિક વાહનોના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો તથા શહેરી વિસ્તારોને ઈલેક્ટ્રિક વાહન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરવા પ્રોત્સાહિત કર્યા.
- શહેરી પરિવહન પ્રોજેક્ટ્સમાં શ્રેષ્ઠતા અને શ્રેષ્ઠ પ્રેક્ટિસ માટે વિવિધ કેટેગરીમા એવોર્ડ આપવામાં આવ્યા હતા.
- આ કેટેગરીમાં જાહેર પરિવહન વ્યવસ્થા, સૌથી નવીન ફાઈનાન્સિંગ મિકેનિઝમ અને શ્રેષ્ઠ ગ્રીન ટ્રાન્સપોર્ટ પહેલનો સમાવેશ થાય છે.

## 'મેરી માટી મેરા દેશ' અભિયાનની અમૃત કળશ યાત્રાનો સમાપન કાર્યક્રમ

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 31 ઓક્ટોબરના રોજ દિલ્હીમાં કર્તવ્ય પથ પર 'મેરી માટી મેરા દેશ' અભિયાનની અમૃત કળશ યાત્રાના સ્માપન પ્રસંગે હાજરી આપી હતી.



- આ પ્રસંગે તેમણે 'અમૃત વાટિકા અમૃત મહોત્સવ સ્મારક' નો શિલાન્યાસ કર્યો હતો.
- આ કાર્યક્રમમાં વડાપ્રધાને શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ટોચના 3 રાજયો / કેન્દ્રશાસિત પ્રદેશો તેમજ મંત્રાલયો / વિભાગોને આઝાદી કા અમૃત મહોત્સવ પુરસ્કારો પણ એનાયત કર્યા હતા.
- ટોચના 3 રાજયો
  (1) જમ્મુ કાશ્મીર (2) ગુજરાત (3) હરિયાણા અને રાજસ્થાન
- ટોચના 3 મંત્રાલયો
  (1) વિદેશ મંત્રાલય
  (2) સંરક્ષણ મંત્રાલય (3) રેલવે મંત્રાલય અને શિક્ષણ મંત્રાલય

❖ **મેરી માટી મેરા દેશ અભિયાન**

- આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે દેશના વીર અને વીરાંગનાઓને શ્રધ્ધાંજલી અર્પણ કરવા માટે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.
- દેશોના વિવિધ ભાગોમાંથી એકત્રિત કરવામાં આવેલી માટીનો ઉપયોગ દિલ્હીમાં કર્તવ્ય પથના કિનારે અમૃત વાટિકા ગાર્ડનને વિકસાવવા માટે કરવામાં આવશે.
- પંચાયત અને ગામથી લઈને રાજય અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.
- સર્વોચ્ચ બલિદાન આપનારા બહાદુરોના નામ સાથે શિલાફલકમ (સ્મારક તકતી ) સ્થાપિત કરવામાં આવશે.

- આ કાર્યક્રમ અંતર્ગત 2.36 કરોડથી વધુ સ્વદેશી રોપાઓ વાવવામાં આવ્યા છે. તથા દેશભરમાં વસુધા વંદન થીમ હેઠળ 2.63 લાખ અમૃત વાટિકાઓ બનાવવામાં આવી છે.
- આ અભિયાનમાં અમૃત કળશ યાત્રાનો પણ સમાવેશ થતો હતો, જેમાં ગ્રામીણ વિસ્તારોમાંથી માટી અને ચોખાના અનાજને એકઠું કરીને રાષ્ટ્રીય રાજધાનીમાં મોકલવામાં આવી છે.
- સ્વાતંત્ર્યય સેનાનીઓ અને દિવગંત સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારજનોના સન્માન માટે 'વીરો કો વંદન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## પોર્ટુગીઝ સિક્કા



- તાજેતરમાં ઉત્તર ગોવાના નાનોડા બામ્બર ગામમાં એક ખેડૂતને એક વાસણ મળ્યું હતું. તેમાં જૂના જમાનાના 832 તાંબાના સિક્કા હતા.
- એવું માનવામાં આવે છે કે ગોવામાં 16 મી કે 17 મી સદીની આસપાસ જયારે પોર્ટુગીઝ શાસન હતું ત્યારે તે બનાવવામાં આવ્યા હશે.
- પોર્ટુગીઝોએ ગોવાથી સોનાના અને ચાંદીના સિક્કા તેમજ કોચીન, દીવ અને દમણ જેવી અન્ય ટંકશાળમાંથી તાંબા, ટીન અને સીસાના સિક્કા બહાર પાડયા હતા.
- સોનાના સિક્કાને, 'ક્રઝાડો' અથવા 'મેનોએલ' કહેવામાં આવતું હતું અને સમાન કદ, મૂલ્યો અને વજનમાં જારી કરવામાં આવતા હતા. તેમની એક બાજુ ક્રોસ હતો અને બીજી બાજુ શાહી હથિયારો પ્રદર્શિત હતા.
- ચાંદીના સિક્કાઓને 'મીઆ – એસ્પેરા' અને 'એસ્પેરા' કહેવામાં આવતા હતા.
- તાંબાના સિક્કામાં કિલ્લો, સિંહ, તાજ, ક્રોસ અને રાજાના નામ જેવા વિવિધ ચિન્હો હતા.
- ટીન અને સીસાના સિક્કા મુખ્યત્વે દીવ અને મલક્કામાંથી બહાર પાડવામાં આવતા હતા, તેને 'દિનહિરો' કહેવામાં આવતા હતા.

## ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રૂઝ લાઈનરને લીલી ઝંડી



- તાજેતરમાં કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે મુંબઈથી ભારતના પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રૂઝ લાઈનર જહાજ કોસ્ટા સેરેના (COSTA SERENA) ની પ્રથમ સફરને લીલી ઝંડી આપી હતી.
- આ પહેલ 'દેખો અપના દેશ' અભિયાનને અનુરૂપ છે, જે પ્રવાસનને પ્રોત્સાહન આપવાના સરકારના ખ્યાલ પર ભાર મૂકે છે.
- ક્રૂઝ અને દિવાદાંડી પર્યટનનો વિકાસએ સાગરમાલા પ્રોજેક્ટનો એક ભાગ છે, જેનો ઉદ્દેશ્ય 2030 સુધીમાં એશિયા – પેસિફિક ક્ષેત્રમાં ભારતને મુખ્ય ક્રૂઝ હબ તરીકે સ્થાપિત કરવાનો છે.
- તે ભારતમાં ક્રૂઝ મુસાફરોની વાર્ષિક સંખ્યા વર્તમાન 4.72 લાખથી વધારીને વર્ષ 2030 સુધીમાં 18 લાખ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.
- ભારત 2047 સુધીમાં 25 ઓપરેશનલ ક્રૂઝ ટર્મિનલ ધરાવવાની યોજના ધરાવે છે, જેની અંદાજિત વાર્ષિક પેસેન્જર ક્ષમતા 5 લાખ હશે.

## આદિવાસી જૂથો માટે મુખ્ય પહેલ



- 15 નવેમ્બરના જનજાતિય ગૌરવ દિવસના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખાસ કરીને નબળા આદિવાસી જૂથો (PVTG) ની સુરક્ષા અને તેમની કલ્યાણ યોજનાઓને છેલ્લા માઈલ સુધી પંહોચાડવા માટે ત્રણ મુખ્ય પહેલોની શરૂઆત કરી છે.
- આ પહેલો આ મુજબ છે.
  (1) પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી મહા અભિયાન (PM JANMAN)
  (2) વિકસિત ભારત સંકલ્પ યાત્રા
  (3) PM-PVTG મિશન

❖ **PM JANMAN**

- પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી મહા અભિયાન (PM JANMAN) નો હેતુ વિવિધ આદિવાસી જૂથોને જરૂરી સહાય પૂરી પાડવાનો છે. ખાસ કરીને જેઓ લુપ્ત થવાના આરે છે, તેમને વિકાસ અને મુખ્ય પ્રવાહની સેવાઓ અને તકો સાથે કનેક્ટિવિટી પ્રદાન કરીને તેમનું રક્ષણ અને સંવર્ધન કરવાનો છે.
- આ પહેલ 18 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રહેતા 75 ખાસ કરીને સંવેદનશીલ આદિવાસી જૂથો (PVTG) ને આવરી લે છે, જેઓ 220 જિલ્લાના 22,544 ગામડાઓમાં રહે છે.
- લગભગ 28 લાખ લોકો આ ઓળખાયેલા આદિવાસી જૂથોના છે.

Banking Academy

- આ અભિયાન આદિવાસી સમુદાયોના ઉત્થાન અને રક્ષણ માટે તેમના સાંસ્કૃતિક વારસાને જાળવવા અને તેમને મુખ્ય પ્રવાહની વિકાસ પ્રક્રિયામાં સામેલ કરવા માટેની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.
- તે તેમના સામાજિક – આર્થિક સશક્તિકરણને સુનિશ્ચિત કરતી વખતે આદિવાસીઓની વસતી અને આવશ્યક સેવાઓ વચ્ચેના અંતરને ઘટાડવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

### ❖ વિકસિત ભારત સંકલ્પ યાત્રા

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારખંડના ખુંટીથી આ યાત્રાને લીલી ઝંડી બતાવી.
- આ યાત્રાનો મુખ્ય હેતુ લોકો સુધી પંહોચવાનો, તેમનામાં જાગૃતિ લાવવા અને તેમને સ્વચ્છતા સુવિધાઓ, આવશ્યક નાણાકિય સેવાઓ, વીજળી જોડાણો, એલપીજી સિલિન્ડર સુધી પંહોચ, ગરીબોને આવાસ, ખાદ્ય સુરક્ષા, યોગ્ય પોષણ, વિશ્વસનીય આરોગ્ય સંભાળ, સ્વચ્છ પીવાનુ પાણી વગેરે જેવી કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- યાત્રા દરમિયાન પ્રાપ્ત વિગતો દ્વારા સંભવિત લાભાર્થીઓની નોંધણી કરવામાં આવશે.
- પ્રારંભિક તબક્કામાં આ યાત્રા નોંધપાત્ર આદિવાસી વસતી ધરાવતા જિલ્લાઓથી શરૂ થશે અને સમગ્ર દેશના તમામ જિલ્લાઓને આવરી લેશે.
- 5 ખાસ ડિઝાઈન કરાયેલ IEC (માહિતી, શિક્ષણ અને સંચાર) વાન સરકારના મુખ્ય કલ્યાણ કાર્યક્રમોનો પ્રચાર કરશે.
- 25 મી જાન્યુઆરી 2024 સુધીમાં 2.55 લાખથી વધુ ગ્રામ પંચાયતો અને 3600 થી વધુ શહેરી સ્થાનિક સંસ્થાઓને આવરી લેવાનો લક્ષ્યાંક છે.

### ❖ PM-PVTG મિશન

- PM-PVTG ડેવલપમેન્ટ મિશન પ્રોગ્રામનો હેતુ નબળા આદિવાસી જૂથો (PVTG) ની સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારવાનો છે.
- આ માટે કેન્દ્રીય બજેટમાં અનુસૂચિત જનજાતિ માટે 24,000 કરોડ રૂપિયાની ઉપલબ્ધતાની કલ્પના કરવામાં આવી છે.
- આ મિશનમાં પછાત અનુસૂચિત જનજાતિના લોકોને સલામત આવાસ, પીવાનું શુદ્ધ પાણી અને સ્વચ્છતા, શિક્ષણ , આરોગ્ય અને પોષણ, વસાહતોમાં રસ્તાઓ સુધી વધુ સારી પંહોચ જેવી મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવાનો સમાવેશ થાય છે.

## IIT ગાંધીનગર ખાતે ઓસ્ટ્રેલિયા ઈન્ડિયા એજયુકેશન એન્ડ સ્કિલ્સ કાઉન્સિલ (AIESC) ની પ્રથમ બેઠક




- ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચે દ્વિપક્ષીય શિક્ષણ અને કૌશલ્ય વિકાસ સહકાર માટે IIT ગાંધીનગર ખાતે 'ઓસ્ટ્રેલિયા ઈન્ડિયા એજયુકેશન એન્ડ સ્કિલ્સ કાઉન્સિલ (AIESC) ની પ્રથમ બેઠક યોજાઈ હતી.
- કેન્દ્રીય શિક્ષણ અને કૌશલ્ય વિકાસ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ શ્રી જેસન ક્લેયર સાથે દ્વિપક્ષી બેઠક યોજી હતી.
- બંને મંત્રીઓએ શિક્ષણ અને કૌશલ્યમાં સહકારની વ્યાપક સમીક્ષા કરી હતી અને બંને દેશોમાં લોકોની વધુ ગતિશીલતા, રોજગારી અને સમૃદ્ધિ માટે જ્ઞાન અને કૌશલ્ય ભાગીદારીને વધુ મજબૂત કરવા સમંત થયા હતા, જે અંતર્ગત 5 સમજૂતિ કરારો થયા હતા.
- મંત્રીઓએ ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક–સિટી (ગિફ્ટ સિટી) ખાતે વોલોંગોંગ યુનિવર્સિટી અને ડેકિન યુનિવર્સિટીના કેમ્પસના નિકટવર્તી ઉદ્‌ઘાટનને આવકાર્યું હતું.
- મંત્રીઓએ ઓસ્ટ્રેલિયાની ટોચની યુનિવર્સિટીઓ સાથે IIT જેવી ટોચની ભારતીય સંસ્થાઓ વચ્ચે સંશોધનમાં ચાલી રહેલા સંસ્થાકીય સહયોગને પણ આવકાર્યો હતો.

### ❖ સમજૂતી કરારો વિશેની માહિતી

**(1) ઈનોવેટિવ રિસર્ચ યુનિવર્સિટીઝ કોન્સોર્ટિયમ કેમ્પસ**

- ઈનોવેટિવ રિસર્ચ યુનિવર્સિટીઝ (IRU) એ સમગ્ર ઓસ્ટ્રેલિયામાં 7 જાહેર યુનિવર્સિટીઓનું ગઠબંધન છે.
- IRU ના MoU નો ઉદ્દેશ્ય ઓસ્ટ્રેલિયા – ભારત શિક્ષણ ભાગીદારીને મજબૂત કરવા માટે બંને પક્ષો વચ્ચે ગાઢ સહકાર માટે એક MoU માળખું પૂરુ પાડવાનો છે.
- આ સમજૂતી કરાર હેઠળ ભાગ લેનારા સભ્યો ભારતમાં ડિગ્રીઓના દેશમાં વિતરણ માટે સંઘના અભિગમની સંભાવના શોધવા અને ભારતીય વિદ્યાર્થીઓ માટે ઓસ્ટ્રેલિયાના ઉચ્ચ શિક્ષણ સુધી દેશમાં પંહોચ વધારવા માટે સાથે મળીને કામ કરશે.

**(2) ડેકિન યુનિવર્સિટી અને રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ**

- ભારતના રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ સાથે ભાગીદારીમાં ડેકિન યુનિવર્સિટીએ ભારતમાં કૌશલ્યની અછતને દુર કરવા માટે 'ગ્લોબલ જોબ રેડીનેસ પ્રોગ્રામ' વિકસાવ્યો છે.
- 30 કલાકનો આ કાર્યક્રમ ઓનલાઈન વિતરિત કરવામાં આવશે અને તેનો ઉદ્દેશ્ય 3 વર્ષમાં 15 મિલિયન ભારતીયોને કૌશલ્ય પ્રદાન કરવાનો છે.

**(3) ડેકિન યુનિવર્સિટી અને IIT ગાંધીનગર**

- ગિફ્ટ સિટી ખાતે ડેકિન યુનિવર્સિટીના કેમ્પસની સાથે IIT ગાંધીનગરના જોડાણ દ્વારા મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક પ્રદેશમાં ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ અને સંશોધન ઈકોસિસ્ટમને ટેકો પૂરો પાડવાનો છે.
- આ ભાગીદારી વિજ્ઞાન અને નવીનતા, ગતિશિલતા, ફેકલ્ટી વિનિમય અને સંયુક્ત ડોક્ટરલ કાર્યક્રમોમાં સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### (4) મોનાશ યુનિવર્સિટી અને ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટ્રેકનોલોજી હૈદરાબાદ

- આ સમજૂતી કરાર ખનિજ અને પરસ્પર હિતના અન્ય ક્ષેત્રોમાં શૈક્ષણિક અને સંશોધન પ્રવૃત્તિઓ પર સહયોગ માટે છે.
- આ સમજૂતી કરારમાં શૈક્ષણિક સામગ્રી, વિદ્વાનો અને વિદ્યાર્થીઓનું આદાનપ્રદાન અને સહકારી પરિસંવાદો, કાર્યશાળાઓ અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

### (5) મોનાશ યુનિવર્સિટી અને ઈન્ટરનેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન માઈનિંગ (ICEM)

- આ MoU નો ઉદ્દેશ્ય ભારતમાં ખાણકામ અને ખનીજ વિકાસ ક્ષેત્રને ટેકો આપવા માટે મોનાશ અને ICEM વચ્ચે સંશોધન અને નવીનતા સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.
- આબોહવા પરિવર્તન પર ખાણકામની અસરને ઘટાડવા, તેની કાર્યક્ષમતા વધારવા અને મહત્વપૂર્ણ ખનિજો અને દુર્લભ પૃથ્વી તત્વોમાં ક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

❖ **AIEC**

- 2011 માં સ્થપાયેલ આ દ્વિ–રાષ્ટ્રીય સંસ્થા બંને દેશો વચ્ચે શૈક્ષણિક, તાલીમ અને સંશોધન ભાગીદારીને વ્યૂહાત્મક રીતે માર્ગદર્શન આપે છે.
- આ કાઉન્સિલનો ઉદ્દેશ્ય ભવિષ્યના કાર્યબળને આકાર આપવા, સંસ્થાકીય ભાગીદારોને મજબૂત કરવા અને આંતરરાષ્ટ્રીયકરણ દ્વારા સંશોધન પ્રભાવને વધારવા જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રીયત કરીને બંને દેશોમાં શિક્ષણ અને કૌશલ્યો માટે ભવિષ્યનો માર્ગ મોકળો કરવાનો છે.



## Prisoner's Dilemma (કેદીની મૂંઝવણ) એટલે શું?

➲ તાજેતરમાં સંરક્ષણ પ્રધાને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં એકબીજાની વિરુધ્ધ કામ કરવાને બદલે સહયોગ કરતા દેશોના મહત્વને પ્રકાશિત કરવા માટે 'કેદીની મૂંઝવણ' ની વિભાવનાનો ઉલ્લેખ કર્યો હતો.

❖ **શું છે કેદીની મૂંઝવણ?**

- તે ગેમ થિયરીમાં એક ઉત્તમ ખ્યાલ છે જે એવી પરિસ્થિતિને દર્શાવે છે કે જયાં વ્યક્તિઓ તર્કસંગત પસંદગીઓ કરી શકે છે જે બંને માટે સબઓપ્ટિમલ પરિણામ તરફ દોરી જાય છે.
- તેમા બે શકમંદો (કેદીઓ) સામેલ છે જે કાં તો મૌન રહીને સહકાર આપી શકે છે અથવા ગુનાની કબૂલાત કરીને એકબીજાને દગો આપી શકે છે.
- તેના સંભવિત પરિણામો નીચે મુજબ છે.
  - જો બંને મૌન રહે (સહકાર કરે), તો બંનેને ઓછા ગુના માટે ઓછામાં ઓછી સજા મળે છે.
  - જો બંને કબૂલાત (વિશ્વાસઘાત) કરે, તો બંનેને મધ્યમ સજા મળે છે.
  - જો કોઈ એક મૌન રહે છે જયારે અન્ય કબૂલાત કરે છે, તો જે કબૂલ કરે છે તે મુક્ત થઈ જાય છે અને મૌન વ્યક્તિને ભારે સજા મળે છે.

❖ **આંતરરાષ્ટ્રીય સંબંધોમાં તેની અસર**

- કેદીની દ્વિધાનો ખ્યાલ ઘણીવાર આંતરરાષ્ટ્રીય સંબંધો પર લાગૂ કરવામાં આવે છે તે પરિસ્થિતિઓને સમજવા માટે જયાં દેશો વિરોધાભાસી હિતોની પસંદગીનો સામનો કરે છે.
- તે સમજાવવામાં મદદ કરે છે કે શા માટે રાષ્ટ્રો હંમેશા શ્રેષ્ઠ સામૂહિક પરિણામ માટે સહકાર આપતા નથી.
- ઉદાહરણ તરીકે, શસ્ત્રોની રેસમાં બે દેશો સ્પર્ધાત્મક લાભ મેળવવા માટે પોતાને સજ્જ કરવાનું પસંદ કરી શકે છે. (કબૂલ કરે છે), તેના કરતા નિઃશસ્ત્રીકરણ (શાંત રહેવું) યુધ્ધના જોખમને ઘટાડીને અને સંસાધનોની બચત કરીને સામૂહિક રીતે વધુ સારું રહેશે.

## ઉત્તરાખંડ સરકારે રાજાજી ટાઈગર રિઝર્વ કન્ઝર્વેશન ફાઉન્ડેશનની સ્થાપના કરી

➲ ઉત્તરાખંડ સરકારે રાજાજી ટાઈગર રિઝર્વમાં અને તેની આસપાસના પર્યાવરણીય, આથિક, સામાજીક અને સાંસ્કૃતિક વિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે રાજાજી ટાઈગર રિઝર્વ કન્ઝર્વેશન ફાઉન્ડેશનની સ્થાપનાની જાહેરાત કરી છે.




❖ **ફાઉન્ડેશનના ઉદ્દેશ્યો**

- ફાઉન્ડેશન રાજાજી ટાઈગર રિઝર્વમાં અને તેની આસપાસના કુદરતી પર્યાવરણના રક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરશે, જૈવવિવિધતાનું સંરક્ષણ કરશે અને પ્રદેશનું પર્યાવરણીય સંતુલન જાળવશે.
- વન સંસાધનો પર સ્થાનિક સમુદાયોનું અવલંબન ઘટાડીને વૈકલ્પિક આજીવિકાની તકો પૂરી પાડવાનો છે.
- ફાઉન્ડેશન આ વિસ્તારમાં ઈકો ટુરિઝમને પ્રોત્સાહન આપશે, સ્થાનિક સમુદાયોને રિઝર્વની પ્રાકૃતિક સુંદરતા જાળવીને પ્રવાસન પ્રવૃત્તિઓમાંથી આર્થિક લાભ મેળવવા સક્ષમ બનાવશે.
- વન્યજીવો અને સ્થાનિક રહેવાસીઓ વચ્ચે સંઘર્ષ ઘટાડીને બંનેની સલામતી અને સુખાકારીની ખાતરી કરવાનો છે.

- રાજાજી રાષ્ટ્રીય ઉદ્યાનને વર્ષ 1983 માં ઉત્તરાખંડના રાજાજી, મોતીચુર અને ચિલ્લા વન્યજીવ અભ્યારણ્યોને મર્જ કરીને સૂચિત કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2015 માં તેને ટાઈગર રિઝર્વ જાહેર કરવામાં આવ્યુ હતુ.
- રાજાજી ટાઈગર રિઝર્વ હિમાલયની શિવાલિક શ્રેણીમાં આવેલું છે અને ઉત્તરાખંડના હરિદ્વાર, દેહરાદૂન અને પૌરી ગઢવાલ ત્રણ જિલ્લાઓમાં ફેલાયેલું છે.

## તેલંગાણાનો નિવારક અટકાયત કાયદો

- જેમ જમે તેલંગાણા આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારી કરી રહયું છે, તેમ સુપ્રીમ કોર્ટ દ્વારા કડક નિવારક અટકાયત કાયદાનો ઉપયોગ તપાસ હેઠળ આપ્યો છે.
- ઓછામાં ઓછા ત્રણ અલગ – અલગ કેસોમાં સુપ્રીમ કોર્ટ રાજય દ્વારા આ કાયદાના ઉપયોગ અંગે ચિંતા વ્યકત કરી છે.

| નિવારક અટકાયત | પ્રી–ટ્રાયલ અટકાયત | શિક્ષાત્મક અટકાયત |
|---|---|---|
| અદાલત દ્વારા ટ્રાયલ અને દોષિત ઠેરવ્યા વિના માત્ર શંકાના આધારે વ્યક્તિની અટકાયત | ટ્રાયલ હેઠળ આરોપીની અટકાયત | ટ્રાયલ પછી અટકાયત અને કોર્ટ દ્વારા દોષિત |

### ❖ ભારતીય બંધારણમાં કાનૂની આધાર

- ભારતનું બંધારણ કલમ 22 હેઠળ નિવારક અટકાયતની જોગવાઈ કરે છે, જે મૂળભૂત અધિકારો સાથે કામ કરતા ભાગ III ની અંદર આવે છે. આ કલમ રાજયને નિવારક અટકાયત હેતુઓ માટે મૂળભૂત અધિકારોને સ્થગિત કરવાની સત્તા આપે છે.
- ધ નેશનલ સિક્યુરિટી એક્ટ, કન્ઝર્વેશન ઓફ ફોરેન એક્સચેન્જ એન્ડ પ્રિવેન્શન ઓફ સ્મગલિંગ એક્ટિવિટી એક્ટ, 1974 (COFEPOSA) એવા કાયદાના ઉદાહરણો છે જેના હેઠળ નિવારક અટકાયતનો આદેશ આપી શકાય છે. આ ઉપરાંત વિવિધ ભારતીય રાજયો પાસે પોતાના નિવારક અટકાયત કાયદા છે.




### ❖ મૂળભૂત અધિકારોનું નિલંબન

- નિવારક અટકાયત હેઠળના અટકાયતીને કલમ 19 અથવા કલમ 21 દ્વારા ખાતરી આપવામાં આવેલ વ્યકિતગત સ્વતંત્રતાનો કોઈ અધિકાર હોઈ શકે નહી.

### ❖ નિવારક અટકાત માટેના કારણો

- રાજયની સુરક્ષા, જાહેર વ્યવસ્થાની જાળવણી
- પુરવઠો અને આવશ્યક સેવાઓ અને સંરક્ષણની જાળવણી
- વિદેશી બાબતો કે ભારતની સુરક્ષા

### ❖ સમયગાળો

- જયાં સુધી સલાહકાર બોર્ડ (ઉચ્ચ અદાલતના ન્યાયાધીશોનું બનેલું) વિસ્તૃત અટકાયત માટે પૂરતા કારણની જાણ ન કરે ત્યાં સુધી વ્યકિતની અટકાયત 3 મહિનાથી વધુ ન હોઈ શકે.

### ❖ અટકાયતી માટેના અધિકારો

- અટકાયતના કારણોની જાણ અટકાયતીને કરવી જોઈએ.
- જો કે, જાહેર હિતની વિરુધ્ધ માનવામાં આવતી હકીકતો જાહેર કરવાની જરૂર નથી.
- અટકાયતના હુકમ સામે અટકાયતીને રજૂઆત કરવાની તક આપવી જોઈએ.

### ❖ ન્યાયિક સમીક્ષા

- નિવારક અટકાયતના આદેશોની ન્યાયિક સમીક્ષા પ્રતિબંધિત છે, કારણ કે અટકાયતનો આદેશ આપતી વખતે બંધારણ રાજયના 'વ્યક્તિગત સંતોષ' પર ભાર મૂકે છે.
- બંધારણ જાહેર વ્યવસ્થા જાળવવા માટે અટકાયતની આવશ્યકતા અંગેના રાજયના ચુકાદા પર ભાર મૂકે છે, અને ન્યાયતંત્ર ઘણીવાર આ ચૂકાદાને ટાળે છે.

## ઉત્તરાખંડનો જમરાની ડેમ બહુહેતુક પ્રોજેક્ટ PMKSY-AIBP હેઠળ સમાવિષ્ટ

- સિંચાઈ, પીવાના પાણીના પુરવઠા અને જળવિદ્યુત ઉત્પાદનને વધારવાના લક્ષ્યમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ ઉત્તરાખંડના જમરાની ડેમ બહુહેતુક પ્રોજેક્ટને PMKSY-AIBP હેઠળ સમાવિષ્ટ કરવાની મંજૂરી આપી છે.
- આ પહેલ જળ સંસાધન વિભાગ, નદી વિકાસ અને ગંગા કાયાકલ્પના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે.
- કેન્દ્રિય કેબિનેટે માર્ચ 2028 સુધીમાં રૂા. 2584.10 કરોડના અંદાજીત ખર્ચે પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે ઉત્તરાખંડને રૂા. 1557.18 કરોડની કેન્દ્રીય સહાયને મંજૂરી આપી છે.
- આ પ્રોજેક્ટ ઉત્તરાખંડના નૈનીતાલ જિલ્લામાં રામ ગંગા નદીની ઉપનદી ગોલા નદી પર જમરાની ગામ નજીક બંધ બાંધવાની કલ્પના કરે છે.

- આ પ્રોજેક્ટના સિંચાઈ લાભોનો મોટો હિસ્સો પડોશી રાજ્ય ઉત્તર પ્રદેશને પણ પ્રાપ્ત થશે. જો કે પીવાના પાણી અને વીજળીના લાભો માત્ર ઉત્તરાખંડ માટે જ પરિકલ્પના કરેલ છે.

### ❖ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (PMKSY)



- PMKSY વર્ષ 2015-16 દરમિયાન ખેતરમાં પાણીની પંહોચ વધારવા અને ખાતરીપૂર્વક સિંચાઈ હેઠળ ખેતીલાયક વિસ્તારને વિસ્તારવા, ખેતરમાં પાણીના ઉપયોગની કાર્યક્ષમતા વધારવા, ટકાઉ જળ સંરક્ષણ પ્રથાઓ અમલમાં મૂકવા વગેરે ઉદ્દેશ્યો સાથે શરૂ કરવામાં આવી હતી.
- ભારત સરકારે ડિસેમ્બર 2021 માં 2021-26 દરમિયાન રૂા. 93,068.56 કરોડના એકદંર ખર્ચ સાથે PMKSY ના અમલીકરણને મંજૂરી આપી હતી.
- PMKSY ના એક્સિલરેટેડ ઈરીગેશન બેનિફિટ્સ પ્રોગ્રામ (AIBP) ઘટક મોટા અને મધ્યમ સિંચાઈ પ્રોજેક્ટ્સ દ્વારા સિંચાઈ સંભવિત નિર્માણ સાથે કામ કરે છે.
- PMKSY – AIBP હેઠળ, અત્યાર સુધીમાં 53 પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યા છે અને 25.14 લાખ હેક્ટરની વધારાની સિંચાઈની ક્ષમતા ઊભી કરવામાં આવી છે.
- અત્યાર સુધીમાં 2021-22 પછી PMKSY ના AIBP ઘટક હેઠળ છ પ્રોજેક્ટ આવરી લેવામાં આવ્યા છે. જામરાની ડેમ બહુહેતુક પ્રોજેક્ટ AIBP હેઠળ સમાવિષ્ટ થનારો સાતમો પ્રોજેક્ટ છે.

Banking Academy

# 3 ગુજરાત

## ગુજરાતની પ્રથમ હેરિટેજ ટ્રેન : એકતાનગર થી અમદાવાદ



- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 31 ઓક્ટોબરના રોજ એકતાનગરથી વિડિયો લિંકના માધ્યમથી એકતાનગર અને અમદાવાદ વચ્ચેની ગુજરાતની પ્રથમ હેરિટેજ ટ્રેનનો પ્રારંભ કરાવ્યો.
- સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ ટ્રેન સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેતા પ્રવાસીઓ માટે વધારાનું આકર્ષણ બની રહેશે.
- આ ટ્રેનમાં ચાર એસી વિસ્ટાડોમ પ્રકારના કોચનો સમાવેશ થાય છે, જેમાં 144 મુસાફરોની બેઠક ક્ષમતાવાળા ત્રણ એસી એક્ઝિક્યુટિવ ચેર કાર કોચનો સમાવેશ થાય છે.
- આ હેરિટેજ ટ્રેનમાં ઈલેક્ટ્રિક એન્જિન છે પરંતુ તેનો લૂક સ્ટીમ લોકોમોટિવ જેવો આપવામાં આવ્યો છે. જે એકઝોસ્ટ જેવા ધુમાડા ઉત્પન્ન કરતા ફોગર્સ અને સ્ટીમ એન્જિનના અવાજની નકલ કરતી સાઉન્ડ સિસ્ટમ સાથે પૂર્ણ છે.

## રાજકોટમાં 'માડી' ગરબા પર વર્લ્ડ રેકોર્ડ




- ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા લખવામાં આવેલ 'માડી' નામના ગરબા પર રાજકોટમાં 1.21 લાખ ખેલૈયાઓ એક સાથે ગરબા રમીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.
- શરદ પુનમના દિવસે 28 ઓક્ટોબર 2023 ના રોજ રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આ ગરબા કાર્યક્રમનું આયોજન થયું હતું.
- ગાયક કલાકાર પાર્થિવ ગોહિલ દ્વારા આ ગરબાને ગાવામાં આવ્યો હતો.
- એક સાથે 1.21 લાખ ખેલૈયાઓનો ગરબા રમતાનો રેકોર્ડ ઈન્ડિયન ટ્રેડિશનલ બૂક ઓફ રેકોર્ડ્સ, વર્લ્ડ રેકોર્ડ્સ ઈન્ડિયા અને વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડ્સ– લંડન માં નોંધવામાં આવ્યો હતો.

## ગુજરાતમાં અંબાજીની વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ



- ભાઈબીજના શુભ અવસર પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં યાત્રાધામ અંબાજીની મુલાકાત લીધી હતી. તથા ચીખલી ખાતે ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.
- આ સાથે ભૂપેન્દ્ર પટેલે રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં અંબાજીથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- કુલ 129 રથ રાજયભરના 14,620 ગામડાઓમાં બે મહિના સુધી પરિભ્રમણ કરશે તથા દૂરના વિસ્તારોમાં રહેવાસીઓને સરકારી યોજનાઓ વિશેની આવશ્યક માહિતી પંહોચાડશે.
- આ કાર્યક્રમ દરમિયાન આધિનતાની માનસિકતાને દૂર કરવા અને વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડનગર ખાતે તાના રીરી ઉત્સવનું ઉદ્‌ઘાટન કર્યું

- ગુજરાત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડનગર ખાતે તાના – રીરી મહોત્સવ – 2023 નું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- આ ઉપરાંત તેમણે તાના – રીરી એવોર્ડથી સન્માનિત ત્રણ મહિલા ગાયકોને અભિનંદન પાઠવ્યા હતા.

❖ **તાના – રીરી એવોર્ડ**

- ગુજરાતના સુવર્ણ જયંતિ વર્ષ 2010 દરમિયાન તાના – રીરીની યાદમાં મહિલા શાસ્ત્રીય ગાયકો – સંગીતકારોને સન્માનિત કરવા માટે તાના – રીરી એવોર્ડની શરૂઆત કરવામાં આવી હતી.
- વર્ષ 2022 નો તાના – રીરી એવોર્ડ કંકણા બેનર્જી, ડો. મોનિકા શાહને તથા વર્ષ 2023 માટે આરતી અંકલિકરને અર્પણ કરવામાં આવ્યો.
- આ એવોર્ડ અંતર્ગત તામપત્ર તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.



❖ **તાના – રીરી મહોત્સવ**

- ગુજરાતમાં વડનગર ખાતે દર વર્ષે કારતક સુદ 9 અને કારતક સુદ 10 ના રોજ બે દિવસ માટે આ મહોત્સવ ઉજવાય છે.
- આ શાસ્ત્રીય સંગીત મહોત્સવમાં દેશના પ્રખ્યાત કલાવૃંદો અને પ્રસિદ્ધ કલાકારો પોતાની કૃતિઓ રજૂ કરે છે.
- ગુજરાતના આદ્ય કવિ શ્રી નરસિંહ મહેતાના દોહિત્રી શર્મિષ્ઠાની સુપુત્રીઓ તાના – રીરીની યાદમાં વર્ષ 2003 થી આ મહોત્સવ યોજાય છે.
- બાદશાહ અકબરના નવ રત્નો પૈકી એક સંગીત સમ્રાટ તાનસેનને દિપક રાગ ગાવાથી ઉપડેલી દાહને વડનગરના શર્મિષ્ઠા તળાવ કાંઠે આ સંગીત બેલડી તાના – રીરીએ જ મલ્હાર રાગ ગાઈને ઠારી હતી એવું કહેવાય છે.

## ઘોલ માછલીને ગુજરાત રાજયની ‘સ્ટેટ ફિશ’ જાહેર કરવામાં આવી

- અમદાવાદમાં ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા 2023 દરમિયાન ગુજરાત સરકારે ઘોલ માછલીને ગુજરાત રાજયની રાજય માછલી (સ્ટેટ ફિશ) જાહેર કરવામાં આવી.
- આ અગાઉ મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ સરકારે પણ પોતાના રાજયમાં સ્ટેટ ફિશ જાહેર કરી હતી.




- ઘોલ માછલીને ‘બ્લેક સ્પોટેડ ક્રોક’ પણ કહેવામાં આવે છે.
- આ માછલી મુખ્યત્વે ઈન્ડો – પેસિફિક પ્રદેશમાં જોવા મળે છે.
- ભારતમાં મુખ્યત્વે ગુજરાત અને મહારાષ્ટ્રના સમુદ્રી વિસ્તારોમાં મળી આવે છે.
- સ્થાનિક સ્તરે આ માછલીનું સેવન કરવામાં આવતું નથી પરંતુ નિકાસ માટે અન્ય દેશોમાં તેની ઘણી માંગ છે.
- ઘોલ માછલીનો ઉપયોગ દવાઓ ઉપરાંત કોસ્મેટિક આઈટમ્સ બનાવવામાં પણ થાય છે.
- આ માછલી આયોડિન, ઓમેગા–3, DHA, EPA, આયર્ન, ટૌરિન, મેગ્નેશિયમ, ફલોરાઈડથી લઈને સેલેનિયમ સુધીના વિવિધ પોષકતત્વોથી ભરપૂર હોય છે.
- આંખના સ્વાસ્થ્ય માટે આ માછલી ખૂબ સારી છે.
- આ માછલી 1 મીટરની સરેરાશ લંબાઈ ધરાવે છે અને આઠ વર્ષ જેટલું જીવે છે.
- સ્થાનિક રીતે તેની કિંમત રૂ.5,000 થી 15,000 પ્રતિ કિલો અને નિકાસ બજારમાં, સૂકા હવાના મૂત્રાશયની કિંમત રૂા. 25,000 પ્રતિ કિલો જેટલી છે.

## ગિરનારની લીલી પરિક્રમાનો પ્રારંભ



- ગુજરાતમાં ગિરનાર પર્વતની પરિક્રમા ‘લીલી પરિક્રમા’ તરીકે ઓળખાય છે.
- હિંદુ કેલેન્ડર પ્રમાણે પ્રતિ વર્ષ કારતક સુદ અગિયારસની મધ્યરાત્રીથી પ્રારંભ થઈને કારતકી પૂનમ સુધી આ પરિક્રમા યોજાય છે.
- આ પરિક્રમા લગભગ 36 કિલોમીટર લાંબી છે.
- આ પરિક્રમાનો પ્રારંભ જૂનાગઢની ભવનાથ તળેટીમાં આવેલ દૂધેશ્વર મહાદેવના મંદિરથી થાય છે.
- આ પરિક્રમા પૂર્ણ થયા બાદ ભાવિકો દામોદર કુંડમાં સ્નાન કરે છે.
- આ પરિક્રમાના મુખ્ય પડાવોમાં ઝીણાબાવાની મઢી, માળવેલા અને બોરદેવી મંદિરનો સમાવેશ થાય છે.
- લીલી પરિક્રમાના રૂટ પર ત્રણ ઘોડીઓ (એટલે કે પર્વતોની વચ્ચે પસાર થઈ રહેલી બળદના ખૂંધ જેવી રચના, જેમાં પહેલા ચઢાણ ચઢવાનું અને પછી એ ચઢાણ ઉતરવાનું હોય) આવે છે. **(1) ઈંટવા ઘોડી (2) માળવેલા ઘોડી (3) નાળ – પાણીની ઘોડી**

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયવ્યાપી 'રવિ કૃષિ મહોત્સવ– 2023 ' નું ઉદ્દ્ઘાટન કર્યું



- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં દસ્ક્રોઈ તાલુકાના પીરાણા ખાતેથી રાજયવ્યાપી 'રવિ કૃષિ મહોત્સવ–2023' નું ઉદ્દ્ઘાટન કર્યું હતું.
- અમદાવાદ જિલ્લામાંથી રાજયકક્ષાના કાર્યક્રમની સાથે તમામ 246 તાલુકાઓમાં બે દિવસીય 'રવિ કૃષિ મહોત્સવ' ની ઉજવણી કરવામાં આવી હતી.
- આ પ્રસંગે મુખ્યમંત્રીએ 'આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ' નિમિત્તે ખેડૂતોને પોષક તત્વોથી ભરપૂર બરછટ અનાજની ખેતી કરવા અને જૈવિક ખેતી અપનાવવા વિનંતી કરી હતી.
- આ ઉત્સવનો ઉદ્દેશ્ય રાજયના ખેડૂતોને મોસમી પાકોને લગતી આધુનિક કૃષિ ટેકનોલોજી પર માર્ગદર્શન આપવાનો અને વિવિધ ખેડૂતલક્ષી સહાયક યોજનાઓની સમજ આપવાનો છે.

## 'સુરત' યુદ્ધ જહાજના ક્રેસ્ટનું અનાવરણ કરવામાં આવ્યું




- સુરતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નૌકાદળના વડા એડમિરલ આર. હરિકુમારની હાજરીમાં 'સુરત' યુદ્ધ જહાજના ક્રેસ્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- INS સુરત એ ભારતીય નૌકાદળના વિશાખાપટ્ટનમ – કલાસ સ્ટિલ્થ ગાઈડેડ – મિસાઈલ ડિસ્ટ્રોયર (પ્રોજેક્ટ 15-B) નું ચોથું અને છેલ્લું જહાજ છે.
- સુરત શહેરમાં સમૃદ્ધ દરિયાઈ અને જહાજ નિર્માણનો ઈતિહાસ છે.
- આ શહેરમાં સમૃદ્ધ દરિયાઈ અને જહાજ નિર્માણનો ઈતિહાસ છે.
- આ શહેરમાં 16 મી અને 18 મી સદીમાં બાંધવામાં આવેલા જહાજો તેમના લાંબા આયુષ્ય (100 વર્ષથી વધુ) માટે જાણીતા હતા.
- 'INS સુરત' એ ગુજરાતના કોઈ શહેરના નામ પરથી પ્રથમ યુદ્ધ જહાજ હોવાનું ગૌરવ ધરાવે છે.
- હાલમાં INS સુરત મુંબઈમાં મઝગાંવ ડોક લિમિટેડ ખાતે નિર્માણાધીન છે.

## ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે હર્ષદ ત્રિવેદી ચૂંટાયા



- તાજેતરમાં હર્ષદ ત્રિવેદી ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ તરીકે ત્રણ વર્ષના સમયગાળા માટે ચૂંટાઈ આવ્યા છે.
- તેઓ અગાઉના ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ પ્રકાશ એન. શાહનું સ્થાન લેશે.

❖ **હર્ષદ ત્રિવેદી**

- હર્ષદ અમૃતલાલ ત્રિવેદીનો જન્મ 17 જુલાઈ, 1958 ના રોજ સુરેન્દ્રનગરના ખેરાલી ખાતે થયો હતો.
- તેઓ ગુજરાતી ભાષાના કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર, વિવેચક અને સંપાદક છે.
- હર્ષદ ત્રિવેદીએ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત 'ગુજરાતી સાહિત્યકોશ'ના સંપાદકીય વિભાગમાં સંશોધન સહાયક તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી.
- વર્ષ 1984 માં તેઓ ગુજરાતી સાહિત્ય અકાદમીમાં પ્રૂફરીડર તરીકે જોડાયા હતા.
- વર્ષ 1995 માં તેઓ ગુજરાત સાહિત્ય અકાદમીના મુખપત્ર 'શબ્દસૃષ્ટિ' ના સંપાદક બન્યા જયાં તેમણે બે દાયકા સુધી ફરજ આપી હતી.
- તેમણે ગુજરાત સાહિત્ય અકાદમીના મહાઅમાત્ય (રજિસ્ટ્રાર) તરીકે પણ કામ કર્યું હતું.
- તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'એક ખાલી નાવ' વર્ષ 1984 માં પ્રકાશિત થયો હતો.
- તેમના અન્ય પ્રસિદ્ધ કાવ્યસંગ્રહોમાં 'રહી છે વાત અધુરી' (2002), 'તારો અવાજ' (2003), 'તરવેણી' (2014) છે.
- તેમની કવિતામાં ગ્રામીણ જીવન તેમજ શહેરી જીવનનો ઉલ્લેખ હોય છે.
- ટૂંકી વાર્તાઓનું તેમનું પ્રથમ પુસ્તક 'જાળીયુ' (1994) હતું.
- તેમનો કાવ્યસંગ્રહ 'એક ખાલી નાવ' માટે વર્ષ 1992 માં જયંત પાઠક કવિતા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- વર્ષ 2014 માં તેમને કવિશ્વર દલપતરામ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત કુમાર માસિકમાં હપ્તાવાર પ્રગટ થયેલ ગુજરાતી લોકગીતો અને ગુજરાતના સામાજિક જીવનની તેમની વિશેષતા 'કંકુચોખા' ને વર્ષ 2015 માં કુમાર સુવર્ણચંદ્રક સાહિત્યિક પુરસ્કાર મળ્યો હતો.

### ❖ ગુજરાતી સાહિત્ય પરિષદ

- ઈ.સ. 1905 માં રણજિતરામ વાવાભાઈ મહેતાના નિષ્ઠાભર્યા પ્રયત્નોથી અમદાવાદ ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદ અસ્તિત્વમાં આવી.
- ગુજરાતમાં સાહિત્યિક આબોહવા પ્રગટાવવા, ગુજરાતી સાહિત્યનો વિસ્તાર વધારવા અને એને લોકપ્રિય કરવા, ગુજરાતી પ્રજાજીવનને અધિક ઉન્નત, શીલવાન, રસિક અને ઉદાર બનાવવા માટે રાહ દાખવી પ્રજાનો ઉત્કર્ષ સાધવાનો પરિષદની સ્થાપના પાછળનો હેતુ હતો.
- તેનું પહેલું સંમેલન વર્ષ 1905 માં ગોવર્ધનરામ ત્રિપાઠીના પ્રમુખપદે અમદાવાદમાં મળ્યું હતું.
- વર્ષ 1920 માં યોજાયેલા સંમેલનમાં શ્રી રવીન્દ્રનાથ ટાગોર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા.
- વર્ષ 1936 માં યોજાયેલા 12 મા સંમેલનમાં પ્રમુખપદે ગાંધીજી હતા.
- આ સંસ્થા દ્વારા સાહિત્યિક પ્રવૃત્તિને ઉપકારક એવું 'પરબ' માસિક વર્ષ 1960 થી શરૂ કરવામાં આવ્યું.
- આ સંસ્થા દ્વારા 'ભાષા વિમર્શ' ત્રૈમાસિક પણ પ્રગટ કરવામાં આવે છે.
- સાહિત્ય પરિષદે 'ગુજરાતી સાહિત્યના ઈતિહાસ'ના આઠ ગ્રંથો (ભાગ 1 થી 8) પ્રગટ કર્યા છે.
- 'ગુજરાતી સાહિત્યકોશ' ના ખંડ 1 થી 3 પ્રકાશિત કરવામાં આવ્યા છે.
- 'ગોવર્ધન ભવન' નામે ઓળખાતું પરિષદનું પોતાનું અમદાવાદના આશ્રમ રોડ પર ભવ્ય મકાન છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદ એક વર્ષે સંમેલન અને બીજે વર્ષે જ્ઞાનસત્રનું આયોજન કરે છે.
- 'ક.લા. સ્વાધ્યાય મંદિર' એ ગુજરાતી સાહિત્ય પરિષદની સંશોધન સંસ્થા છે.

## કલોલમાં IFFCO નો નેનો DAP (લિક્વિડ) પ્લાન્ટ



- કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમિત શાહે ગાંધીનગરમાં કલોલ ખાતે IFFCO ના નેનો DAP (લિક્વિડ) પ્લાન્ટનું ઉદ્દઘાટન કર્યું.
- IFFCO નું કલોલ યુનિટ ગ્રીન ટેક્નોલોજી આધારિત નેનો DAP ની લગભગ 42 લાખ બોટલોનું ઉત્પાદન કરશે.
- નેનો DAP (લિક્વિડ) માં 8% નાઈટ્રોજન અને 16% ફોસ્ફરસ હોય છે જે પાકની વૃદ્ધિ અને ગુણવત્તામાં વધારો કરે છે.

## અમરેલીના દુધાળામાં રાજયના પ્રથમ 'જળ ઉત્સવ' નો પ્રારંભ




- મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામમાં 16 નવેમ્બરના રોજ રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં રાજયના પ્રથમ 10 દિવસીય 'જળ ઉત્સવ 2023' નું ઉદ્દઘાટન કર્યું હતું.
- અમરેલીમાં જળ સંચયના પ્રચંડ પ્રયાસોને પ્રવાસીઓના આકર્ષણના કેન્દ્ર તરીકે વિકસાવવાની દરખાસ્ત કરતા રાજયપાલે બિનઉપયોગી સરકારી જમીનમાંથી બાવળની ઝાડીઓ સાફ કરીને વિવિધ વૃક્ષોની પ્રજાતિઓનું વાવેતર કરીને તેને લીલાછમ જંગલમાં પરિવર્તિત કરવાનું સૂચન કર્યું હતું.
- આ પહેલ વરસાદને વધારવા અને પર્યાવરણીય સુધારણામાં યોગદાન આપવા માટે અમલમાં મૂકી શકાય છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી અને રાજય સરકાર તથા ધોળકીયા ફાઉન્ડેશનના સંયુક્ત પ્રયાસોથી ગગડિયો નદીના કિનારે અસંખ્ય જળ સંચયના પ્રોજેક્ટો પૂર્ણ થયા છે.
- આ સિદ્ધિઓની ઉજવણીમાં અને પ્રવાસનને વેગ આપવા માટે અહિંયા 25 નવેમ્બર સુધી જળ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

## સાણંદમાં સ્પેસ મેન્યુફેકચરિંગ કલસ્ટર સ્થપાશે




- ગુજરાત સરકારે ભારત સરકારની સ્વતંત્ર એજન્સી 'ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર (IN-SPACE)' સાથે સાણંદમાં સ્પેસ મેન્યુફેકચરિંગ કલસ્ટર સ્થાપવા માટે એક MoU પર હસ્તાક્ષર કર્યા છે.
- IN-SPACE આ કલસ્ટરમાં અવકાશ તકનીક માટે ઉપયોગી સાધનો સાથે જોડાયેલા વિવિધ ઉત્પાદન એકમો – ઉદ્યોગોને શરૂ કરવા પ્રોત્સાહન અને તકનીકી માર્ગદર્શન આપશે.
- આ માટે IN-SPACE તેના બોપલ હેડકવાર્ટરમાં ટેકનીકલ સપોર્ટ અને ઈન્કયુબેશન સેન્ટર પણ શરૂ કરશે.
- અવકાશ અને સંલગ્ન ક્ષેત્રોમાં ઉદ્યોગો માટે ઈન્ફ્રાસ્ટ્રકચર અને જમીન ઉપલબ્ધ કરાવવામાં રાજ્ય સરકાર સંપૂર્ણ સહયોગ કરશે.
- પ્રધાનમંત્રીએ વર્ષ 2035 સુધીમાં ભારતના સ્પેસ સ્ટેશન અને વર્ષ 2040 સુધીમાં ચંદ્ર પર માનવ–મિશન જેવા લક્ષ્યાંકો નક્કી કર્યા છે જેમાં આ MoU કરાર દ્વારા ગુજરાત યોગદાન આપશે.

## તાજેતરમાં જાહેર થયેલ Police Constable ની ભરતીમાં અમારી સફળતા

# Once again Banking Academy shining

# પોલીસ કોન્સ્ટેબલ Result - 2022

**૨૦૨૨ માં પણ હંમેશા ની જેમ ગુજરાતમાં શ્રેષ્ઠ રિઝલ્ટ આપવામાં અગ્રેસર**


BHOOMI PATEL


JAYESH VALA


ALKESH VASAVA


VISHAL VALVI


AMIT GADHADARA


PRATIKBHAI GAMIT


HIRAL CHAUDHARI


PANKAJ CHAUDHARI


ALKESH CHAUDHARI


SANGITA GAMIT


NIRANJANA GAIN


VIRAL PATEL


ROHIT SHIMPI

Heartiest Congratulations

ADMISSION OPEN

GPSC I/II | ના.મામલતદાર | PSI/ASI | તલાટી | કોન્સ્ટેબલ | બિન સચિવાલય | TET I/II

તૈયારી માટેના નવા વર્ગો ટૂંક સમયમાં શરૂ

Our Branches

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

સુરત (ઉધના) Ph. : 70461 40555

સુરત (વરાછા) Ph. : 70464 16555

સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 4 આંતરરાષ્ટ્રીય

## ભારત અને બાંગ્લાદેશે સંયુક્ત રીતે ત્રણ વિકાસ પરિયોજનાનું ઉદ્‌ઘાટન કર્યું



❖ **અગરતલા – અખૌરા ક્રોસ – બોર્ડર રેલ લિંક**

- તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશના શેખ હસીનાએ અગરતલા – અખૌરા રેલ લાઈનનું વર્ચ્યુઅલ રીતે ઉદ્‌ઘાટન કર્યુ.
- આ રેલ લાઈન ભારતના પૂર્વોત્તર રાજ્ય ત્રિપુરાને બાંગ્લાદેશ સાથે જોડશે.
- આ ટ્રેન અગરતલાથી શરૂ થશે અને ભારત – બાંગ્લાદેશ બોર્ડર પર આવેલા નિશ્ચિંતપુર સ્ટેશન પર ઈમિગ્રેશન તપાસ પૂર્ણ કરી બાંગ્લાદેશમાં પ્રવેશશે.
- 12.24 કિમી લાંબા પ્રોજેક્ટમાં 546 કિમી ભારત અને 6.78 કિમી લંબાઈનો રૂટ બાંગ્લાદેશમાં આવેલો છે.
- આ પ્રોજેક્ટને વર્ષ 2013 માં મજૂરી આપવામાં આવી હતી.
- આ પ્રોજેક્ટ ભારતની 'એક્ટ ઈસ્ટ પોલિસી' નો એક ભાગ છે.
- આ રેલવે લાઈનનો ઉદ્દેશ્ય વેપાર અને પર્યટનને વધારવા તેમજ અગરતલા અને કોલકત્તા વચ્ચે ઢાકા થઈને મુસાફરીનો સમય ઘટાડવાનો છે.
- અગરતલા – અખોરા ક્રોસ બોર્ડર રેલ લિંક પ્રોજેક્ટ બાંગ્લાદેશને ભારતની 392.52 કરોડની ગ્રાન્ટ સહાય હેઠળ બનાવવામાં આવ્યો છે.

❖ **ખુલના – મોંગલા પોર્ટ રેલ લાઈન**

- USD 388.92 મિલિયનના કુલ ખર્ચ સાથે ભારતની કન્સેશનલ લાઈન ઓફ ક્રેડિટ હેઠળ ખુલના – મોંગલા પોર્ટ રેલ લાઈન પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે.
- આ પ્રોજેક્ટમાં ખુલનાના હાલના રેલ નેટવર્ક સાથે મોંગલા પોર્ટને જોડતો લગભગ 65 કિમીનો બ્રોડગેજ રેલ માર્ગ બાંધવાનો સમાવેશ થાય છે.

❖ **મૈત્રી સુપર થર્મલ પાવર પ્રોજેક્ટ**

- મૈત્રી સુપર થર્મલ પાવર પ્લાન્ટનો યુનિટ II, USD 1.6 બિલિયન ભારતની કન્સેશનલ ફાઈનાન્સિંગ સ્કીમ હેઠળ હાથ ધરવામાં આવ્યો છે.
- બાંગ્લાદેશના ખુલના વિભાગના રામપાલમાં 1320 મેગાવોટ (2×660) સુપર પાવર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવશે.
- બાંગ્લાદેશ – ઈન્ડિયા ફ્રેન્ડશીપ પાવર કંપની લિમિટેડ, કે જે ભારતની NTPC લિમિટેડ અને બાંગ્લાદેશ પાવર ડેવલપમેન્ટ બોર્ડ વચ્ચેનું સંયુક્ત સાહસ છે તેના દ્વારા આ પ્રોજેક્ટ અમલમાં આવશે.

## ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ એસેમ્બીના છઠ્ઠા સત્રનું આયોજન

- નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) ની છઠ્ઠી એસેમ્બલીનું આયોજન થયું હતું.
- એસેમ્બલીએ ISA ના વ્યાપક વ્યૂહરચના પર ચર્ચા કરી, નવીનીકરણીય સ્ત્રોતો પર પરિવર્તન કરતા પહેલા ઉર્જા એક્સેસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકયો.
- એસેમ્બલીએ પ્રોજેક્ટ્સ માટે વાયેબિલિટી ગેપ ફંડિંગ (VGF) માં વધારાની જાહેરાત કરી, ખાસ કરીને આફ્રિકન દેશોમાં વધુ રોકાણોને પ્રોત્સાહન આપવા માટે તેને 10% થી વધારીને 10% થી 35% સુધીની રેન્જમાં કરી.




- એસેમ્બલી દરમિયાન ISA દ્વારા સમર્પિત ચાર પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.
  - માલાવી સંસદનું સૌરીકરણ
  - ફિજીમાં ગ્રામીણ આરોગ્યસંભાળ કેન્દ્રોનું સૌરીકરણ
  - સેશેલ્સમાં સૌર સંચાલિત કોલ્ડ સ્ટોરેજની સ્થાપના
  - કિરીબાતીમાં એક શાળાનું સૌરીકરણ
- ISA ની છઠ્ઠી એસેમ્બલી ત્રણ નિર્ણાયક મુદ્દાઓ પર ISA ની મુખ્ય પહેલો પર ચર્ચા કરી રહી છે. એનર્જી એક્સેસ, એનર્જી સિક્યુરીટી અને એનર્જી ટ્રાન્ઝિશન.

❖ **ગ્લોબલ સોલર ફેસિલિટી (GSF)**

- ISA એ જાહેરાત કરી કે ગ્લોબલ સોલર ફેસિલિટી (GSF) ને 35$ મિલિયનનું મૂડી યોગદાના પ્રાપ્ત થશે. GSF એ સૌર ઉર્જા પ્રોજેક્ટ્સમાં રોકાણને પ્રોત્સાહિત કરવા માટે રચાયેલ પેમેન્ટ ગેરેંટી ફંડ છે.
- ISA તરફથી $10 મિલિયન ઉપરાંત ભારત સરકાર GSF માં મૂડી યોગદાન તરીકે $25 મિલિયનનું રોકાણ કરવાનું વિચારી રહી છે. બ્લૂમબર્ગ ફિલાન્થ્રોપીઝ અને CIFF એ પણ GSF ને ટેકો આપવા માટે પ્રતિબદ્ધ છે.

- GSF એ આફ્રિકાના અન્ડરસેવ્ડ અને ભૌગોલિક વિસ્તારોમાં સૌર રોકાણ વધારવા માટે રચાયેલ છે. જે ઓફ – ગ્રીડ સોલર પ્રોજેક્ટ્સ, રૂફટોપ સોલર પ્રોજેક્ટ્સ અને ઉત્પાદક ઉપયોગ સોલર પ્રોજેક્ટ્સમાં ખાનગી મૂડીના પ્રવાહને આકર્ષે એવી અપેક્ષા છે.

❖ **ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA)**

- ISA એ વર્ષ 2015 માં UNFCCC ની COP21 બેઠકમાં ભારત અને ફ્રાંસ દ્વારા સંયુક્ત રીતે કલ્પના કરવામાં આવી હતી.
- હાલમાં 116 દેશો સહિકર્તા છે જેમાંથી 94 દેશોએ સંપૂર્ણ સભ્યપદ મેળવ્યું છે.
- ISA નું મુખ્યમથક ભારતના ગુરુગ્રામમાં નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ સોલર એનર્જી (NISE) ખાતે આવેલું છે.

❖ **ISA એસેમ્બલી**

- એસેમ્બલી એ ISA ની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા છે, જેમાં દરેક સભ્ય દેશનું પ્રતિનિધિત્વ થાય છે.
- આ સંસ્થા ISA ના ફ્રેમવર્ક કરારના અમલીકરણ અને તેના ઉદ્દેશ્યને હાંસલ કરવા માટે લેવામાં આવતી સંકલિત ક્રિયાઓને લગતા નિર્ણયો લે છે.
- એસેમ્બલી દર વર્ષે ISA ની બેઠક પર મંત્રી સ્તરે મળે છે.

## IOM ની કાનૂની ઓળખ ઉકેલો માટે વૈશ્વિક પહેલ

- યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન (IOM) દ્વારા કોપનહેગન, ડેન્માર્ક ખાતે કાનૂની ઓળખ અને કાનૂની ઓળખ વિનાના લોકો માટે મૂળ અને ગંતવ્યના દેશો વચ્ચે સંવાદને પ્રોત્સાહન આપવા માટે કાનૂની ઓળખ અને અધિકારો આધારિત રીટર્ન મેનેજમેન્ટ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.
- વૈશ્વિક સ્તરે લગભગ એક અબજ લોકો પાસે કાનૂની ઓળખનો અભાવ છે, જે તેમની સેવાઓની એક્સેસ અને ચળવળની સ્વતંત્રતાને અવરોધે છે, જે વધુ જોખમી અને અનિયમિત સ્થળાંતર માર્ગો તરફ દોરી જાય છે.
- આ પહેલ IOM ના ગ્લોબલ પ્રોગ્રામ એન્હાસિંગ રીડમિશન એન્ડ લીગલ આઈડેન્ટિટી કેપેસિટિઝ (RELICA) ના માળખામાં આયોજીત કરવામાં આવી હતી જે વર્ષ 2022 માં શરૂ કરવામાં આવી હતી.
- IOM ની સ્થાપના 1951 માં થઈ હતી અને તેનું મુખ્યાલય લે ગ્રાન્ડ સેકોનેક્સ, સ્વિત્ઝર્લેન્ડ ખાતે છે.

## વૈશ્વિક વાઘની સંખ્યામાં વધારો, દક્ષિણપૂર્વ એશિયા વસવાટના જોખમોનો સામનો કરે છે

- જ્યારે એશિયાના ભાગોમાં વાઘની વસ્તી પુનઃપ્રાપ્ત થઈ રહી છે, ત્યારે દક્ષિણપૂર્વ એશિયામાં સંખ્યા ઘટી રહી છે. જે 2022 સુધીમાં વૈશ્વિક સ્તરે જંગલી વાઘને બમણા કરવાના આંતરરાષ્ટ્રીય લક્ષ્યો સામે પડકારો ઉભા કરે છે.
- દેશોએ ગ્લોબલ ટાઈગર રિકવરી પ્રોગ્રામ હેઠળ 2010-2022 સુધી CITES વન્યજીવ સંધિમાં વસ્તીનો ડેટા સબમિટ કર્યો હતો. જે મુજબ વાઘની વસ્તીમાં એકંદરે 60% નો વધારો થયો અને કુલ સંખ્યા 5870 થઈ.
- દક્ષિણ એશિયામાં ફાયદો જોવા મળ્યો પરંતુ ભૂટાન, મ્યાનમાર, કંબોડિયા, લાઓસ અને વિયેતનામની વસ્તીમાં ઘટાડો થયો, જેના કારણે દક્ષિણ–પૂર્વ એશિયાની સ્થિતી વિકટ બની.
- શિકાર, નબળી દેખરેખ, વિકાસ માટે રહેઠાણની ખોટ, વન્યજીવ વેપાર કેન્દ્રોની નિકટતા અને નબળા કાયદા અમલીકરણને કારણે દક્ષિણ પૂર્વ એશિયામાં વાઘનો ઘટાડો જોવા મળ્યો.




- બાંગ્લાદેશ, નેપાળ, ભૂતાન, ચીન અને રશિયાએ વસવાટ સંરક્ષણ અને સંરક્ષણ પગલાંને લીધે વાઘની વસ્તીમાં વધારો જોયો.
- રિપોર્ટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વનનાબૂદીથી વસવાટના વિભાજનની ચેતવણી આપવામાં આવી છે.
- વાઘ સંરક્ષણ લેન્ડસ્કેપ્સ (TCL) ને ચાલુ માનવ – પર્યાવરણ તણાવ સાતત્યના પરીપ્રેક્ષ્યમાં જોવાની જરૂર છે. કેટલાક TCL માં કૃષિ અને પશુપાલન જેવી માનવ પ્રવૃત્તિઓ ચાલૂ છે. આવી પ્રવૃત્તિઓ પર જરૂરી પગલાં લઈને વાઘનું સંરક્ષણ કરી શકાય.

❖ **ગ્લોબલ ટાઈગર રિકવરી પ્રોગ્રામ 2.0**

- ગ્લોબલ ટાઈગર રિકવરી પ્રોગ્રામ (GTRP) 2.0 ને 29 જુલાઈ (ઈન્ટરનેશનલ ટાઈગર ડે) 2023 ના રોજ થિમ્પુ ખાતે ભુતાનની રોયલ સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યો.
- ટાઈગર રેન્જ કન્ટ્રીઝની પ્રતિબદ્ધતાઓ સાથે વર્ષ 2022 સુધીમાં જંગલી વાઘની વસ્તી બમણી કરવા માટે ગ્લોબલ ટાઈગર ઈનિશિએટિવ હેઠળ વર્ષ 2010 માં વર્લ્ડ બેંક દ્વારા GTRP શરૂ કરવામાં આવી હતી.
- GTRP 2.0 ને ગ્લોબલ ટાઈગર ફોરમના આંતર સરકારી પ્લેટફોર્મ દ્વારા વર્લ્ડવાઈડ ફંડ ફોર નેચર (WWF) જેવા સહયોગીઓ સાથે વાઘ શ્રેણીના દેશો દ્વારા મજબૂત કરવામાં આવ્યું છે.
- GTRP 2.0 માનવ વન્યજીવ સંઘર્ષ જેવા સમકાલીન પડકારોને સંબોધિત કરતી વખતે વાઘ શાસનને મજબૂત કરવા, સંસાધનો અને સંરક્ષણ વધારવા પર ભાર મૂકે છે.

## INDUS-X રોકાણકારોની મીટ



- આગામી 2+2 ભારત – યુએસ મંત્રી સ્તરીય સંવાદની પહેલા ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સની ઈનોવેશન ફોર ડિફેન્સ એક્સલેન્સ (iDEX) અને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ દ્વારા નવી દિલ્હી ખાતે પ્રથમ INDUS-X રોકાણકારો મીટનું આયોજન કર્યુ હતું.
- આ ઈવેન્ટ દરમિયાન, INDUS-X શૈક્ષણિક શ્રેણી (ગુરૂકુલ) શરૂ કરવામાં આવી હતી.
- ગુરૂકુલ પહેલનો ઉદ્દેશ્ય યુએસ અને ભારત બંનેની સંરક્ષણ ઈકોસિસ્ટમમાં ઈનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન આપવાનો છે.
- INDUS-X પહેલ, જૂન 2023 માં શરૂ કરવામાં આવી હતી. તે ભારત અને યુએસ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી, સંયુક્ત પડકારો, નવીનતા ભંડોળ, શૈક્ષણિક જોડાણ અને ઉદ્યોગ – સ્ટાર્ટઅપ જોડાણોને પ્રોત્સાહન આપતા સંરક્ષણ ઈનોવેશન સેતુ તરીકે સેવા આપે છે.
- ક્રિટીકલ એન્ડ ઈમર્જિંગ ટેક્નોલોજીસ (iCET) પર પહેલ હેઠળ તે એક મોટી આગામી પહેલ છે.

## 10મી સંરક્ષણ મંત્રીઓની બેઠક – Plus (ADMM Plus)




- તાજેતરમાં સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે ઈન્ડોનેશિયાના જકાર્તામાં 10 મી ASEAN Defence Ministers Meeting – Plus (ADMM Plus) માં હાજરી આપી હતી.

❖ **ADMM Plus ખાતે સંરક્ષણ પ્રધાન દ્વારા મુખ્ય સંબોધન**

- **આંતરરાષ્ટ્રીય કાયદાઓ પ્રત્યે પ્રતિબદ્ધતા**
  - સંરક્ષણ મંત્રીએ કહ્યુ કે ભારત નેવિગેશન, ઓવરફ્લાઈટ અને કાયદેસર વાણિજ્યની સ્વતંત્રતા માટે પ્રતિબદ્ધ છે.
  - યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો ઓફ ધ સી (UNCLOS) 1982 સહિત આંતરરાષ્ટ્રીય કાયદાઓનું પાલન કરવા પ્રતિબદ્ધ છે.
- **વૈશ્વિક ખતરા તરીકે આંતકવાદ**
  - આંતકવાદને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટેના ગંભીર ખતરા તરીકે ઓળખના સંરક્ષણ મંત્રીએ આ વૈશ્વિક ખતરાનો સામનો કરવા માટે સંયુક્ત પ્રયાસો કરવા આહવાન કર્યુ.

**ASEAN (એસોસિએશન ઓફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન્સ) વિશે....**

**સ્થાપના** : 8 ઓગસ્ટ 1967 ના રોજ બેંગકોક ઘોષણા દ્વારા
**વડુમથક** : જકાર્તા, ઈન્ડોનેશિયા

- **પ્રાદેશિક સુરક્ષા અને સહકાર**
  - ASEAN ની કેન્દ્રિયતાને સ્વીકારતા, તેમણે પ્રાદેશિક સુરક્ષા પહેલોની હિમાયત કરી જે સલાહકાર અને વિકાસલક્ષી હોય.
  - ભારતે ખાસ કરીને પ્રાદેશિક દરિયાઈ સુરક્ષાને વધારવાના ઉદ્દેશ્ય સાથે ADMM Plus સાથે વ્યવહારુ, આગળ દેખાતા અને પરિણામલક્ષી સહકારને પ્રોત્સાહન આપવા માટે તેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

❖ **ADMM Plus શું છે?**

- આ પ્રદેશમાં શાંતિ, સ્થિરતા અને વિકાસ માટે સુરક્ષા અને સંરક્ષણ સહયોગને મજબૂત કરવા માટે ASEAN અને તેના આઠ સંવાદ ભાગીદારો માટે એક મંચ છે.
- 10 ASEAN રાષ્ટ્રો અને આઠ સંવાદ ભાગીદારોમાં ભારત, ચીન, ઓસ્ટ્રેલિયા, જાપાન, ન્યુઝીલેન્ડ, રિપબ્લિક ઓફ કોરયા, રશિયા અને યુએસનો સમાવેશ થાય છે.
- ભારત 1992 થી ડાયલોગ પાર્ટનર બન્યું છે.

- **ADMM પ્લસના ઉદ્દેશ્યો**
  - વધુ સંવાદ અને પારદર્શિતા દ્વારા સંરક્ષણ સંસ્થાઓ વચ્ચે પરસ્પર વિશ્વાસને પ્રોત્સાહન આપવું.
  - આ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સુરક્ષા પડકારોને ધ્યાનમાં રાખીને સુરક્ષા અને સંરક્ષણમાં સહકાર દ્વારા પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા વધારવા માટે.

## બીજી 'વોઈસ ઓફ ધ ગ્લોબલ સાઉથ સમિટ' નું આયોજન

- ભારતે તાજેતરમાં વર્ચ્યુઅલ રીતે યોજાયેલી તેની બીજી 'વોઈસ ઓફ ધ ગ્લોબલ સાઉથ સમિટ' (VOGSS) પૂર્ણ કરી.
- જે રાષ્ટ્રો વચ્ચે એકતા વધારવા અને વૈશ્વિક દક્ષિણમાં તેના નેતૃત્વને મજબૂત કરવા માટે ભારતની પ્રતિબદ્ધતાનો સંકેત આપે છે.
- આ સમિટનું ઉદ્દઘાટન સત્ર 'ટુગેધર, ફોર એવરીવન્ઝ ગ્રોથ, વિથ એવરીવન્ઝ ટ્રસ્ટ' આસપાસ કેન્દ્રિત હતું. જયારે સમાપન સત્રમાં 'ગ્લોબલ સાઉથ : ટુગેધર ફોર વન ફયુચર' પર ભાર મૂકવામાં આવ્યો હતો.

- આ સમિટનો મુખ્ય ઉદ્દેશ્ય, ભારત દ્વારા આયોજીત G20 સમિટના પરિણામોનો પ્રસાર કરવો અને વિકાસશીલ દેશોના હિતોને ધ્યાનમાં રાખીને G20 નિર્ણયોના અસરકારક અમલીકરણ માટે સતત ગતિ સુનિશ્ચિત કરવાનો હતો.
- ભારતીય વડાપ્રધાને ગ્લોબલ સાઉથ સેન્ટર ઓફ એક્સેલન્સ 'DAKSHIN' પહેલનું ઉદ્દઘાટન કર્યું. જેનો ઉદ્દેશ્ય જ્ઞાન ભંડાર અને થિંક ટેંક તરીકે સેવા આપીને વિકાસશીલ રાષ્ટ્રો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.
- મંત્રી સ્તરીય સત્રોમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ, એનર્જી ટ્રાન્ઝિશન, ક્લાઈમેટ ફાઈનાન્સ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, મહિલાઓના નેતૃત્વમાં વિકાસ, આંતકવાદ વિરોધી અને વૈશ્વિક સંસ્થામાં સુધારા સહિતના વિષયોની વિશાળ શ્રેણીમાં ચર્ચા કરવામાં આવી હતી.
- ગ્લોબલ સાઉથ માટે 5 'Cs' પહેલની હાકલ ભારત દ્વારા કરવામાં આવી છે. consultation, cooperation, communication, creativity and capacity building.




❖ **ગ્લોબલ સાઉથ શું છે?**

- ગ્લોબલ સાઉથ શબ્દ ભૌગોલિક નથી તે વિશ્વના વિકાસશીલ અને ઓછા વિકસિત દેશોનો સંદર્ભ આપે છે.
- રાજકીય કાર્યકર્તા કાર્લ ઓગલેબ્સી દ્વારા વર્ષ 1969 માં તેનો પ્રથમ વખત ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## વોલ્વિસ ખાડી પોર્ટ પર INS સુમેધા

- પશ્ચિમ આફ્રિકા અને એટલાન્ટિકમાં ભારતીય નૌકાદળના મિશન આધારિત તૈનાતના ભાગરૂપે વ્યૂહાત્મક પગલામાં, INS સુમેધાએ વોલ્વિસ ખાડી ખાતે પોર્ટ કોલ કર્યો હતો.
- આ પોર્ટ કોલ નામિબિયા સાથે ભારતના ઉષ્માભર્યા સંબંધો, દરિયાઈ સુરક્ષા વધારવા અને મિત્ર રાષ્ટ્રો સાથે એકતા દર્શાવવાની તેની પ્રતિબદ્ધતાનું અભિવ્યક્તિ છે.
- વોલ્વિસ ખાડી એ એટલાન્ટિક મહાસાગરના કાંઠે નામિબિયાના દરિયાકિનારે આવેલું વેપાર માટેનું મહત્વનું ગેટ વે પોર્ટ છે.




❖ **INS સુમેધા**

- તે સ્વદેશી રીતે નિર્મિત સચ્યુ નેવલ ઓફશોર પેટ્રોલ વેસેલ્સનું ત્રીજુ જહાજ છે.
- તે ગોવા શિપયાર્ડ લિમિટેડ દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસિત કરવામાં આવેલું છે.
- તે વિશાખાપટ્ટનમ સ્થિત ભારતીય નૌકાદળના ઈસ્ટર્ન ફ્લીટનો એક ભાગ છે.

## ઈન્ડો – પેસિફિક રિઝનલ ડાયલોગ (IPRD) 2023

- તાજેતરમાં ઈન્ડો–પેસિફિક રિઝનલ ડાયલોગ 2023 (IPRD-2023) ની 5 મી આવૃત્તિ ભારતીય નૌકાદળનો ત્રણ દિવસીય વાર્ષિક સર્વોચ્ચ – સ્તરનો પ્રાદેશિક વ્યૂહાત્મક સંવાદ નવી દિલ્હીમાં શરૂ થયો.
- તે વ્યૂહાત્મક સ્તરે ભારતીય નૌકાદળની સર્વોચ્ચ સ્તરની આંતરરાષ્ટ્રીય વાર્ષિક પરિષદ છે જે સમગ્ર ઈન્ડો– પેસિફિકમાં દરિયાઈ સુરક્ષા મુદ્દાઓને સંબોધિત કરે છે.
- વર્ષ 2018, 2019, 2021 અને 2022 માં ચાર આવૃત્તિઓનું આયોજન થઈ ચૂક્યું છે.
- IPRD 2023 ની થીમ – 'ઈન્ડો પેસિફિક મેરીટાઈમ ટ્રેડ એન્ડ કનેક્ટિવિટી પર ભૌગોલિક રાજકીય અસરો' છે.
- ઉદ્દેશ્યો :
  - ઈન્ડો – પેસિફિકમાં દરિયાઈ પ્રવાહોની સમીક્ષા
  - પ્રાદેશિક તકો અને પડકારોનું મૂલ્યાંકન
  - મુખ્ય હિસ્સેદારો વચ્ચે ઉકેલ –લક્ષી સંવાદની સુવિધા આપવી.
- IPRD 2023 છ પ્રોફેશનલ સત્રોનું આયોજન કરશે જેમાં દરેક ઈન્ડો – પેસિફિકમાં દરિયાઈ વેપાર અને કનેક્ટિવિટીના વિવિધ પાસાઓની ચર્ચા કરશે.




- આયોજક :
  - નેશનલ મેરીટાઈમ ફાઉન્ડેશન (NMF) IPRD ની દરેક આવૃત્તિ માટે પ્રાથમિક આયોજક અને જ્ઞાન ભાગીદાર તરીકે સેવા આપે છે.
  - NMF ની સ્થાપના વર્ષ 2005 માં, તમામ 'મેટર્સ મેરીટાઈમ' પર સ્વતંત્ર અને નીતિ – સંબંધિત સંશોધન કરવા માટે રાષ્ટ્રની પ્રથમ મેરીટાઈમ થિંક –ટેન્ક તરીકે કરવામાં આવી હતી.

- તે શરૂઆતથી જ ભારતના નીતિ–નિર્માતાઓ, બૌદ્ધિક આગેવાનો અને સભ્ય સમાજમાં દરિયાઈ જાગરૂકતા વધારવા માટે રચાયેલ છે.

❖ **સહભાગીઓ**

- 16 દેશોના વક્તાઓ અને પ્રતિનિધિઓની ભાગીદારી
- વિષયના નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ, ઉદ્યોગના નેતાઓ અને શિક્ષણવિદોનું પ્રતિનિધિત્વ
- વિદ્યાર્થીઓ, વિદ્વાનો, લશ્કરી અધિકારીઓ, રાજદ્વારીઓ વગેરે

➲ IPRD 2023 એ ગોવા મેરીટાઈમ કોન્કલેવ 2023 ને અનુસરે છે. ગોવા મેરીટાઈમ કોન્કલેવ નૌકાદળના વડાઓ અને મેરીટાઈમ એજન્સીઓના વડાઓ વચ્ચે હિંદ મહાસાગર ક્ષેત્રમાં વ્યૂહાત્મક ઓપરેશનલ જોડાણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જયારે IPRD વિશાળ ઈન્ડો – પેસિફિક ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષા મુદ્દાઓને ઉકેલવા માટે વ્યાપક, વ્યૂહાત્મક સ્તરનો અભિગમ અપનાવે છે.

## WHO અને આયુષ મંત્રાલયે પરંપરાગત અને પૂરક દવા ‘Project Collaboration Agreement’ પર હસ્તાક્ષર કર્યા.

➲ જીનીવા ખાતે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અને આયુષ મંત્રાલયે પરંપરાગત અને પૂરક દવાને વૈશ્વિક સ્તરે આગળ વધારવાના ઉદ્દેશ્યથી એક નોંધપાત્ર ‘Project Collaboration Agreement’ પર હસ્તાક્ષર કર્યા.



❖ **પ્રથમ તબક્કો**

- આ કરારનો પ્રારંભિક તબક્કો વર્ષ 2023 થી વર્ષ 2028 સુધીનો છે જે પૂરક તબીબી પ્રણાલીના વૈશ્વિક વિકાસમાં સીમાચિહ્નરૂપ બનશે.

❖ **કરારના ઉદ્દેશ્યો**

- પરંપરાગત અને પૂરક તબીબી પ્રણાલીઓને પ્રમાણિત કરવા, ગુણવત્તા અને સલામતીના પાસાઓને રાષ્ટ્રીય આરોગ્ય પ્રણાલીમાં એકીકૃત કરવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેનો પ્રસાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

❖ **વૈશ્વિક વ્યૂહરચના 2025-34 : એક સંયુક્ત પહેલ**

- WHO અને આયુષ મંત્રાલય સાથે મળીને ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સ્ટ્રેટજી 2025-34 વિકસાવશે, જે પરંપરાગત અને પૂરક મેડિકલ સિસ્ટમને ભારતની નેશનલ હેલ્થ સિસ્ટમ સાથે જોડવાના પ્રયાસોને સંરેખિત કરશે.

❖ **તાલીમ અને પ્રેક્ટિસને મજબૂત બનાવવી**

- આ કરાર પૂરક દવા પ્રણાલી ‘સિધ્ધા’ ના ક્ષેત્રમાં તાલીમ અને પ્રેક્ટિસને વધારવાના પ્રયાસોની રૂપરેખા આપે છે.

❖ **ઈન્ટરનેશનલ હર્બલ ફાર્માકોપીઆ ડેવલપમેન્ટ**

- ચાઈનીઝ એકેડમી ઓફ સાયન્સ દ્વારા 'નેચર ઈકોલોજી એન્ડ ઈવોલ્યુશન' નામના જર્નલમાં પ્રકાશિત થયેલા તાજેતરના વિશ્લેષણ મુજબ આબોહવા પરિવર્તનની ઈકોસિસ્ટમ્સ અને મૂળ પ્રજાતિઓ પર ભયજનક અસરો થઈ રહી છે.




❖ **અભ્યાસના મુખ્ય તારણો**

- જેમ જેમ આપણો ગ્રહ હિટ વેવ્સ, કોલ્ડ વેવ્સ, દુષ્કાળ અને પૂર જેવી આત્યાંતિક હવામાન ઘટનાઓની આવર્તન અને તીવ્રતાનો અનુભવ કરે છે ત્યારે ઈકોસિસ્ટમમાં નોંધપાત્ર ફેરફારો થાય છે.
- બિન – મૂળ પ્રજાતિઓ ભારતે હવામાનની ઘટનાઓમાં મૂળ પ્રજાતિઓ કરતા વધુ સારી રીતે કામ કરે છે.
- બિન – મૂળ પ્રજાતિઓની ભારે હવામાનની ઘટનાઓનો સામનો કરવાની ક્ષમતા તેમની લાક્ષણિકતાઓને આભારી હોઈ શકે છે, જેમ કે ઉચ્ચ પ્રજનન દર, વર્તન અને શરીર વિજ્ઞાનમાં અનુકૂલનક્ષમતા અને વિક્ષેપ માટે વધુ સહનશીલતા.
- જયારે મૂળ પ્રજાતિઓ આત્યંતિક ઘટનાઓ દ્વારા નકારાત્મક રીતે પ્રભાવિત થાય છે, ત્યારે વિકાસ કરી શકે છે.
- આ અભ્યાસ આત્યંતિક હવામાનની ઘટનાઓથી પ્રભાવિત વિસ્તારોની દેખરેખની તાકીદ અને મૂળ પ્રજાતિઓની પુનઃપ્રાપ્તિમાં મદદ કરવાના પ્રયાસોને પ્રાથમિક આપવા પર ભાર મૂકે છે.

## ચિકનગુનિયા માટે વિશ્વની પ્રથમ Ixchiq રસી




- યુનાઈટેડ સ્ટેટ્સના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ ચિકનગુનિયા માટે વિશ્વની પ્રથમ રસી Ixchiq ને મંજૂરી આપી છે.
- આ સિંગલ – શોટ રસી યુરોપીયન રસી ઉત્પાદક વાલ્નેવા દ્વારા વિકસાવવામાં આવી છે જે ચિકનગુનિયા વાયરસ સામે લડવામાં મદદ કરે છે.
- આ રસીને સ્નાયુમાં ઈન્જેક્શન દ્વારા ઈન્જેક્ટ કરવામાં આવે છે તેમા ચિકનગુનિયા વાયરસનું જીવંત, નબળું સંસ્કરણ છે.
- 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના અને વાયરસના સંપર્કમાં આવવાનું જોખમ વધારે હોય તેવા લોકો માટે આ રસી મંજૂર કરવામાં આવી છે.

❖ **ચિકનગુનિયા રોગ**

- ચિકનગુનિયા એ મચ્છરજન્ય વાયરલ રોગ છે જે મુખ્યત્વે ચેપગ્રસ્ત મચ્છરોના કરડવાથી મનુષ્યોમાં ફેલાય છે, ખાસ કરીને એડીસ એજીપ્ટી અને એડીસ આલ્બોપિક્ટસ.
- આ વાયરસ સામાન્ય રીતે આફ્રિકાના ઉષ્ટકટીબંધીય પ્રદેશો, દક્ષિણપૂર્વ એશિયા અને અમેરિકાના ભાગોમાં જોવા મળે છે.
- ચિકનગુનિયાના ચેપમાં તાવ અને સાંધામાં તીવ્ર દુખાવો જેવા લક્ષણો જોવા મળે છે.

## ભારતે પ્રલય બેલેસ્ટિક મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ



- 7 નવેમ્બર, 2023 ના રોજ ભારતે સપાટીથી સપાટી પર માર કરનાર ટૂંકા અંતરની બેલેસ્ટિક મિસાઈલ 'પ્રલય' નું સફળ પરિક્ષણ કર્યુ હતું.
- આ પરીક્ષણ ઓડિશાના કિનારે અબ્દુલ કલામ ટાપુ પર થયું હતું.
- પ્રલય મિસાઈલ DRDO દ્વારા વિકસાવવામાં આવેલી ટૂંકા અંતરની બેલેસ્ટિક મિસાઈલ (SRBM) યુધ્ધક્ષેત્રના ઉપયોગ માટે રચાયેલ છે.
- આ મિસાઈલ 500-1000 કિલોગ્રામની પેલોડ ક્ષમતા વહન કરી શકે છે.
- પ્રલય મિસાઈલ વિકસાવવાના પ્રોજેક્ટને વર્ષ 2015 માં રૂા. 322.88 કરોડના બજેટ સાથે મંજૂરી આપવામાં આવી હતી.
- તે એક બહુમુખી બેલેસ્ટિક મિસાઈલ છે જે પરંપરાગત ભૂમિકાઓ માટે રચાયેલ છે અને તેને નોંધપાત્ર સંખ્યામાં સંરક્ષણ દળોમાં સામેલ કરવાની તૈયારી છે.

## Exercise CORPAT અને Bongosagar

- ભારતીય અને બાંગ્લાદેશ નૌસેનાએ 7 થી 9 નવેમ્બર સુધી ઉત્તર બંગાળની ખાડીમાં દ્વિપક્ષીય ક્વાયત, Bongosagar-23 ની 4 થી આવૃત્તિ અને કોઓર્ડિનેટેડ પેટ્રોલ (CorPAT) ની 5 મી આવૃત્તિ સફળતાપૂર્વક હાથ ધરી.




❖ **સહભાગીઓ**

❖ **ભારતીય નૌકાદળ**

- INS કુથાર (ગાઈડેડ મિસાઈલ કોર્વેટ)
- INS કિલતાન (એન્ટી સબમરીન કોર્વેટ)
- મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ (MPA) ડોર્નિયર
- ભાગ લેનાર ત્રણેય ભારતીય નૌકાદળના જહાજો વિશાખાપટ્ટનમ સ્થિત પૂર્વીય ફલીટના અભિન્ન ઘટકો છે.

❖ **બાંગ્લાદેશ નૌકાદળ**

- જાહાજો અબુબકર અને અબુ ઉબેદાહ
- MPA
- આ એક્સરસાઈઝ દરમિયાન બંને દેશોના જહાજો અને એરક્રાફટોએ ઈન્ટરનેશનલ મેરીટાઈમ બાઉન્ડ્રી લાઈન (IMBL) પર સંયુક્ત પેટ્રોલિંગ હાથ ધર્યુ હતું અને ત્યાર બાદ આંતર કાર્યક્ષમતા વધારવા માટે દરિયાઈ કવાયત હાથ ધરી હતી.
- બંને દેશોની પ્રવૃત્તિઓમાં સંચાર કવાયત, સરફેસ ગન – શૂટ, વ્યૂહાત્મક દાવપેચ અને સંકલન સુધારવાના હેતુથી અન્ય પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.
- CORPAT-23 માં બંને નૌકાદળ વચ્ચે હાથ ધરવામાં આવેલી પ્રથમ માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત (HADR) ક્વાયતનો પણ સમાવેશ થયા છે. જેમાં દરિયામાં શોધ અને બચાવની સ્થિતિનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.
- નિયમિત દ્વિપક્ષીય ક્વાયત અને સમન્વયિત પેટ્રોલિંગથી બંને નૌકાદળો વચ્ચે પરસ્પર સમજણ અને સહકાર મજબૂત થયો છે.

## ઝાગ્લોસસ એટનબરોગી



- 'ઝાગ્લોસસ એટનબરોગી' નામનો એક પ્રચંતી એકિડના (Echidna) છ દાયકાઓ સુધી અદ્દશ્ય થયા પછી લુપ્ત થવાની આશંકા હતી, તે ઈન્ડોનેશિયાના દૂરના ભાગમાં ફરી મળી આવ્યો છે.
- એટનબરોની લાંબી ચાંચવાળુ એકિડના તરીકે ઓળખાતું આ પ્રાણી મોનોટ્રેમ્સ નામના ઈંડા મૂકતા સસ્તન પ્રાણીઓના નાના, અનન્ય જૂથનું છે, જેમાં પ્લેટિપસનો પણ સમાવેશ થાય છે.
- તેનુ નામ પ્રકૃતિવાદી સર ડેવિડ એટનબરોના માનમાં રાખવામાં આવ્યું છે.
- ઈન્ડોનેશિયાના પાપુઆ પ્રદેશના અત્યંત દૂરસ્થ સાયકલોપ્સ પર્વતોમાં એકિડના મળી આવ્યું હતું.
- ઝાગ્લોસસ એટનબરોગી લાંબી ચાંચવાળી એકિડનાની સૌથી નાની જાણીતી પ્રજાતિ છે જેના શરીર પર તીક્ષ્ણ સ્પાઈન્સ આવેલા હોય છે.
- આ એકિડના નિશાચર અને શરમાળ છે જે તેમની શોધને પડકારરૂપ બનાવે છે.
- IUCN રેડ લિસ્ટ : ક્રિટીકલી એન્ડેન્જર્ડ
- વન્યપ્રાણી સૃષ્ટિ અને વનસ્પતિની પ્રજાતિમાં આંતરરાષ્ટ્રીય વેપાર પર સંમેલન (CITES) : પરિશિષ્ટ II

Banking Academy

## મિઝોરમમાં ગેકોની નવી પ્રજાતિઓ મળી



- વૈજ્ઞાનિકો અને સંશોધકોની ટીમે મિઝોરમમાં ગેકોની એક નવી પ્રજાતિ શોધી કાઢી છે.
- મિઝોરમના વૈરંગટે શહેરમાં મળી આવેલી હોવાથી નવી ગેકો પ્રજાતિનું નામ 'સાયર્ટોડેક્ટિલસ વાયરેન્ટેન્સીસ' રાખવામાં આવ્યું છે.
- નવી પ્રજાતિ માટે સૂચવેલ સામાન્ય નામ 'વૈરંગટે બેન્ટ ટોડ ગેકો' છે.
- આ નવી પ્રજાતિની વિશિષ્ટ વિશેષતા ફેમોરલ છિદ્રોની સંખ્યા છે જે તેને સાયર્ટોડેક્ટિલસ પરિવારના અન્ય સભ્યોથી અલગ પાડે છે.
- ફેરોમલ છિદ્રો ગરોળીમાં પાછળના પગની નીચે સ્થિત હોય છે જે લિપિડ્સ અને પ્રોટિનનું મિશ્રણ સ્ત્રાવ કરે છે અને તેનો ઉપયોગ સાથીઓને આકર્ષવા અને પ્રદેશોને ચિહ્નિત કરવા માટે માનવામાં આવે છે.
- ગેકો એ સરિસૃપ છે અને એન્ટાર્કટિકા સિવાય તમામ ખંડોમાં જોવા મળે છે.

## સંયુક્ત લશ્કરી ક્વાયત મિત્ર શક્તિ – 2023 શરૂ થઈ




- ભારત અને શ્રીલંકાની સેના વચ્ચે સંયુક્ત લશ્કરી ક્વાયત 'મિત્ર શક્તિ – 2023' 16 નવેમ્બરથી 29 નવેમ્બર, 2023 દરમિયાન ઔંધ (પૂણે) ખાતે હાથ ધરવામાં આવી રહી છે.
- આ વર્ષે આ ક્વાયતની 9 મી આવૃત્તિ છે.
- 120 જવાનોની ભારતીય ટુકડીનું પ્રતિનિધિત્વ મુખ્યત્વે મરાઠા લાઈટ ઈન્ફન્ટ્રી રેજિમેન્ટના સૈનિકો દ્વારા કરવામાં આવે છે.
- ભારતીય વાયુસેના અને શ્રીલંકાના વાયુસેનાના કર્મચારીઓ પણ આ ક્વાયતમાં ભાગ લઈ રહયા છે, જે 9 મી 'મિત્ર શક્તિ ક્વાયત' ને બંને દેશો વચ્ચેની પ્રથમ દ્વિપક્ષીય અને દ્વિ–સેવા ક્વાયત બનાવે છે.
- ક્વાયતનો ઉદ્દેશ્ય સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના પ્રકરણ VII હેઠળ પેટા – પરંપરાગત કામગીરીના આચરણનું સંયુક્ત રિહર્સલ કરવાનો છે.
- આ ક્વાયતમાં આંતકવાદ વિરોધી કામગીરી દરમિયાન સંયુક્ત પ્રતિસાદને સુમેળ બનાવવાનો સમાવેશ થયા છે.

## 'અમિની' – ભારતીય નૌકાદળનું ચોથું એન્ટી સબમરિન વોરફેર ક્રાફ્ટ લોન્ચ થયું

- તાજેતરમાં ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) એ તમિલનાડુના કટ્ટુપલ્લી ખાતે એન્ટી – સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફ્ટ (ASW-SWC) શ્રેણીમાં ચોથુ જહાજ 'અમિની' લોન્ચ કર્યુ.



❖ **વ્યૂહાત્મક મહત્વ**

- 'અમિની' નામનું આ જહાજ કોચીથી લગભગ 400 કિમી પશ્ચિમમાં આવેલા લક્ષ્યદ્વિપમાં અમિની ટાપુના વ્યૂહાત્મક દરિયાઈ મહત્વનું પ્રતીક છે.

❖ **વેસલ સ્પેસિફિકેશન**

- ASW-SWC જાહાજો 77 m લાંબા છે, 900 ટનના ડિસ્પ્લેસમેન્ટ સાથે, 25 નોટ્સની મહત્તમ ઝડપ અને આશરે 1800 NM ની સહનશક્તિ ધરાવે છે.

❖ **સ્વદેશી શિપબિલ્ડિંગ સ્ટ્રાઈડ્સ**

- ત્રીજા જહાજના લોન્ચિંગના એક વર્ષની અંદર શરૂ કરવામાં આવેલ આ સ્વદેશી જહાજ નિર્માણમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે. જે આત્મનિર્ભર ભારતની દ્દષ્ટિમાં યોગદાન આપે છે.

❖ **કરાર**

- સંરક્ષણ મંત્રાલયે 29 એપ્રિલ, 2019 ના રોજ GRSE સાથે આઠ ASW – SWC જહાજોના નિર્માણ માટે હસ્તાક્ષર કર્યા હતા. GRSE કોલકત્તા ખાતે 4 જહાજો બાંધવામાં આવ્યા છે અને બાકીના જહાજો હલ અને પાર્ટ આઉટફિટિંગ માટે L & T શિપબિલ્ડીંગ , કટુપલ્લી સાથે પેટા કોન્ટ્રાકટ છે.

❖ **મિશન ક્ષમતાઓ**

- અર્નાલા વર્ગના ભાગરૂપે, આ જહાજો દરિયાકાંઠે પાણીમાં સબમરીન વિરોધી કામગીરી, લો – ઈન્ટેન્સિટી મેરીટાઈમ ઓપરેશસ (LIMO), અને માઈન લેઈંગ ઓપરેશન્સ માટે રચાયેલ અભય વર્ગ ASW કોર્વેટ્સ ને બદલશે.

Banking Academy

❖ **સ્વદેશી સામગ્રી**

- 80% થી વધુ સ્વદેશી સામગ્રી સાથે, ASW SWC જહાજો દેશની અંદર મોટા પાયે સંરક્ષણ ઉત્પાદનમાં ફાળો આપે છે, રોજગારને પ્રોત્સાહન આપે છે. અને ક્ષમતાઓમાં વધારો કરે છે.

## રેતી અને ધૂળના તોફાન



- યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ટુ કોમ્બેટ ડેઝર્ટિફિકેશન (UNCCD) ની તાજેતરની બેઠકમાં રેતી અને ધૂળના તોફાનોના દૂરગામી પરિણામો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો અને તેની અસરોને ઘટાડવા માટે નિર્ણાયક નીતિ ભલામણો સૂચવવામાં આવી હતી.

❖ **વૈશ્વિક ધૂળ ઉત્સર્જન પર UNCCD ના આંકડા**

- લગભગ 75% વૈશ્વિક ધૂળ ઉત્સર્જન વિશ્વના શુષ્ક પ્રદેશો, ટોપોગ્રાફિક ડિપ્રેશન અને શુષ્ક પ્રાચીન તળાવ જેવા કુદરતી સ્ત્રોતોમાંથી ઉદ્ભવે છે.
- 25% ધૂળ ઉત્સર્જન માનવીય પ્રવૃત્તિઓને આભારી છે જેમાં મુખ્યત્વે કૃષિનો સમાવેશ થાય છે.
- રેતી અને ધૂળના તોફાનોના કારણે વિશ્વ વાર્ષિક લગભગ 1 મિલિયન ચોરસ કિલોમીટર ઉત્પાદક જમીન ગુમાવી રહયુ છે.
- અંદાજિત બે અબજ ટન રેતી અને ધૂળ દર વર્ષે વાતાવરણમાં પ્રવેશે છે, જે એશિયા અને આફ્રિકાના મોટા ભાગોમાં વિનાશ વેરીને સમગ્ર વિશ્વમાં નોંધપાત્ર આર્થિક નુકશાન પહોંચાડે છે.

**UNCCD વિશે....**

- રસીકરણ અને દુષ્કાળની અસરોને સંબોધવા માટે UNCCD એકમાત્ર કાયદેસર બંધનકર્તા માળખું છે.
- આ સંમેલનમાં 196 દેશો અને યુરોપિયન યુનિયનનો સમાવેશ થાય છે.

❖ **રેતી અને ધૂળના તોફાનો વિશે.**

- રેતી અને ધૂળના તોફાનો એ એક હવામાન શાસ્ત્રીય ઘટના છે જે મજબૂત અને તોફાની પવનો દ્વારા જમીન પરથી મોટા પ્રમાણમાં રેતી અને ધૂળના કણો ઉપાડે છે અને લાંબા અંતર સુધી લઈ જાય છે.
- તે માનવસ્વાસ્થ્ય, પર્યાવરણ અને અર્થવ્યવસ્થા પર પ્રતિકુળ અસર કરવા માટે જાણીતા છે.
- રેતી અને ધૂળના તોફાનો પાક, વૃક્ષો, ગોચર અને પશુધનની ઉપજ અને ઉત્પાદકતા ઘટાડે છે. જો કે FAO ના અહેવાલ મુજબ આમાની ઘણી અસરો હજુ સુધી સારી રીતે નક્કી કરવામાં આવી નથી.
- FAO રિપોર્ટ રેતી અને ધૂળના વાવાઝોડાથી ઉદ્ભવતા જોખમોને સંબોધતી નીતિઓની ગેરહાજરી પર ભાર મૂકે છે.

❖ **મુખ્ય ભલામણો**

- ક્ષતિગ્રસ્ત જમીનને પુનઃસ્થાપિત કરવા માટે ઉન્નત પદ્ધતિઓ પર ભાર મૂકવો.
- રેતી અને ધૂળના વાવાઝોડાની વહેલી તપાસ અને પ્રતિભાવ માટે અર્લી વોર્નિંગ સિસ્ટમને મજબૂત બનાવવી.
- ધૂળના દમન અને જમીનની સ્થિરીકરણ માટે નવીન તકનીકોમાં સંશોધન અને રોકાણ કરવા માટે નોંધપાત્ર નાણાકીય ભંડોળ એકઠું કરવું.
- ખાનગી ક્ષેત્ર દ્વારા જવાબદાર જમીનના ઉપયોગને પ્રોત્સાહિત કરવા માટે રજૂઆત કરવી.
- રેતી અને ધૂળના તોફાનો સામેના જોખમો, અસરો અને રક્ષણાત્મક પગલાં વિશે સમુદાયોને શિક્ષિત કરવાથી નબળાઈ ઘટાડવામાં મદદ મળી શકે છે.

## અવકાશમાંથી લેસર સિગ્નલ




- નાસાની સાયકી (Psyche) અવકાશયાને અવકાશમાં 16 મિલિયન કિલોમીટરથી વધુ દૂરથી 14 નવેમ્બરે પૃથ્વી પર લેસર સિગ્નલ સફળતાપૂર્વક છોડયું.
- નાસાનું સાયકી સ્પેસક્રાફ્ટ 144 માઈલ લાંબા એસ્ટેરોઈડના મેટલ કોરનું અન્વેષણ કરવા માટે રચાયેલ છે, જે ડિપ સ્પેસ ઓપ્ટિકલ કોમ્યુનિકેશન (DSOC) માટે પરિક્ષણ કરી રહયું છે.
- DSOC પ્રયોગનો ઉદ્દેશ્ય ચંદ્રની બહાર લેસર સંચારનું પ્રદર્શન કરવાનો છે, જે પરંપરાગત રેડિયો તરંગો કરતા વધુ ડેટા દર ઓફર કરે છે.
- આ ટેક્નોલોજી ડીપ સ્પેસ નેટવર્ક પર બેન્ડવિડ્થની મર્યાદાઓને દૂર કરી શકે છે, જે વિવિધ અવકાશ મિશનની વધતી માંગનો સામનો કરે છે.

❖ **નાસાનો DSOC પ્રયોગ શું છે?**

- નાસાનો DSOC (ડિપ સ્પેસ ઓપ્ટિકલ કોમ્યુનિકેશન) પ્રયોગ અવકાશયાન સાથે સંચાર માટે નજીકના ઈન્ફ્રારેડ લેસર સિગ્નલોનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરે છે.
- લેસર ટ્રાન્સમિશન જે 14 નવેમ્બર, 2023 ના રોજ થયું હતું તેને નાસા દ્વારા 'પ્રથમ પ્રકાશ' (First light) તરીકે વર્ણવામાં આવ્યું છે.

- સાયકી અવકાશયાન DSOC ટ્રાન્સસીવર વહન કરનાર પ્રથમ છે. તે મુખ્ય એસ્ટેરોઈડ પટ્ટા સુધી અવકાશયાનની મુસાફરીના પ્રથમ બે વર્ષ દરમિયાન પૃથ્વી પર ઉચ્ચ – બેન્ડવિડ્થ ઓપ્ટિકલ સંચારનું પરિક્ષણ કરશે.

❖ **આ પ્રયોગનું મહત્વ શું છે?**

- DSOC તુલનાત્મક કદ અને શક્તિની અદ્યતન રેડિયો ટેલિકોમ્યુનિકેશન સિસ્ટમ કરતા ઓછામાં ઓછા 10 ગણા વધુ ડેટા દરોને મંજૂરી આપશે.
- તે ઉચ્ચ રિઝોલ્યુશન ઈમેજ, વિજ્ઞાન ડેટાના મોટા જથ્થા અને સ્ટ્રિમિંગ વિડિયોને પણ સક્ષમ કરશે.
- DSOC ઓપ્ટિકલ કોમ્યુનિકેશનને ઊંડા અવકાશમાં લઈ જઈ રહયું છે, જે ચંદ્રની બહાર ઉચ્ચ બેન્ડવિથ સંચાર માટે માર્ગ મોકળો કરે છે.

❖ **નાસાનું સાયકી મિશન**

- સાયકી એ એસ્ટરોઈડ 16 સાયકી (મેટલ સમૃદ્ધ એસ્ટરોઈડ, મંગળ અને ગુરુ વચ્ચે પરિક્રમા કરીને) ગ્રહોની ઉત્પત્તિનું અન્વેષણ કરવા માટેનું નાસાનું અવકાશ મિશન છે.
- નાસાની જેટ પ્રોપલ્શન લેબોરેટરી (JPL) પ્રોજેક્ટનું સંચાલન કરે છે.
- અવકાશયાન ઓગસ્ટ 2029 થી 2031 ના અંત સુધી 16 સાયકીની ભ્રમણકક્ષા માટે સુનિશ્ચિત થયેલ છે. જોકે તે એસ્ટરોઈડ પર ઉતરશે નહી.
- આ મિશન પૃથ્વીના અભેદ્ય આયર્ન કોરમાં વિશિષ્ટ આંતરદૃષ્ટિ પ્રદાન કરવાની ક્ષમતા ધરાવે છે.

## E Prime Layer



- એરિઝોના સ્ટેટ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો સહિત સંશોધકોની એક આંતરરાષ્ટ્રીય ટીમે પૃથ્વીના મુખ્ય ભાગના સૌથી બહારના ભાગમાં E Prime Layer તરીકે ઓળખાતા રહસ્યમય સ્તરનો પર્દાફાશ કર્યો છે.
- આ શોધ ગ્રહમાં ઊંડા સપાટીના પાણીના ઘૂસેપંઠને આભારી છે, જે મેટાલિક લિક્વિડ કોરના બાહયત્તમ પ્રદેશની રચનામાં ફેરફાર તરફ દોરી જાય છે.

❖ **E Prime Layer નો વિકાસ**

- E Prime Layer એ પૃથ્વીના મૂળના સૌથી બહારના ભાગમાં એક અલગ સ્તર છે. જે અબજો વર્ષોથી પૃથ્વીની અંદર ઊંડે સુધી ઘુસી રહેલા સપાટીના પાણી દ્વારા રચાય છે.
- આ સ્તર હાઈડ્રોજન સમૃદ્ધ, સિલિકોન – ક્ષીણ રચના દ્વારા વર્ગીકૃત થયેલ છે, જે કોર – મેન્ટલ બાઉન્ડ્રી પર કોરના સિલિકોન સાથે રાસાયણિક પ્રતિક્રિયા દ્વારા પ્રભાવિત છે.
- અગાઉ એવુ માનવામાં આવતું હતું કે કોર અને મેન્ટલ વચ્ચે સામગ્રીનું વિનિમય ન્યૂનતમ છે.
- નવા તારણો સૂચવે છે કે ટેક્ટોનિક પ્લેટ સપાટીથી લગભગ 1800 માઈલ નીચે સપાટીના પાણીને કોર – મેન્ટલ બાઉન્ડ્રી સુધી લઈ જાય છે.
- પાણી કોરના સિલિકોન સાથે રાસાયણિક પ્રક્રિયામાંથી પસાર થાય છે ત્યારે બાહય કોરમાં હાઈડ્રોજન – સમૃદ્ધ, સિલિકોન – ક્ષીણ સ્તર બનાવે છે.
- આ શોધ પૃથ્વીની આંતરિક પ્રક્રિયાઓ, ચુંબકિય ક્ષેત્ર, ગરમીનું ઉત્પાદન અને પ્લેટ ટેક્ટોનિક્સને સમજવા માટે નોંધપાત્ર અસરો ધરાવે છે.

## નાસાનો 'વાતાવરણીય તરંગોનો પ્રયોગ' (AWE)




- નાસા પાર્થિવ અને અવકાશ હવામાન વચ્ચેની ક્રિયા પ્રતિક્રિયાઓનો અભ્યાસ કરવાના હેતુથી એક અગ્રણી મિશન 'એટમોસ્ફેરિક વેવ્ઝ એકસપેરિમેન્ટ (AWE)' શરૂ કરવા જઈ રહ્યું છે.
- નાસાના હેલીઓફિઝિક્સ એકસપ્લોરર્સ પ્રોગ્રામ હેઠળ આયોજિત આ મિશન, પૃથ્વીના વાતાવરણના નીચલા સ્તરોમાં તરંગોની ઉપલા વાતાવરણ અને અવકાશના હવામાન પરની અસરને સમજવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

❖ **અવકાશ હવામાનને સમજવું**

- અવકાશનું હવામાન એ પૃથ્વીની આસપાસની પર્યાવરણીય પરિસ્થિતિઓ અને સૂર્યની ગતિવિધિઓ, જેમ કે સૌર જ્વાળાઓ અને ઉત્સર્જન, તેમજ અવકાશમાં પ્રવર્તતા પદાર્થો દ્વારા પ્રભાવિત અન્ય ગ્રહોનો સંદર્ભ આપે છે.
- અવકાશી હવામાનની ગંભીર ઘટનાઓ સેટેલાઈટ આધારિત સંચાર, રેડિયો સંચાર, નેવીગેશન સિસ્ટમ્સ અને પાવર–ગ્રીડ જેવા જટિલ પૃથ્વી પરના સ્થાપનોને અસર કરી શકે છે.
- સૌર પ્રવૃત્તિઓ ઉપરાંત અવકાશનું હવામાન પાર્થિવ હવામાનથી પણ પ્રભાવિત થાય છે જે ગતિશીલ અને એકબીજા સાથે જોડાયેલી સિસ્ટમ બનાવે છે.

❖ **વાતાવરણીય ગુરુત્વાકર્ષણ તરંગો (AGWs) શું છે ?**

- સ્થિર વાતાવરણમાં ગુરુત્વાકર્ષણ તરંગો ત્યારે સર્જાય છે જ્યારે વધતી હવા અને આસપાસના વાતાવરણ વચ્ચે તાપમાનનો વિરોધાભાસ એક બળ ઉત્પન્ન કરે છે જે હવાને તેના પ્રારંભિક સ્થાને પાછુ ધકેલે છે.

- વાતાવરણીય ગુરુત્વાકર્ષણ તરંગો સ્થિર વાતાવરણીય સ્તરની અંદર મુસાફરી કરે છે, ખાસ કરીને એવા પ્રદેશોમાં જ્યાં હવા ઉપરની તરફ આગળ વધી રહી છે. આ તરંગો અવકાશમાં વિસ્તરે છે જે અવકાશ હવામાનને આકાર આપવામાં ભૂમિકા ભજવે છે.

❖ **વાતાવરણીય તરંગોનો પ્રયોગ (AWE)**

- **ઉદ્દેશ્ય –**
  AWE નો ઉદ્દેશ્ય નીચલા વાતાવરણમાં તરંગો વચ્ચેની કડીઓ અને ઉપલા વાતાવરણ અને અવકાશના હવામાન પર તેમની અસરનો અભ્યાસ કરવાનો છે.
- **લોન્ચ અને માઉન્ટિંગ –**
  $42 મિલિયનનું મિશન લોન્ચ કરવામાં આવશે અને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર માઉન્ટ કરવામાં આવશે, જે પૃથ્વીના નીચલા વાતાવરણને જોવા માટે એક અનુકૂળ બિંદુ પ્રદાન કરશે.
- **ઈન્સ્ટ્રુમેન્ટેશન –**
  AWE એ એડવાન્સ્ડ મેસોસ્ફેરિક ટેમ્પરેચર મેપર (ATMT) સાથે ચાર સરખા ટેલિસ્કોપ સાથે મેસોપોઝને સ્કેન કરવા માટે એરગ્લો પેટર્નને કેપ્ચર કરે છે.
- **માપન –**
  ATMT ચોક્કસ તરંગલંબાઈ પર પ્રકાશની તેજને માપશે, ડેટાને તાપમાનના નકશામાં રૂપાંતરિત કરશે. આ માહિતી એરગ્લોની હિલચાલ અને ઉપલા વાતાવરણમાં અને અવકાશના હવામાનમાં તેમની ભૂમિકાની આંતરદૃષ્ટિ પ્રદાન કરશે.

## ભારત–અમેરિકા સંયુક્ત યુદ્ધઅભ્યાસ 'વજ્ર પ્રહાર' શરૂ



- મેઘાલયના ઉમરોઈ કેન્ટોન્મેન્ટ ખાતે ભારત અને અમેરિકાના સંયુક્ત વિશેષ સશસ્ત્ર દળો વચ્ચે 'વજ્ર પ્રહાર 2023' નામની સહયોગી લશ્કરી કવાયત શરૂ થઈ.
- આ સંયુક્ત કવાયતની 14મી આવૃત્તિ છે, જેમાં સંયુક્ત મિશન આયોજન અને ઓપરેશનલ વ્યૂહરચના જેવા ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રથાઓ અને અનુભવોના આદાન–પ્રદાન પર ભાર મૂકવામાં આવ્યો છે.
- આ કવાયતમાં યુએસ ટુકડીનું પ્રતિનિધિત્વ યુએસ સ્પેશિયલ ફોર્સીસના 1st સ્પેશિયલ ફોર્સીસ ગ્રુપ (SFG)ના સૈનિકો દ્વારા કરવામાં આવ્યું હતું. ભારતીય ટુકડીનું નેતૃત્વ ઈસ્ટર્ન કમાન્ડના વિશેષ દળોના જવાનો દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ કવાયતની પ્રથમ આવૃત્તિ ભારતમાં વર્ષ 2010માં હાથ ધરવામાં આવી હતી.
- આ કવાયતની 13મી આવૃત્તિ બકલોહ (હિમાચલ પ્રદેશ)ના સ્પેશિયલ ફોર્સીસ ટ્રેનિંગ સેન્ટર ખાતે યોજાઈ હતી.
- આ સંયુક્ત કવાયતમાં સંયુક્ત આયોજન અને ખાસ ઓપરેશનના રિહર્સલ, આતંકવાદ વિરોધી કામગીરી, પર્વતીય પ્રદેશોમાં પરંપરાગત અને બિનપરંપરાગત પરિસ્થિતિઓમાં હવાઈ કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

## વૈજ્ઞાનિકોએ 2D પ્રોટીન મોનોલેયર બનાવ્યું




- વૈજ્ઞાનિકોએ લાઈસોઝોમ પરમાણુઓનો ઉપયોગ કરીને દ્વિ–પરમાણીય (2D) પ્રોટીન મોનોલેયરની રચના દ્વારા Amyloidosis રોગના અભ્યાસમાં નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે.

❖ **Amyloidosis વિશે**

- તે એક દુર્લભ રોગ છે જે ત્યારે થાય છે જ્યારે એમીલોઈડ નામનું પ્રોટીન અંગોમાં જમા થાય છે.
- હૃદય, મગજ, કિડની, બરોળ અને શરીરના અન્ય ભાગોમાં એમીલોઈડ સ્તરો જમા થવાથી અંગ નિષ્ફળતા જેવી જીવલેણ સ્થિતિ તરફ દોરી જાય છે.
- AL (પ્રાથમિક) એમીલોઈડિસિસ, AA (સેકેન્ડરી) એમીલોઈડિસિસ, Transthyretion એમીલોઈડિસિસ (ATTR) એ તેના મુખ્ય પ્રકારો છે.

❖ **લાઈસોઝોમ**

- લાઈસોઝોમ એ કુદરતી રીતે બનતું એન્ઝાઈમ છે જે આંસુ, લાળ જેવા વિવિધ શારીરિક સ્ત્રાવમાં જોવા મળે છે. તે બેક્ટેરિયા સામે શરીરની સંરક્ષણ પ્રણાલીમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.
- આ એન્ઝાઈમ ચોક્કસ બેક્ટેરિયાની કોશિકાઓની દિવાલોને તોડીને કામ કરે છે.
- તે વાયુમાર્ગ પ્રવાહિનું મુખ્ય ઘટક પણ છે, જે એમીલોઈડિસિસ જેવા રોગોની તપાસમાં એક મોડલ પ્રોટીન તરીકે સેવા આપે છે, જે મલ્ટિઓર્ગન ડિસફંક્શનને ઉત્તેજિત કરે છે.

❖ **સંશોધનની મુખ્ય વિશેષતાઓ**
- વૈજ્ઞાનિકોએ શુદ્ધ પાણીના સબફેસના ઈન્ટરફેસ પર 2D મોનોલેયરમાં લાઈસોઝોમ પરમાણુઓને એસેમ્બલ કર્યા.
- વિવિધ ઈન્ટરફેસ પર સ્થિત લાઈસોઝોમના આ ઝિણવટપૂર્વક ગોઠવાયેલા સ્તરો, એમાયલોઈડિસિસની જટિલતાઓને શોધવા માટે અસાધારણ મોડેલ પ્રદાન કરે છે.
- સંશોધકોએ 2D પ્રોટીન મોનોલેયરનો ઉપયોગ લેંગમુઈર–બ્લોજેટ (LB) ટેકનિકની મદદથી વાયુ–પ્રવાહી તેમજ વાયુ–ઘન ઈન્ટરફેસ પર લાઈસોઝોમ પરમાણુઓના વર્તનને સમજવા માટે કર્યો હતો.
- વિવિધ pH પરિસ્થિતિઓમાં લાઈસોઝોમ પરમાણુઓની રચના અને આકારમાં જોવા મળેલા ફેરફારો એમાયલોઈડિસિસમાં જોવા મળતી અસાધારણતાને નોંધપાત્ર રીતે પ્રતિબિંબિત કરે છે.

## ICMR કોવિડ–19 રસીઓ અને અચાનક મૃત્યુ વચ્ચેની લિંકને દૂર કરે છે

- ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) દ્વારા તાજેતરનો અભ્યાસ કોવિડ–19 રસીઓ વિશેની ચિંતાઓને દૂર કરે છે, કે જે રસીઓ અને અચાનક મૃત્યુ સાથેના સંબંધોને રજૂ કરતી હતી.
- અભ્યાસમાં ઓક્ટોબર 2021 અને માર્ચ 2023 વચ્ચે દેખીતી રીતે સ્વસ્થ વ્યકિતઓમાં નોંધાયેલા 729 મૃત્યુના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.
- આ તારણો રસીકરણ કરાયેલ વ્યકિતઓમાં અચાનક મૃત્યુના જોખમમાં નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે જે અગાઉની આશંકાઓનો વિરોધાભાસ કરે છે.
- આ અભ્યાસમાં મોટાભાગના અચાનક મૃત્યુ હૃદયની સ્થિતિને આભારી છે, જેમાં અનિયમિત ધબકારા, રકત પ્રવાહમાં અવરોધ અને હૃદયના સ્નાયુઓની કાર્યક્ષમતામાં ઘટાડો થાય છે.
- આ અભ્યાસ અચાનક મૃત્યુ માટેના વિવિધ જોખમી પરિબળોને ઓળખે છે, જેમાં અચાનક મૃત્યુનો પારિવારિક ઈતિહાસ, ધુમ્રપાન, અતિશય દારૂ પીવો અને ભારે કસરતનો સમાવેશ થાય છે.

## નિદિરાના નોઆદિહિંગ (મ્યુઝિકલ દેડકો)



- વૈજ્ઞાનિકોએ અરૂણાચલ પ્રદેશમાં 'મ્યુઝિકલ ફ્રોગ'ની નવી પ્રજાતિની ઓળખ કરી છે જેનું નામ 'નિદિરાના નોઆદિહિંગ' છે.
- આ અનોખી શોધ એ વિશિષ્ટ લક્ષણ દ્વારા ચિહ્નિત થયેલ છે જેમાં નર અને માદા દેડકા બંને અવાજવાળા હોય છે.
- આ દેડકાઓ છિછરા પાણીના તળાવોમાં વનસ્પતિની અંદર વસેલા જોવા મળ્યા હતા, જેમાં નર દેડકા મોટેથી અવાજો કાઢતા જોવા મળે છે.
- આ ઉપરાંત નજીકના ભેજવાળા વિસ્તારો અને નવા બંધાયેલા તળાવના કિનારેથી પણ મળી આવ્યા હતા.
- નવી પ્રજાતિઓનું નામ નોઆ–દિહિંગ નદીના નામ પરથી રાખવામાં આવ્યું હતું જે બ્રહ્મપુત્રાની ઉપનદી છે.
- આ શોધ ભારતમાં પ્રથમ વખત નિદિરાના જીનસની હાજરીની પુષ્ટિ કરે છે. અગાઉ જાપાન, તાઈવાન, ચીન, લાઓસ, વિયેતનામ અને થાઈલેન્ડમાં નિદિરાના પ્રજાતિ જોવા મળે છે.

## વૈજ્ઞાનિકોએ એકસ–રે ધ્રુવીકરણને એકસ્ટ્રાગેલેકિટક બ્લેક હોલમાં શોધ્યું

- ઈસરોના યુઆર રાવ સેટેલાઈટ સેન્ટર (URSC) અને IIT ગુવાહાટીના સંશોધકોએ એકસ્ટ્રાગેલેકિટક બ્લેક હોલ સ્ત્રોતમાંથી રેડિયેશન શોધીને એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.




- એકસ–રે પોલેરીમેટ્રી દ્વારા પ્રાપ્ત થયેલો આ વિકાસ એસ્ટ્રોફિઝિકલ બ્લેક હોલ સ્ત્રોતોની પ્રકૃતિમાં નવી આંતરદૃષ્ટિ પ્રદાન કરવાનું વચન આપે છે.
- એકસ–રે પોલેરીમેટ્રીનો ઉપયોગ કરીને આવા સ્ત્રોતમાંથી ધ્રુવીકૃત એકસ–રે શોધવાની આ પ્રથમ ઘટના છે.
- સંશોધકોએ બાઈનરી સ્ટાર સિસ્ટમ 'લાર્જ મેગેલેનિક કલાઉડ $X_3$ (LMC $X_3$) નો અભ્યાસ કરવા માટે એકસ રે પોલેરીમેટ્રી નામની તકનીકનો ઉપયોગ કર્યો.
- નાસાના ઈમેજિંગ એકસ–રે પોલેરીમેટ્રી એકસપ્લોરર (IXPE) અને અન્ય મિશનનો ઉપયોગ કરીને તારણો અવલોકન કરવામાં આવ્યા હતા.
- લાર્જ મેગેલેનિક કલાઉડ $X_3$ (LMC $X_3$) ની શોધ વર્ષ 1971માં થઈ હતી. તે એક દ્વિસંગી સ્ટાર સિસ્ટમ છે. જેમાં બ્લેક હોલ અને સામાન્ય સ્ટારનો સમાવેશ થાય છે જે સૂર્ય કરતા વધુ ગરમ, મોટો અને વિશાળ છે.
- તે આપણી આકાશગંગાની ઉપગ્રહ ગેલેકસીમાં સ્થિત છે, જે પૃથ્વીથી લગભગ 2,00,000 પ્રકાશવર્ષ દૂર છે.

## Amaterasu : Extremely high-energy particle



- તાજેતરમાં ખગોળશાસ્ત્રીઓએ પૃથ્વી પર પડતા દુર્લભ અને અત્યંત ઉચ્ચ ઊર્જા કણો શોધી કાઢયા છે.
- તે પૃથ્વી પર આવતા સૌથી શકિતશાળી કોસ્મિક કિરણોમાંનું એક છે અને તેને જાપાનની સૂર્ય દેવીના નામ પરથી Amaterasu નામ આપવામાં આવ્યું છે.
- આ અતિ ઉચ્ચ ઊર્જા કણો ચુંબકીય ક્ષેત્રો દ્વારા કોઈપણ વિચલન વિના વાતાવરણને સરળતાથી પસાર કરી શકે છે.
- આ શોધ ઉટાહમાં આવેલી ટેલિસ્કોપ એરે ઓબ્ઝર્વેટરી દ્વારા કરવામાં આવી હતી, જે અતિ ઉચ્ચ ઊર્જા કોસ્મિક કિરણોને શોધવા માટે વિશિષ્ટ રીતે સ્થિત છે.
- Amaterasu કણમાં 240 exa-electron volts (EeV)થી વધુ ઊર્જા છે, જે તેને લાર્જ હેડ્રોન કોલાઈડર દ્વારા ઉત્પન્ન કરાયેલા કણો કરતાં લાખો ગણી વધુ શકિતશાળી બનાવે છે, જે અત્યાર સુધીનું સૌથી શકિતશાળી પ્રવેગક છે.
- તે 'Oh-My-God' કણો પછી બીજા ક્રમે આવે છે. વર્ષ 1991માં શોધાયેલ આ ઉચ્ચ–ઊર્જા કોસ્મિક કિરણની ઊર્જા 320 EeV હતી.
- Amaterasu શોધનું આશ્ચર્યજનક પાસું એ છે કે તે આકાશગંગાની સરહદે આવેલ અવકાશના ખાલી પ્રદેશ, લોકલ વોઈડમાંથી ઉભરી આવી હોવાનું જણાય છે. તેનાથી વૈજ્ઞાનિકો મૂંઝવણમાં છે કારણ કે આ પ્રદેશમાં આવા ઉચ્ચ–ઊર્જા કણો ઉત્પન્ન કરવા સક્ષમ કોઈ સ્ત્રોત નથી.

❖ **કોસ્મિક કિરણો**

- તે એક એવો કિરણોત્સર્ગ છે જે અવકાશમાંથી પૃથ્વી પર સતત વરસે છે.
- આ કિરણો વિદ્યુત રીતે ચાર્જ થાય છે અને તેથી સમગ્ર આકાશગંગામાં વિવિધ ચુંબકીય ક્ષેત્રો દ્વારા વિચલિત થાય છે.
- આ કિરણો સીધા તેમના સ્ત્રોતો તરફ નિર્દેશ કરતા નથી.
- કોસ્મિક કિરણોની રચનામાં મુખ્યત્વે પ્રોટોન (89%) છે પણ તેમાં હિલિયમના ન્યુકલી (10%) અને ભારે ન્યુકલી (1%) નો પણ સમાવેશ થાય છે.
- કોસ્મિક કિરણો જ્યારે આપણા વાતાવરણમાં અથડાય છે ત્યારે તે તૂટી જાય છે અને તેનાથી પણ નાના ટુકડાઓમાં પૃથ્વી પર પડે છે.
- આ કિરણો બ્રહ્માંડના રાસાયણિક ઉત્ક્રાંતિને સમજવામાં મદદ કરે છે.

## એકસરસાઈઝ AUSTRAHIND – 2023



- ભારતીય સશસ્ત્ર દળોની ટુકડીએ તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના પર્થ ખાતે સંયુકત લશ્કરી કવાયત AUSTRAHIND – 2023 ની બીજી આવૃત્તિમાં ભાગ લીધો હતો.
- એકસરસાઈઝ AUSTRAHIND એ ભારત અને ઓસ્ટ્રેલિયામાં વૈકલ્પિક રીતે આયોજિત વાર્ષિક તાલીમ કાર્યક્રમ છે.
- તેની પ્રથમ આવૃત્તિ વર્ષ 2022માં રાજસ્થાનમાં મહાજનમાં હાથ ધરવામાં આવી હતી.
- ગોરખા રાઈફલ્સની ભારતીય સેનાની ટુકડી, ભારતીય નૌકાદળ અને વાયુસેનાના જવાનો આ કવાયતોનો ભાગ હશે.
- આ કવાયતનો હેતુ સહયોગી ભાગીદારીને પ્રોત્સાહન આપવા અને બંને પક્ષો વચ્ચે શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરવાનો છે.
- યુનાઈટેડ નેશન્સના પ્રકરણ VII હેઠળ શહેરી અને અર્ધશહેરી ભૂપ્રદેશમાં મલ્ટી–ડોમેન કામગીરી હાથ ધરતી વખતે આંતર–સંચાલનક્ષમતાને પ્રોત્સાહન આપવાનો આ કવાયતનો ઉદ્દેશ્ય છે.
- આ કવાયતમાં સ્નાઈપર ફાયરિંગ, સંયુકત સંચાલન સર્વેલન્સ અને આપત્તિ વ્યવસ્થાપન સહિત વ્યૂહાત્મક કામગીરી માટે તાલીમ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.
- આ કવાયત બંને દેશોના સૈન્ય વચ્ચે સમજણને પ્રોત્સાહન આપવા અને બે મિત્ર રાષ્ટ્રો વચ્ચે સંરક્ષણ સહયોગને વધુ મજબૂત કરવામાં મદદ કરશે.

## નેવલ એન્ટી–શિપ મિસાઈલના ફલાઈટ ટ્રાયલ

- ભારતીય નૌકાદળે, DRDO સાથે મળીને તાજેતરમાં Sea King 42B હેલિકોપ્ટરમાંથી પ્રથમ સ્વદેશી રીતે વિકસિત નેવલ એન્ટિ–શિપ મિસાઈલ શોર્ટ રેન્જ (NASM-SR) ની માર્ગદર્શિત ફલાઈટ ટ્રાયલ સફળતાપૂર્વક હાથ ધરી હતી.
- DRDO લાંબા સમયથી રાહ જોવાતી લોંગ રેન્જ એન્ટિ–શિપ મિસાઈલ (LRASM)નું પરિક્ષણ કરવા માટે તૈયાર છે, જે શિપ આધારિત મિસાઈલ સિસ્ટમમાં નૌકાદળની ક્ષમતાઓને વિસ્તારવા માટે તૈયાર છે.
- આ મિસાઈલ 500 કિમીની રેન્જને વટાવી શકે છે, જે બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલની 350-400 કિમીની રેન્જને વટાવી શકે છે.

Banking Academy




- મે 2022માં ભારતે 'નેવલ એન્ટિ શિપ મિસાઈલ શોર્ટ રેન્જ (NASM-SR) તરીકે વર્ગીકૃત થયેલ તેની પ્રથમ સ્વદેશી બનાવટની એન્ટિ–શિપ મિસાઈલનું સફળતાપૂર્વક પરિક્ષણ કર્યું.
- 55 કિમીની રેન્જ સાથે 380 કિગ્રા વજન ધરાવતું NASM-SR એટેક હેલિકોપ્ટરથી તૈનાત કરી શકાય છે.
- ભારતીય નૌકાદળે INS વિશાખાપટ્ટનમમાંથી ફાયરિંગ દરમિયાન મધ્યમ રેન્જની સપાટીથી એર મિસાઈલ (MRSAM)ને માન્ય કરે છે.
- DRDO અને ઈઝરાયેલી એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવેલ, MRSAM એ હવાઈ સંરક્ષણ ક્ષમતાઓ પર ભાર મૂકીને એન્ટિ શિપ મિસાઈલોને જોડવાની ક્ષમતા દર્શાવે છે.

## વિમર્શ – 2023




- સંવેદનશીલ કામગીરી દરમિયાન કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા 5G ટેક્નોલોજીનો સુરક્ષિત ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે નવીન સાધનોની ઓળખ કરવાના ધ્યેય સાથે 'વિમર્શ–2023' નામની રાષ્ટ્રીય હેકાથોનનું અનાવરણ કરવામાં આવ્યું છે.
- બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (BPRD) અને ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) એ હેકાથોનની શરૂઆત કરી હતી, જે પોલીસ દળોની ક્ષમતાઓને વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.
- હેકાથોનનો પ્રાથમિક ઉદ્દેશ્ય નવીન સાધનો વિકસાવવાનો છે જે કાયદા અમલીકરણ એજન્સીઓ (LEAs) દ્વારા 5G ટેક્નોલોજીને અસરકારક રીતે સ્વીકારવામાં અને તેનો ઉપયોગ કરવામાં આવતા પડકારો અને સમસ્યાઓનો સામનો કરે છે.
- હેકાથોન ઉકેલોની શોધ માટે વિદ્યાર્થીઓ, સ્ટાર્ટઅપ્સ અને માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટર પ્રાઈઝિસ (MSMEs)ની સહભાગિતાને પ્રોત્સાહિત કરે છે.
- હેકાથોનમાં આઈડિયા સ્ક્રીનીંગના ત્રણ તબક્કા સામેલ હશે. તબક્કા I અને II વર્ચ્યુઅલ મોડમાં હાથ ધરવામાં આવશે, જ્યારે તબક્કા III ભૌતિક સેટિંગમાં નિયુક્ત નોડલ કેન્દ્રો પર થશે, જ્યાં 5G ટેસ્ટબેડ્સ, ખાનગી નેટવર્કસ અને લેબ્સ એકસેસિબલ હશે.
- દરેક સમસ્યા નિવેદનના વિજેતાઓને આવતા વર્ષે ફેબ્રુઆરીમાં યોજાનાર સમાપન સમારોહમાં રૂ. 1.5 લાખ નું ઈનામ આપવામાં આવશે.

## BIS એ EV ચાર્જિંગ કનેકટર સ્ટાન્ડર્ડ રજૂ કર્યું



- તાજેતરમાં ભારતના ઈલેક્ટ્રિક વાહન (EV) ઈકોસિસ્ટમ માટે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) એ સ્કૂટર, બાઈક અને રિક્ષા જેવા હળવા ઈલેક્ટ્રિક વાહનો (LEVs) માટે નવા AC અને DC સંયુક્ત ચાર્જિંગ કનેકટર સ્ટાન્ડર્ડને મંજૂરી આપી છે.
- IS17017 (Part 2 / Sec 7) : 2023 નામનું આ સ્ટાન્ડર્ડ EV ઉદ્યોગમાં એક અગ્રણી પગલું છે.
- આ સ્ટાન્ડર્ડ નીતિ આયોગ, વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ, એથર એનર્જી અને અન્ય હિતધારકો વચ્ચેના સહયોગનું પરિણામ છે.
- ભારતના નવા EV ચાર્જિંગ સ્ટાન્ડર્ડની નોંધપાત્ર વિશેષતા એ છે કે LEV માટે વૈકલ્પિક પ્રવાહ (AC) અને ડાયરેકટ કરંટ (DC) ચાર્જિંગને જોડવાની ક્ષમતા છે.
- ઈલેક્ટ્રિક કાર માટે વૈશ્વિક સ્તરે સ્થાપિત સ્ટાન્ડર્ડ જેવો આ અભિગમ વિવિધ EV મોડલ્સ અને ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રદાતાઓ વચ્ચે આંતરસંચાલનક્ષમતા અને સુસંગતતા વધારે છે.
- આ સુવિધા ચાર્જિંગ પ્રક્રિયાને સરળ બનાવે છે અને સુનિશ્ચિત કરે છે કે વિવિધ EV મોડલ્સ સમાન ચાર્જિંગ સ્ટેશનનો ઉપયોગ કરી શકે છે.

## IOC દ્વારા વિશિષ્ટ 'રેફરન્સ પેટ્રોલ અને ડિઝલનું ઉત્પાદન કર્યુ

- ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) એ ભારતમાં પ્રથમ વખત વિશિષ્ટ 'રેફરન્સ' પેટ્રોલ અને ડિઝલનું ઉત્પાદન કરીને નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યુ છે.
- આ ઈંધણ ઉચ્ચ વિશિષ્ટતાઓ ધરાવવા માટે રચાયેલ છે, જે ઓટોમોબાઈલ ઉત્પાદકો અને ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઓટોમોટિવ ટેક્નોલોજી અને ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા જેવી પરીક્ષણ એજન્સીઓ દ્વારા વાહનોના માપાંકન અને પરીક્ષણ માટે નિર્ણાયક છે.

Banking Academy

- ભારત ઐતિહાસિક રીતે આ વિશિષ્ટ ઈંધણની જરૂરિયાત પૂરી કરવા માટે આયાત પર નિર્ભર હતુ. IOC એ હવે સ્વદેશી રીતે ઉત્પાદન કરીને સતત પુરવઠો સુનિશ્ચિત કરશે.




**❖ રેફરન્સ ઈંધણનું મહત્વ**

- વાહન પરીક્ષણ માટે વપરાતા રેફરન્સ ઈંધણ, ઈંધણ સ્ટેશનો પર ઉપલબ્ધ નિયમિત અથવા પ્રીમિયમ પેટ્રોલ અને ડીઝલની તુલનામાં ઉચ્ચ – ગ્રેડ વિશિષ્ટતાઓને પૂર્ણ કરે છે.
- આ વિશિષ્ટતાઓમાં Cetane નંબર, ફલેશ પોઈન્ટ, સ્નિગ્ધતા, સ્લફર અને પાણીની સામગ્રી, હાઈડ્રોજન શુધ્ધતા અને એસિડ નંબરનો સમાવેશ થાય છે, જે તમામ સરકારી નિયમો દ્વારા સંચાલિત છે.
- સ્પાર્ક ઈગ્નીશન એન્જિનોથી સજ્જ વાહનોના ઉત્સર્જન પરીક્ષણ માટે આવા ઈંધણ આવશ્યક છે.

## સંયુક્ત લશ્કરી ક્વાયત KAZIND - 2023



- ભારતીય સેના અને ભારતીય વાયુસેનાની ટુકડી સંયુક્ત સૈન્ય ક્વાયત KAZIND – 2023 ની 7 મી આવૃત્તિમાં ભાગ લેવા માટે કઝાકિસ્તાન જવા રવાના થઈ.
- આ ક્વાયત 30 ઓક્ટોબર થી 11 નવેમ્બર, 2023 દરમિયાન કઝાકિસ્તાનના ઓતારમાં થશે.
- ભારતીય સેનાની ટુકડીમાં 90 સૈનિકોનો સમાવેશ થાય છે. જેનુ નેતૃત્વ ડોગરા રેજિમેન્ટની બટાલિયન કરશે.
- ભારત અને કઝાકિસ્તાન વચ્ચેની ક્વાયત વર્ષ 2016 માં 'એક્સરસાઈઝ પ્રબલ દોસ્તિક' તરીકે શરૂ થઈ હતી. બીજી આવૃત્તિ પછી તેનું નામ બદલીને 'એક્સરસાઈઝ કાઝિન્ડ' રાખવામાં આવ્યું હતું અને કંપની સ્તરની ક્વાયતમાં અપગ્રેડ કરવામાં આવ્યું હતું.
- આ વર્ષે એરફોર્સના ઘટકના સમાવેશ સાથે તેને દ્વિ – સેવા ક્વાયતમાં વધુ અપગ્રેડ કરવામાં આવી હતી.
- આ સંસ્કરણમાં બંને પક્ષો સંયુક્ત રાષ્ટ્રના આદેશ હેઠળ પેટા પરંપરાગત વાતાવરણમાં આતંકવાદ વિરોધી કામગીરીનો અભ્યાસ કરશે.

## ભારતીય નૌકાદળે DSC A21 લોન્ચ કર્યુ



- ભારતીય નૌકાદળે 30 ઓકટોબર, 2023 ના રોજ ડાઈવિંગ સપોર્ટ ક્રાફ્ટ (DSC) પ્રોજેક્ટનું બીજુ જહાજ 'DSC A-21' લોન્ચ કર્યુ.
- DSC A -21 ભારતીય નૌકાદળ માટે કોલકત્તા સ્થિત મેસર્સ ટીટાગઢ રેલ સિસ્ટમ લિમિટેડ(TRSL) દ્વારા બનાવવામાં આવી રહી છે.
- આ DSC બંદર અને દરિયાકાંઠાના પાણીમાં ડાઈવિંગ કામગીરી માટે બનાવવામાં આવેલ છે. અત્યાધુનિક ડાઈવિંગ સાધનોથી સજ્જ તેઓ ભારતીય નૌકાદળની પાણીની અંદરની ક્ષમતાઓને વધારવામાં ફાળો આપશે.
- આ જહાજોમાં કેટામરન હલ ડિઝાઈન અને આશરે 300 ટનનું વિસ્થાપન છે.
- ડિઝાઈન તબક્કા દરમિયાન જહાજોનું વિશાખાપટ્ટનમમાં નેવલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી લેબોરેટરી (NSTL) ખાતે સખત હાઈડ્રોડાયનેમિક વિશ્લેષણ અને મોડલ પરિક્ષણ કરવામાં આવ્યું હતું.
- DSC પ્રોજેક્ટ ભારત સરકાર અને સંરક્ષણ મંત્રાલયની 'મેક ઈન ઈન્ડિયા' પહેલમાં ગૌરવપૂર્ણ યોગદાનનું પ્રતિનિધિત્વ કરે છે.

## LCH પ્રચંડથી પ્રથમ વખત ફાયરિંગ કરવામાં આવ્યું



- ભારતીય સેનાના લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (LCH) પ્રચંડે દિવસ અને રાત બંનેમાં 70 mm રોકેટ અને 20 mm ગનનું પ્રથમ સફળતાપૂર્વક ફાયરિંગ કર્યુ.
- LCH પ્રચંડ ભારતનું પ્રથમ સ્વદેશી મલ્ટી રોલ કોમ્બેટ હેલિકોપ્ટર છે, જેને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા વિકસવવામાં આવ્યું છે.
- તે રણ અને પર્યાવરણીય વિસ્તારોમાં કાર્યરત ભારતીય સશસ્ત્ર દળોની જરૂરિયાતોને પંહોચી વળવા માટે રચાયેલ છે.
- હેલિકોપ્ટરમાં શક્તિ એન્જિન લગાવવામાં આવ્યું છે જે HAL અને ફ્રાન્સના સેફ્રાન દ્વારા સહવિકસિત છે.

- LCH પ્રચંડ મહત્તમ 288 કિમી પ્રતિ કલાકની ઝડપે ઉડી શકે છે અને તેની લડાઈ ત્રિજ્યા 500 કિમી છે. તે 21,000 ફૂટની સર્વિસ સીલિંગ સુધી જઈ શકે છે.
- આ હેલિકોપ્ટર હેલિના મિસાઈલોથી સજ્જ હશે, જેનું એરફોર્સ વર્ઝન ધ્રુવસ્ત્ર કહેવાય છે.

## ભારતીય સેનાની પ્રથમ વર્ટિકલ વિન્ડ ટનલ



- ભારતીય સેનાના વિશેષ દળો અને કોમ્બેટ ફ્રી – ફોલર્સ માટે હિમાચલ પ્રદેશના બાકલોહ ખાતેની સ્પેશિયલ ફોર્સીસ ટ્રેનિંગ સ્કૂલ (SFTS) ને આર્મીની પ્રથમ વર્ટિકલ વિન્ડ ટનલ (VWT) પ્રાપ્ત થઈ છે.
- વર્ટિકલ વિન્ડ ટનલ ફ્રી ફોલ સિમ્યુલેટર તરીકે સેવા આપીને ફ્રી ફોલર્સની લડાઈની કુશળતાને સુધારવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.
- વાસ્તવિક જીવનમાં ફ્રી ફોલ પરિસ્થિતિઓનું અનુકરણ કરવા માટે નિયંત્રિત વાતાવરણ બનાવે છે.
- VWT ચોક્કસ હવા વેગ પેદા કરીને, વિવિધ CFF પરિસ્થિતિઓની નકલ કરીને કાર્ય કરે છે.
- તે ફ્રીફોલ દૃશ્યોની વિશાળ શ્રેણીનું અનુકરણ કરીને નવા તથા અનુભવી ફ્રીફોલર્સ અને CFF પ્રશિક્ષકો બંનેને સહાય કરે છે, જેનાથી એરબોર્ન ઓપરેટિંગ વાતાવરણમાં વ્યક્તિગત પ્રતિક્રિયાઓનું મૂલ્યાંકન કરવામાં મદદ મળે છે.

Banking Academy

# 9 રમત-જગત

## લિયોનલ મેસ્સીએ આઠમી વખત બેલોન ડી' ઓર એવોર્ડ જીત્યો



- આર્જેન્ટિના દેશના ફૂટબોલ ટીમના ખેલાડી લિયોનલ મેસ્સીએ આઠમી વખત બેલોન ડી' ઓર એવોર્ડ જીત્યો છે.
- નોંધનીય છે કે લિયોનલ મેસ્સીના નેતૃત્વમાં આર્જેન્ટિનાએ વર્ષ 2022માં કતાર ખાતે રમાયેલા ફિફા વર્લ્ડ કપ જીત્યો હતો.
- બાર્સેલોના તથા સ્પેનની ફૂટબોલ ખેલાડી ઐતાના બોનમાતીને વિમેન્સ કેટેગરીનો બેલોન ડી' ઓર એવોર્ડ 2023 આપવામાં આવ્યો હતો.
- બેલોન ડી' ઓર એ વર્ષ 1956 થી ફ્રેન્ચ ન્યૂઝ મેગેઝિન ફ્રાન્સ ફૂટબોલ દ્વારા દર વર્ષે આપવામાં આવતો એવોર્ડ છે.
- આ પુરસ્કાર ગત સિઝનના ખેલાડીઓના વ્યકિતગત પ્રદર્શન પર આધારિત છે.

## નીરજ ચોપરા વર્લ્ડ એથ્લેટ ઓફ ધ યર એવોર્ડ 2023 માટે નામાંકિત



- ભારતના જેવેલિન થ્રોઅર નીરજ ચોપરા વર્લ્ડ એથ્લેટિક્સ દ્વારા પ્રસ્તુત મેન્સ વર્લ્ડ એથ્લેટ ઓફ ધ યર એવોર્ડ 2023 માટેના 11 નામાંકિત વ્યકિતઓમાં સામેલ થયા.
- આ સન્માન જેવેલિન થ્રો (ભાલા ફેંક)ના ક્ષેત્રમાં નીરજ ચોપરાની નોંધપાત્ર સિદ્ધિઓ અને ઓલિમ્પિકસ તથા વિશ્વમાં તેના પ્રભાવશાળી ગોલ્ડ મેડલ જીતને રેખાંકિત કરે છે.
- આ પસંદગી એથ્લેટિક્સ નિષ્ણાતોની આંતરરાષ્ટ્રીય પેનલ દ્વારા કરવામાં આવી હતી.
- જેમાં વર્લ્ડ એથ્લેટિકસના તમામ છ ખંડિય પ્રદેશોના પ્રતિનિધિનો સમાવેશ થાય છે.
- તાજેતરમાં નીરજ ચોપરાને લોરિયસ એમ્બેસેડર બનાવવામાં આવ્યા છે.

## પેરા એશિયન ગેમ્સ 2022

- તાજેતરમાં ઓકટોબર 2023માં ચીનના હેંગઝોઉ ખાતે ચોથી 'પેરા એશિયન ગેમ્સ 2022'નું આયોજન કરવામાં આવ્યું હતું.
- ચોથી પેરા એશિયન ગેમ્સનું સૂત્ર અથવા Motto 'Hearts Meet, Dreams Shine' હતું.
- ચોથી પેરા એશિયન ગેમ્સનું માસ્કોટ 'ફેઈ ફેઈ' (Fei Fei) પક્ષી હતું.
- આ ગેમ્સના ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતના ધ્વજવાહક હરિયાણાના અમિત સરોહા અને ગુજરાતના પારુલ પરમાર હતા.
- એશિયન પેરા ગેમ્સમાં કુલ 22 રમતોમાં 501 ઈવેન્ટમાં સ્પર્ધા યોજાઈ હતી.
- ચોથી પેરા એશિયન ગેમ્સમાં ભારતે 29 ગોલ્ડ, 31 સિલ્વર અને 51 બ્રોન્ઝ મેડલ સાથે કુલ 111 મેડલ જીત્યા હતા. જે પેરા એશિયન ગેમ્સમાં ભારતનું આજ સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન છે.
- ચોથી પેરા એશિયન ગેમ્સમાં ભારત મેડલ ટેલીમાં પાંચમાં ક્રમે રહ્યું હતું.
- ચોથી પેરા એશિયન ગેમ્સમાં પ્રથમ પાંચ દેશોનો ક્રમ આ પ્રમાણે છે.
  (1) ચીન (2) ઈરાન (3) જાપાન (4) દક્ષિણ કોરિયા
  (5) ભારત

❖ **એશિયન પેરા ગેમ્સ**

- વર્ષ 2010 થી દર ચાર વર્ષે એશિયન પેરા ગેમ્સ પૂરી થયા બાદ એશિયન પેરા ગેમ્સનું આયોજન કરવામાં આવે છે.
- વર્ષ 2010માં સૌપ્રથમ ચીનના ગુઆંગઝોઉ ખાતે પેરા ગેમ્સનું આયોજન થયું હતું.
- વર્ષ 2006માં આઈચી–નાગોયા, જાપાન અને એશિયન પેરા ગેમ્સનું આયોજન થશે.

- પેરા એશિયાડ તરીકે ઓળખાતી આ ગેમ્સ શારીરિક વિકલાંગતા ધરાવતા ખેલાડીઓ માટે યોજાય છે.

## ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023

- 13મો ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023નું આયોજન ભારતમાં કરવામાં આવ્યું હતું.
- આ ક્રિકેટ વર્લ્ડકપમાં કુલ 10 દેશની ટીમોએ ભાગ લીધો હતો.
- આ ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને પરાજય આપીને છઠ્ઠી વખત ICC મેન્સ ક્રિકેટ ODI વર્લ્ડ કપ જીતી લીધો હતો.




**ફાઈનલ મેચ :**

- ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023ની ફાઈનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે યોજાઈ હતી.
- આ ફાઈનલ મેચમાં પ્રથમ બેટીંગ કરીને ભારતે 50 ઓવરમાં 240 રન ફટકાર્યા હતા અને ઓસ્ટ્રેલિયાને 241 રનનો લક્ષ્યાંક આપ્યો હતો.
- ઓસ્ટ્રેલિયાએ 43 ઓવરમાં 241 રન ફટકારી આ વર્લ્ડ કપ જીતી લીધો હતો.
- આ ફાઈનલ મેચમાં 137 રન ફટકારનાર ઓસ્ટ્રેલિયાના ખેલાડી ટ્રેવિડ હેડ 'મેન ઓફ ધ મેચ' જાહેર થયા હતા.

**પ્લેયર ઓફ ધ સિરીઝ :**

- આ વર્લ્ડ કપમાં ભારતના સ્ટાર ખેલાડી વિરાટ કોહલીને 'પ્લેયર ઓફ ધ સિરીઝ' જાહેર કરવામાં આવ્યા હતા.
- તેમણે આ વર્લ્ડ કપમાં સૌથી વધુ 765 રન ફટકાર્યા હતા.

**સૌથી વધુ વિકેટ :**

- આ વર્લ્ડ કપમાં સૌથી વધુ 24 વિકેટ ભારતીય બોલર મોહમ્મદ શમીએ ઝડપી હતી.

**અન્ય મહત્વના તથ્યો :**

- આ વર્લ્ડ કપમાં ભારત, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડની ટીમોએ સેમીફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો.
- ICC ક્રિકેટ વર્લ્ડ કપ 2023માં વિજેતા ટીમને 40 લાખ ડોલર અને ઉપવિજેતા ટીમને 20 લાખ ડોલરની ઈનામી રકમ આપવામાં આવી હતી.
- આ વર્લ્ડકપમાં Round Robin અને Knockout પદ્ધતિથી ટુર્નામેન્ટ યોજાઈ હતી.
- આ વર્લ્ડકપમાં ચેમ્પિયન ટીમ ઓસ્ટ્રેલિયાના કેપ્ટન 'પેટ કમિન્સ' હતા. જ્યારે ભારતીય ટીમના કેપ્ટન 'રોહિત શર્મા' હતા.
- આ વર્લ્ડકપમાં સૌથી વધુ 4 સદી ક્વિન્ટન ડી કોકે ફટકારી હતી.
- આ વર્લ્ડકપમાં સૌથી વધુ વ્યક્તિગત સર્વોચ્ચ સ્કોર ઓસ્ટ્રેલિયાના ખેલાડી 'ગ્લેન મેકસવેલ'નો હતો, જેમણે 128 બોલમાં 201 રન ફટકાર્યા હતા.
- રન ચેઝમાં બેવડી સદી ફટકારનાર મેકસવેલ પ્રથમ બેટ્સમેન છે.
- આ વર્લ્ડકપમાં સૌથી વધુ 6 અર્ધશતક વિરાટ કોહલીએ નોંધાવ્યા હતા.
- ICC વર્લ્ડકપ 2023ના ગ્લોબલ એમ્બેસેડર સચિન તેંડુલકર હતા.
- વર્લ્ડકપની મેચમાં ભારતે પાકિસ્તાનને સતત આઠમી વખત પરાજય આપ્યો હતો.
- સૌપ્રથમ ક્રિકેટ વર્લ્ડ કપ વર્ષ 1975માં ઈંગ્લેન્ડમાં યોજાયો હતો.
- વર્ષ 1999થી દર 4 વર્ષે વર્લ્ડકપનું આયોજન થાય છે.
- આવનારો વર્લ્ડ કપ વર્ષ 2027માં દક્ષિણ આફ્રિકા, નામીબિયા અને ઝિમ્બાબ્વે ખાતે યોજાશે.
- ભારતે વર્ષ 1983માં રમાયેલો ત્રીજો વર્લ્ડકપ અને વર્ષ 2011માં રમાયેલો 10મો વર્લ્ડકપ જીત્યો છે.
- વર્ષ 2023માં યોજાયેલ આ વર્લ્ડકપ ફકત ભારતમાં જ યોજાયેલ પ્રથમ વર્લ્ડ કપ હતો.

**International Cricket Council (ICC) વિશે...**

| | | |
|---|---|---|
| સ્થાપના | : | 15 જૂન, 1909 |
| વડુમથક | : | દુબઈ |
| પ્રમુખ | : | ગ્રેગ બાર્કલે |

## 16મી વિશ્વ વુશુ ચેમ્પિયનશિપ

- 16મી વિશ્વ વુશુ ચેમ્પિયનશિપ તાજેતરમાં ફોટ વર્થ, ટેકસાસ, અમેરિકામાં સંપન્ન થઈ હતી.
- તે ઈન્ટરનેશનલ વુશુ ફેડરેશન (IWUF)ના આશ્રય હેઠળ યુનાઈટેડ વુશુ–કુંગફુ ફેડરેશન દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું.
- વુશુએ એક માર્શલ આર્ટ છે જેનો ઉદ્ભવ ચીનમાં થયો છે અને તેમા વિવિધ સ્વરૂપો અને શૈલીઓનો સમાવેશ થાય છે.
- તે લડાઈ અને સ્વ બચાવનું શિસ્તબદ્ધ અને અત્યંત શૈલીયુકત સ્વરૂપ છે.
- આ સ્પર્ધામાં ભારતે એક સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ સાથે કુલ ત્રણ મેડલ જીત્યા છે.



- આ સ્પર્ધામાં ભારતના રોશિબિના દેવીએ સિલ્વર મેડલ અને કુશલ કુમાર તથા છવીએ બ્રોન્ઝ મેડલ જીત્યા.
- IWUF નું મુખ્યાલય બેઈજીંગ, ચીન ખાતે છે.

## એન્જેલો મેથ્યુઝ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ટાઈમઆઉટ થનારા પ્રથમ ખેલાડી



- બાંગ્લાદેશ સામેની ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડકપ 2023 મેચ દરમિયાન શ્રીલંકાના બેટ્સમેન એન્જેલો મેથ્યુઝ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ટાઈમઆઉટ થનારા પ્રથમ ખેલાડી બન્યો છે.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટના 146 વર્ષના ઈતિહાસમાં આ પ્રથમ ઘટના છે.
- ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડકપ 2023ની રમતના નિયમો અનુસાર આવનારા બેટ્સમેને 2 મિનિટની સમય મર્યાદામાં આગામી બોલનો સામનો કરવા માટે તૈયાર હોવું આવશ્યક છે.
- જોકે મેરિલબોન ક્રિકેટ કલબ (MCC)નો કાયદો 40.1.1 જણાવે છે કે વિકેટ પડી ગયા પછી અથવા બેટ્સમેનને આઉટ કર્યા પછી નવા બેટ્સમેનને 3 મિનિટની અંદર આગામી બોલનો સામનો કરવા માટે તૈયાર હોવું આવશ્યક છે.
- આમ કરવાના નિષ્ફળતાના સ્વરૂપે તે 'ટાઈમ્ડ આઉટ'માં પરિણમશે.
- એન્જેલો મેથ્યુઝે દલીલ કરી હતી કે તેનો વિલંબ હેલમેટની ખામીને કારણે થયો હતો અને સમય બગાડવા અથવા ફાયદો મેળવવાનો તેનો કોઈ ઈરાદો હતો નહીં. પરંતુ આ નિયમો છેલ્લી ઘડીના સાધનો ભંગાણને ધ્યાનમાં લેતા નથી.

## FIDE ગ્રાન્ડ સ્વિસ ઓપન, 2023




- તાજેતરમાં વિદિત સંતોષ ગુજરાતી (FIDE મેન્સ ગ્રાન્ડ સ્વિસ) અને વૈશાલી રમેશ બાબુ (FIDE વિમેન્સ ગ્રાન્ડ સ્વિસ) એ FIDE ગ્રાન્ડ સ્વિસ ઓપન જીતી હતી.
- બંને ખેલાડીઓ કેનેડામાં આવતા વર્ષે એપ્રિલમાં રમાનારી પ્રતિષ્ઠિત કેન્ડીડેટ્સ ટુર્નામેન્ટ માટે પણ કવોલિફાય થયા હતા.
- વૈશાલી ગ્રાન્ડ સ્વિસ જીતનાર પ્રથમ ભારતીય બની હતી.
- વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ 2024 એ એપ્રિલ 2024માં ટોરોન્ટો, કેનેડામાં યોજાવાની છે.

❖ **FIDE (Federation International des Echecs / World Chess Federation)**

- તે ચેસની રમતનું સંચાલન કરતી સંસ્થા છે અને તે તમામ આંતરરાષ્ટ્રીય ચેસ સ્પર્ધાઓનું નિયમન કરે છે.
- તેને વર્ષ 1999માં આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા વૈશ્વિક રમતગમત સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવી હતી.
- FIDE નું મુખ્યમથક લોઝેન, સ્વિત્ઝર્લેન્ડમાં છે.

## ICC હોલ ઓફ ફેમ




- ભારતના ભૂતપૂર્વ ઓપનર વિરેન્દ્ર સેહવાગ, ભારતીય મહિલા ક્રિકેટર ડાયના એડુલજી તથા શ્રીલંકાના અરવિંદ ડી સિલ્વાને ICC હોલ ઓફ ફેમમાં સ્થાન મળ્યું છે.
- મુંબઈના વાનખેડે ખાતે ભારત અને ન્યુઝિલેન્ડ વચ્ચે રમાયેલ સેમીફાઈનલ મેચ દરમિયાન તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.
- વિરેન્દ્ર સેહવાગે ભારતે જીતેલા બે વર્લ્ડ કપ (2007 T-20 અને 2011 વન–ડે)માં મહત્વની ભૂમિકા નિભાવી હતી.
- આ ઉપરાંત ટેસ્ટ ક્રિકેટમાં બેટિંગ બદલવાનો શ્રેય વિરેન્દ્ર સેહવાગના ફાળે જાય છે.
- ડાયના એડુલજીએ 17 વર્ષ સુધી ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓ ICC હોલ ઓફ ફેમમાં સ્થાન મેળવનાર ભારતના પ્રથમ મહિલા ક્રિકેટર છે.
- અરવિંદ ડી સિલ્વાએ વર્ષ 1996ના વર્લ્ડ કપમાં શ્રીલંકાની સફળતામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

# UNITED INDIA INSURANCE COMPANY LIMITED

युनाइटेड इंडिया
UNITED INDIA

# UIICL

# Assistant

Total Vacancies **300**

**Salary: 38000+/-* (per month)**

## : Online Form :

16th December 2023
to
06th January 2024

## : Educational Qualification :

Any Graduate From a recognized University

## : Age Limit :

21 to 30 years (As on 30-9-23)
(SC/ST : +5 yrs : OBC : +3 yrs)

## : Exam Schedule :

February 2024

## : Exam Pattern :

Marks : 250 | Time : 2 hr

| Subject | Ques. | Marks | Time |
|---|---|---|---|
| Reasoning | 40 | 50 | 2 hr |
| English Language | 40 | 50 | |
| Numerical Ability | 40 | 50 | |
| General Awareness/ Current Affairs | 40 | 50 | |
| Computer Knowledge | 40 | 50 | |
| Total | 200 | 250 | |


**Join New Classes**

**ADMISSION OPEN**

**Then Why Wait!!!**

For Latest Vacancies & Updates Kindly visit @ **www.bankingacademy.co.in**

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

**Surat (Udhna)**
Ph. : 96629 00564

**Surat (Varachha)**
Ph. : 70464 16555

**Surat (Katargam)**
Ph. : 70466 31555

Join our Telegram Channel
@bankingacademygpscbank

Follow us on

# 10 નિમણૂક, વ્યક્તિ, પુસ્તક અને નિધન

## નીતિ આયોગમાં એક વર્ષ માટે ચાર ફેલોની નિમણુક




- ભારતની થિંક ટેંક NITI આયોગે સામાજિક, આર્થિક અને તકનીકી બાબતોમાં તેમની કુશળતા વધારવાના ઉદ્દેશ્ય સાથે એક વર્ષના કાર્યકાળ માટે ચાર પ્રતિષ્ઠિત ફેલોની નિમણૂક કરી છે.
- આ વ્યક્તિઓ મહત્વપૂર્ણ કાર્ય અનુભવ અને નિર્ણાયક મુદ્દાઓની ઊંડી સમજ લાવે છે, જે નીતિ આયોગની ક્ષમતાઓને વધુ સમૃદ્ધ બનાવે છે.
- નીતિ આયોગમાં જોડાનાર ચાર વ્યક્તિઓ નીચે મુજબ છે.
  - **ડૉ. અનૂપસિંહ**
    - અનૂપ સિંહ 15 મા નાણાપંચના સભ્ય છે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) સાથે કામ કરવાની પૃષ્ઠભૂમિ ધરાવે છે.
    - તેઓ IMF માં એશિયા – પેસિફિક વિભાગના નિયામકનું પદ સંભાળતા હતા.
    - તેમનું સંશોધન ભારતના રાજકોષીય આર્કિટેક્ચર, ફિસ્કલ ગવર્નન્સ અને ફિસ્કલ ફેડરેલિઝમની થીમ્સ પર કેન્દ્રિત છે.
  - **ડૉ. ઓ.પી. અગ્રવાલ**
    - 1979 બેચના IAS અધિકારી, ઓ.પી. અગ્રવાલ શહેરી પરિવહનમાં વ્યાપક નિપૂણતા ધરાવે છે.
    - તેઓ રાષ્ટ્રીય શહેરી પરિવહન નીતિની રચનામાં પણ સામેલ હતા.
    - આ ક્ષેત્રમાં તેમનો બહોળો અનુભવ NITI આયોગના શહેરી વિકાસ અને પરિવહન સંબંધિત પહેલ પરના કાર્યમાં નોંધપાત્ર યોગદાન આપશે.
  - **ડૉ. અજય ચૌધરી**
    - ડૉ. અજય ચૌધરી HCL ના સહ – સ્થાપકોમાંના એક છે અને તેમણે ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગની સ્થાપનામાં અગ્રણી ભૂમિકા ભજવી છે.
    - તેમને MEITY દ્વારા ઈન્ડિયા સેમિકન્ડકટર મિશનમાં સલાહકાર બોર્ડની સભ્ય તરીકે પણ નામાંકિત કરવામાં આવ્યા છે.
    - તેમને વર્ષ 2011 માં પ્રતિષ્ઠિત પદ્મભૂષણ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.
  - **વી. લક્ષ્મીકુમારન**
    - વી. લક્ષ્મીકુમારન કાનૂની નિષ્ણાત છે અને કાયદામાં 35 વર્ષનો અનુભવ ધરાવે છે.
    - તે કરવેરાના તમામ ક્ષેત્રોમાં કંપનીઓને સલાહ આપે છે, જેમાં ઈન્ટરનેશનલ ટેક્સેશન અને ટ્રાન્સફર પ્રાઈસિંગ, ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ, કસ્ટમ, એક્સાઈઝ, સર્વિસ ટેક્સ, વેલ્યુ એડેડ ટેક્સ, ફોરેન ટ્રેડ પોલિસી, સ્પેશિયલ ઈકોનોમિક ઝોન, કન્સલ્ટિંગ, એડવાઈઝરીનો સમાવેશ થાય છે.

Banking Academy

## ભારતીય ચૂંટણી પંચે અભિનેતા રાજકુમાર રાવને તેના 'નેશનલ આઈકન' તરીકે નિયુકત કર્યા




- પાંચ રાજ્યોમાં આગામી વિધાનસભાની ચૂંટણીઓ અને વર્ષ 2024ની સામાન્ય ચૂંટણીની તૈયારી માટે ભારતીય ચૂંટણી પંચે અભિનેતા રાજકુમાર રાવને તેના 'નેશનલ આઈકન' તરીકે નિયુકત કર્યા છે.
- મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારની હાજરીમાં નવી દિલ્હીખાતે રાજકુમાર રાવ સાથે ત્રણ વર્ષના સમયગાળા માટે એક MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- રાજકુમાર રાવની ચૂંટણી સંબંધિત 'ન્યૂટન' ફિલ્મ ખૂબ પ્રસિદ્ધ થઈ હતી.
- ન્યૂટન ફિલ્મમાં છત્તીસગઢના નકસલ પ્રભાવિત પ્રદેશોમાં મુકત અને નિષ્પક્ષ ચૂંટણી કરાવવાનો પ્રયાસ કરતી વખતે તેમણે એક પ્રામાણિક સરકારી અધિકારીનું પાત્ર ભજવ્યું હતું.

## કેન્દ્રીય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનર તરીકે હિરાલાલ સામરીયાની નિમણૂક

- તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ કેન્દ્રીય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનર તરીકે હિરાલાલ સામરીયાને શપથ લેવડાવ્યા.
- આ ઉપરાંત અન્ય નવા નિયુકત માહિતી કમિશનરોને હિરાલાલ સામરીયાએ શપથ લેવડાવ્યા.
- આ નવા નિયુકત થયેલા માહિતી કમિશનરોમાં શ્રીમતી આનંદી રામલિંગમ અને વિનોદ કુમાર તિવારીનો સમાવેશ થાય છે.
- હિરાલાલ સામરિયાનો જન્મ રાજસ્થાનમાં થયો હતો.

- હિરાલાલ સામરિયા શ્રમ અને રોજગાર મંત્રાલયમાં સચિવ તરીકે અને રસાયણ અને ખાતર મંત્રાલયમાં સંયુક્ત સચિવ તરીકે સેવા આપી ચૂકયા છે.

**❖ કેન્દ્રીય માહિતી આયોગ :**

- કેન્દ્રીય માહિતી આયોગ (CIC) ની સ્થાપના 12 ઓકટોબર, 2005ના રોજ કરવામાં આવી હતી.
- તેની સ્થાપના માહિતી અધિકાર અધિનિયમ, 2005ની કલમ 12 અંતર્ગત કરવામાં આવી છે. આથી તે વૈધાનિક સંસ્થા છે.
- કેન્દ્રીય માહિતી આયોગમાં એક મુખ્ય માહિતી કમિશનર અને વધુમાં વધુ અન્ય 10 માહિતી કમિશનર હોય છે.
- કેન્દ્રીય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનર અને અન્ય માહિતી કમિશનરની નિમણૂક એક સમિતિની ભલામણથી રાષ્ટ્રપતિ કરે છે.
- આ સમિતિ નીચે આપેલા સભ્યોની બનેલી હોય છે.
  (1) વડાપ્રધાન (અધ્યક્ષ)
  (2) લોકસભાના વિરોધપક્ષના નેતા
  (3) વડાપ્રધાન દ્વારા નામાંકિત કેબિનેટ મંત્રી



**❖ કાર્યકાળ :**

- માહિતી અધિકાર (સંશોધન) અધિનિયમ, 2019 મુજબ મુખ્ય માહિતી કમિશનર અને અન્ય માહિતી કમિશનરનો કાર્યકાળ કેન્દ્ર સરકાર નક્કી કરે તે મુજબ રહેશે.
- કાર્યકાળ પૂરો થયા બાદ મુખ્ય માહિતી કમિશનર કે અન્ય માહિતી કમિશનરની પુન: નિયુકિત થઈ શકે નહીં.
- પરંતુ અન્ય માહિતી કમિશનરની મુખ્ય માહિતી કમિશનર તરીકે નિમણૂક થઈ શકે છે. જેમનો કાર્યકાળ માહિતી કમિશનર અને મુખ્ય માહિતી કમિશનર તરીકે કુલ 5 વર્ષથી વધુ ન હોઈ શકે.

**❖ શપથ :**

- મુખ્ય માહિતી કમિશનર તથા અન્ય માહિતી કમિશનરે રાષ્ટ્રપતિ અથવા તેમના દ્વારા નિયુકત વ્યકિત સમક્ષ શપથ ગ્રહણ કરવાના હોય છે.

**❖ રાજીનામુ :**

- મુખ્ય માહિતી કમિશનર અથવા અન્ય માહિતી કમિશનર સ્વેચ્છાએ પોતાનું રાજીનામુ રાષ્ટ્રપતિને આપી શકે છે.
- મુખ્ય માહિતી કમિશનર કે અન્ય માહિતી કમિશનરને તેમના કાર્યમાં નિષ્ફળતા અથવા ગેરવર્તણૂક બદલ રાષ્ટ્રપતિ દૂર કરી શકે છે.
- પરંતુ રાષ્ટ્રપતિ તેમને પદ પરથી ત્યારે જ દૂર કરે છે જ્યારે સર્વોચ્ચ ન્યાયાલય તેમના કાર્યોની સમીક્ષા કરી રિપોર્ટ દ્વારા પદ પરથી દૂર કરવાની ભલામણ કરે છે.

## ગિરીશ ચંદ્ર મુર્મુને પેનલ ઓફ એકસટર્નલ ઓડિટરના વાઈસ ચેરમેન તરીકે ચૂંટવામાં આવ્યા



- ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ગિરીશ ચંદ્ર મુર્મુએ યુનાઈટેડ નેશન્સ પેનલ ઓફ એકસટર્નલ ઓડિટરના વાઈસ ચેરમેન તરીકે ચૂંટાઈને મહત્વપૂર્ણ પદ હાંસલ કર્યુ છે.
- યુનાઈટેડ નેશન્સ પેનલ ઓફ એકસટર્નલ ઓડિટરની સ્થાપના 1959માં યુએન જનરલ એસેમ્બલીના ઠરાવ દ્વારા કરવામાં આવી હતી.
- આ પેનલનો હેતુ ઓડિટનું સંકલન કરવાનો અને ઓડિટ પદ્ધતિઓ અને તારણો વિશેની માહિતી શેર કરવાનો છે.
- વૈશ્વિક સ્તરે 12 સર્વોચ્ચ ઓડિટ સંસ્થાઓના વડાઓની બનેલી બાહ્ય ઓડિટર્સ પેનલ, સંયુકત રાષ્ટ્ર સચિવાલય, ભંડોળ અને કાર્યક્રમો અને વિશિષ્ટ એજન્સીઓના બાહ્ય ઓડિટની દેખરેખમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.
- આ સ્વતંત્ર સંસ્થા સંયુકત રાષ્ટ્રની અંદર વિવિધ સંસ્થાઓના વ્યાપક નાણાકીય, કામગીરી અને અનુપાલન ઓડિટ કરે છે.

## જસ્ટિસ એમ. ફાતિમા બીવીનું નિધન



- દેશની પ્રથમ મહિલા સુપ્રીમ કોર્ટ જજ, જસ્ટિસ ફાતિમા બીવી જેનું 96 વર્ષની વયે નિધન થયું.
- તે દેશમાં ઉચ્ચ ન્યાયતંત્રમાં નિયુકત થનારી પ્રથમ મુસ્લિમ મહિલા પણ હતા.
- તેમણે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના સભ્ય તરીકે અને પછી તમિલનાડુના રાજ્યપાલ તરીકે સેવા આપી હતી.
- જસ્ટિસ ફાતિમા બીવીનો જન્મ કેરળમાં વર્ષ 1927માં થયો હતો.
- તેમને ભારત જ્યોતિ એવોર્ડ અને યુએસ–ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

Banking Academy

## SPGના નવા ડિરેક્ટર તરીકે આલોક શર્માની નિમણૂક



- વરિષ્ઠ IPS અધિકારી આલોક શર્માની સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (SPG)ના નવા ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- આલોક શર્મા ઉત્તરપ્રદેશ કેડરના 1991 બેચના IPS અધિકારી છે.
- તેઓ SPGમાં વર્તમાન એડિશનલ ડિરેક્ટર તરીકે કાર્યરત હતા.
- વડાપ્રધાન, ભૂતપૂર્વ વડાપ્રધાન અને તેમના નજીકના પરિવારના સભ્યોને સુરક્ષા કવચ આપવા માટે વર્ષ 1985માં SPGની સ્થાપના કરવામાં આવી હતી.
- SPGમાં CRPF, બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને અન્ય કેન્દ્રીય તથા રાજ્ય દળોના જવાનોનો સમાવેશ થાય છે.
- SPGનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

Banking Academy

# 11 એવોર્ડ અને પુરસ્કાર

## પેરુમલ મુરુગનની 'ફાયર બર્ડ' એ સાહિત્ય માટે 2023 નું JCB પ્રાઈઝ જીત્યું




- તમિલ લેખક પેરુમલ મુરુગનની નવલકથા 'ફાયર બર્ડ, જેનું અંગ્રેજી અનુવાદ જનની કન્નન દ્વારા કરવામાં આવેલું છે તે વર્ષ 2023 ના સાહિત્ય માટેના JCB પ્રાઈઝમાં વિજેતા બની છે.
- આ પુસ્તકનું પ્રકાશન પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયા દ્વારા કરવામાં આવ્યું છે.
- પ્રતિષ્ઠિત JCB સાહિત્ય પુરસ્કારમાં પેરુમલ મુરુગનને રૂા. 25 લાખનું રોકડ પુરસ્કાર આપવામાં આવ્યું તથા અનુવાદક જનની કન્નન ને રૂા. 10 લાખનું રોકડ પુરસ્કાર આપવામાં આવ્યું.
- ઉત્કૃષ્ટ તમિલ લેખક પેરુમલ મુરુગન એક પ્રભાવશાળી સાહિત્યિક ભંડાર ધરાવે છે, જેમાં 12 નવલકથાઓ, 6 ટૂંકી વાર્તાઓના સંગ્રહો, 6 કાવ્યસંગ્રહો અને અસંખ્ય બિન–સાહિત્યિક પુસ્તકોનો સમાવેશ થાય છે.
- 'સીઝન્સ ઓફ ધ પામ', 'કરન્ટ શો' અને 'વન પાર્ટ વુમન' સહિતની તેમની દસ નવલકથાઓનો અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવ્યો છે.

## કોમેડિયન વીર દાસે ઈન્ટરનેશનલ એમી એવોર્ડ જીત્યો



- કોમેડિયન વીર દાસે તેના નેટફિલકસ શો, 'વીર દાસ : લેન્ડિંગ ઓન મન્ડે' માટે કોમેડી શ્રેણીમાં આંતરરાષ્ટ્રીય એમી એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય તરીકે ઈતિહાસ રચ્યો છે.
- ફિલ્મ નિર્માતા એકતા કપૂર એ ઈન્ટરનેશનલ એમી ડિરેકટોરેટ એવોર્ડ જીતનારી પ્રથમ ભારતીય મહિલા ફિલ્મ નિર્માતા બની છે. જે આંતરરાષ્ટ્રીય ટેલિવિઝનમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે વ્યકિતઓ અથવા સંસ્થાઓને આપવામાં આવે છે.

❖ **એમી એવોર્ડ્સ વિશે :**

- એમી એવોર્ડ્સ ટેલિવિઝન અને ઉભરતા મીડિયા પરફોર્મન્સમાં શ્રેષ્ઠતા માટે પ્રતિષ્ઠિત પ્રશંસા સન્માન છે. તે ખાસ કરીને ટેલિવિઝનમાં સિદ્ધિઓને ઓળખે છે.
- વર્ષ 1948માં કલ્પના કરાયેલ, એમી એવોર્ડ સમારોહ પ્રથમવાર 25 જાન્યુઆરી, 1949ના રોજ યોજાયો હતો. જેમાં મોસ્ટ આઉટસ્ટેન્ડિંગ ટેલિવિઝન પર્સનાલિટી અને મોસ્ટ પોપ્યુલર ટેલિવિઝન પ્રોગ્રામ માટે માન્યતા સહિત 6 પુરસ્કારો આપવામાં આવ્યા હતા.
- ઈન્ટરનેશનલ એમી એવોર્ડ્સ અને પ્રાઈમટાઈમ એમી એવોર્ડ્સ ઉપરાંત, એમીઝને નીચેની કેટેગરીમાં પણ પુરસ્કારો આપવામાં આવે છે. ડેટાઈમ એમી એવોર્ડ્સ, સ્પોર્ટ્સ એમી એવોર્ડ્સ, ન્યૂઝ એન્ડ ડોકયુમેન્ટ્રી એમી એવોર્ડ્સ, ટેકનોલોજી એન્ડ એન્જિનીયરીંગ એમી એવોર્ડ્સ, રિઝનલ એમી એવોર્ડ્સ

❖ **પુરસ્કાર આપતી સંસ્થાઓ :**

- એમી પુરસ્કારો થ્રી સિસ્ટર ઓર્ગેનાઈઝેશન્સ દ્વારા રજૂ કરવામાં આવે છે જે દરેક ચોક્કસ શ્રેણીઓની દેખરેખ રાખે છે.
- ટેલિવિઝન એકેડમી – પ્રાઈમટાઈમ એમી એવોર્ડ્સનું સંચાલન કરે છે.
- નેશનલ એકેડેમી ઓફ ટેલિવિઝન આર્ટસ એન્ડ સાયન્સ – ડે ટાઈમ, સ્પોર્ટ્સ, ન્યૂઝ અને ડોકયુમેન્ટ્રી કેટેગરીની દેખરેખ રાખે છે.
- ઈન્ટરનેશનલ એકેડેમી ઓફ ટેલિવિઝન આર્ટ્સ એન્ડ સાયન્સ – ઈન્ટરનેશનલ એમી એવોર્ડ્સ માટે જવાબદાર

Banking Academy

# 12 મહત્વના દિવસો

## 3 નવેમ્બર : આંતરરાષ્ટ્રીય બાયોસ્ફિયર રિઝર્વ ડે




- સૌપ્રથમ આ દિવસ વર્ષ 2022માં UNESCO દ્વારા તેની 41મી સામાન્ય પરિષદ દરમિયાન ઉજવવામાં આવ્યો હતો.
- બાયોસ્ફિયર રિઝર્વ 'ટકાઉ વિકાસ માટે શિખવાના સ્થળો' છે. તે એવા સ્થાનો છે જે વૈશ્વિક પડકારોનો સ્થાનિક ઉકેલ પૂરો પાડે છે.
- આ દિવસ આપણા પર્યાવરણને સંરક્ષણ અને ટકાઉપણાને પ્રોત્સાહન આપવા માટે બાયોસ્ફિયર રિઝર્વના મુખ્ય મુદ્દાઓને પ્રકાશિત કરે છે.
- ભારતમાં કુલ 18 બાયોસ્ફિયર રિઝર્વ આવેલા છે. જેમાં સૌપ્રથમ નીલગીરી બાયોસ્ફિયર રિઝર્વ, તમિલનાડુ ને વર્ષ 1986માં બાયોસ્ફિયર રિઝર્વ જાહેર કરવામાં આવ્યું હતું અને છેલ્લે વર્ષ 2011માં પન્ના બાયોસ્ફિયર રિઝર્વ, મધ્ય પ્રદેશ ને બાયોસ્ફિયર રિઝર્વ જાહેર કરવામાં આવ્યું છે.

## 5 નવેમ્બર : વિશ્વ સુનામી જાગૃતિ દિવસ




- દર વર્ષે 5 નવેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં 'વિશ્વ સુનામી જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી કરવા પાછળનો હેતુ 'સુનામી' જેવી કુદરતી આફતો વિશે લોકોને જાગૃત કરવા અને બચાવ માટેના જરૂરી પગલા લઈ શકાય એ છે.
- સામાન્ય રીતે ધરતીકંપ દરમિયાન કેટલીકવાર સમુદ્રની પ્લેટ અમુક અંતર ખસે છે, જેના પરીણામ સ્વરૂપે સમુદ્રનું પાણી મોટા મોજાના સ્વરૂપમાં ઉછળે છે અને આ ઊંચા ઉછળતા મોજા સમુદ્રકિનારાના વિસ્તારોમાં ભારે નુકસાન સર્જે છે, આ ઊંચા મોજાઓને સુનામી કહેવાય છે.
- ભારતની દક્ષિણ દિશાએ આવેલ હિંદ મહાસાગરમાં વર્ષ 2004માં ભયંકર સુનામી આવ્યા બાદ સંયુકત રાષ્ટ્ર મહાસભાએ દર વર્ષે 5 નવેમ્બરને 'વિશ્વ સુનામી જાગૃતિ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. વર્ષ 2015માં યુનાઈટેડ નેશન્સે આ દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી અને આ દિવસની ઉજવણી માટે જાપાન દેશ દ્વારા પહેલ કરવામાં આવી હતી.

## 7 નવેમ્બર : રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ

- ભારતમાં દર વર્ષે 7 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે.




- કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા કેન્સર અંગે જાગૃતિ ફેલાવવા માટે સપ્ટેમ્બર, 2014 થી આ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.
- WHO ના આંકડા અનુસાર મધ્યમ અને ઓછી આવક ધરાવતા દેશોમાં કેન્સરથી થતા મૃત્યુનો આંક 70% જેટલો છે.
- 'વિશ્વ કેન્સર દિવસ' 4 ફેબ્રુઆરીના રોજ ઉજવવામાં આવે છે જ્યારે 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ' 7 નવેમ્બરના રોજ ઉજવાય છે.
  - ❖ **કેન્સર થવાના મુખ્ય કારણો :**
  - ધુમ્રપાન અને તમાકુનું સેવન
  - મદ્યપાન

## 9 નવેમ્બર : રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ




- ભારતમાં દર વર્ષે 9 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ' અથવા 'રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ' ઉજવવામાં આવે છે.
- સૌપ્રથમ ભારતની સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા વર્ષ 1995માં સમાજના ગરીબ અને નબળા વર્ગોને કાનૂની મદદ / સહાય આપવા માટે આ દિવસની શરૂઆત કરવામાં આવી હતી.

- ભારતીય સંસદના 'ભારતીય કાનૂની સેવા સત્તા અધિનિયમ, 1987' 9 નવેમ્બર, 1995 ના રોજ અમલમાં આવ્યો હતો. તેથી 9 નવેમ્બરના રોજ રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- લોકોમાં કાયદાકીય જાગૃતિ આવે, સમાજના ગરીબ અને નબળા વર્ગના લોકોને મફત અને કાનૂની સહાય અને સલાહ મળે અને સૌને સમાન ન્યાય મળે તે હેતુથી આ દિવસ ઉજવવામાં આવે છે.

## 11 નવેમ્બર : રાષ્ટ્રીય શિક્ષણ દિવસ




- ભારતમાં દર વર્ષે 11 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- મૌલાના અબુલ કલામ આઝાદ કે જેઓ આઝાદ ભારતના પ્રથમ શિક્ષણમંત્રી રહ્યા હતા, તેમનો જન્મદિન 11 નવેમ્બર હોવાથી તેમની યાદમાં આ દિવસને 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. જોકે વિધિવત રીતે આ દિવસની ઉજવણી વર્ષ 2008થી કરવામાં આવી છે.
- ભારતના પ્રથમ શિક્ષણ મંત્રી તરીકે મૌલાના અબુલ કલામ આઝાદે વર્ષ 1947 થી વર્ષ 1958 સુધી સેવા આપી હતી.

## 12 નવેમ્બર : વિશ્વ ન્યુમોનિયા દિવસ




- દર વર્ષે 12 નવેમ્બરને 'વિશ્વ ન્યુમોનિયા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા વર્ષ 2009 માં 12 નવેમ્બરને વિશ્વ ન્યુમોનિયા દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય ન્યુમોનિયાને ફેલાતો અટકાવવા માટે તેની સારવાર વિશે લોકજાગૃતિ લાવવાનો છે.
- ન્યુમોનિયા એક ચેપી રોગ છે. ન્યુમોનિયા વાયરસ અને બેક્ટેરિયાનાં કારક દ્વારા ફેલાય છે. જે ફેફસાને ગંભીર અસર કરે છે. અને તેનાથી શ્વાસોચ્છ્વાસની તકલીફ થાય છે.

## 12 નવેમ્બર : રાષ્ટ્રીય પક્ષી દિવસ




- ભારતમાં દર વર્ષે 12 નવેમ્બરના રોજ રાષ્ટ્રીય પક્ષી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતના પક્ષી તજજ્ઞ સલીમ અલીના જન્મ દિવસને ભારત સરકાર દ્વારા 'રાષ્ટ્રીય પક્ષી દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. પક્ષી નિષ્ણાત સલીમ અલીનો જન્મ 12 નવેમ્બર, 1896 ના રોજ મુંબઈ ખાતે થયો હતો.
- ડૉ. સલીમ અલીને ભારતમાં 'બર્ડમેન' તરીકે ઓળખવામાં આવે છે. પક્ષીઓ સંબંધિત તેમના દ્વારા લખાયેલા અનેક પુસ્તકોમાંથી 'બર્ડ્સ ઓફ ઈન્ડિયા' સૌથી લોકપ્રિય પુસ્તક છે. તેમને વર્ષ 1958માં 'પદ્મભૂષણ' અને વર્ષ 1976માં 'પદ્મવિભૂષણ' થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## 14 નવેમ્બર : વિશ્વ ડાયાબિટિસ દિવસ




- ઈનસ્યુલિનની શોધ કરનાર ફ્રેડરિક બેન્ટિંગના જન્મ દિવસની યાદમાં દર વર્ષે 14 નવેમ્બરના રોજ WHO દ્વારા વિશ્વ ડાયાબિટિસ દિવસ ઊજવવામાં આવે છે.
- વર્ષ 2021 થી 2023 સુધી આ દિવસની થીમ Access to Diabetes Care છે.
- વર્ષ 2006 માં સંયુક્ત રાષ્ટ્ર (UN) દ્વારા વિશ્વમાં ડાયાબિટિસના વધતા જોખમને ધ્યાનમાં રાખીને દર વર્ષે 14 નવેમ્બરના રોજ આ દિવસ યોજવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વૈશ્વિક જાહેર આરોગ્યના મુદ્દા તરીકે ડાયાબિટિસ વિશે જાગૃતતા લાવવાનો અને ડાયાબિટિશના વધુ સારા નિવારણ, નિદાન અને વ્યવસ્થાપન માટે પ્રયાસ કરવાનો છે.

## 15 નવેમ્બર : જનજાતિય ગૌરવ દિવસ અથવા આદિવાસી ગૌરવ દિવસ




- ભારતમાં 15 નવેમ્બરના રોજ 'આદિવાસી ગૌરવ દિવસ' અથવા 'જનજાતિય ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- 10 નવેમ્બર, 2021ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે 15 નવેમ્બરને 'આદિવાસી ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ દિવસને ભારતની આઝાદીના 75 વર્ષ પૂર્ણ થયાની યાદમાં જાહેર કરવામાં આવ્યો હતો.
- 15 નવેમ્બર એ બિરસામુંડાની જન્મજયંતિ પણ છે, જેને સમગ્ર ભારતમાં આદિવાસી સમુદાયો દ્વારા ભગવાન તરીકે પૂજવામાં આવે છે. આથી, 15 નવેમ્બરને 'આદિવાસી ગૌરવ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત આ દિવસ આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓનું સ્મરણ કરશે.
- આદિવાસીઓના સાંસ્કૃતિક વારસાની જાળવણી અને રાષ્ટ્રીય ગૌરવ, શૌર્ય અને અતિથ્યના ભારતીય મૂલ્યોને પ્રોત્સાહન આપવાના પ્રયાસોને માન્યતા આપવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**<u>બિરસા મુંડા વિશે....</u>**

- ભારતીય સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડાનો જન્મ 15 નવેમ્બર, 1875ના રોજ ઝારખંડના ખુટી જિલ્લાના ઉલિહાટુ ગામમાં થયો હતો.
- બિરસા મુંડા માનતા હતા કે ભગવાન દ્વારા લોકોના કલ્યાણ માટે અને તેમના દુઃખ દૂર કરવા માટે મોકલવામાં આવ્યા છે. તેથી તેઓ પોતાને ભગવાન માનતા હતા.
- તેમને 'ધરતી અબ્બા' (Dharti Abba) અથવા 'વિશ્વના પિતા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- વર્ષ 1899-1900માં તેમની આગેવાની હેઠળનો મુંડા બળવો એ છોટા નાગપુર (ઝારખંડ) પ્રદેશમાં સૌથી વધુ ચર્ચિત બળવો હતો. તેને 'મુંડા ઉલગુલાન' (બળવો) પણ કહેવામાં આવે છે.
- આ બળવો મુંડા જનજાતિની પરંપરાગત પ્રણાલીમાંથી ખુંટકટીની જમીનદારી પ્રણાલીમાં પરિવર્તનના કારણે શરૂ થયો હતો.

## 16 નવેમ્બર : આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ

- દર વર્ષે 16 નવેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.




- સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN) દ્વારા વર્ષ 1996 થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય લોકોમાં લઘુમતીઓ પ્રત્યે નફરત અને ભેદભાવ પર પ્રતિબંધ મુકવાનો તેમજ શૈક્ષણિક જાગૃતતા લાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 1995 માં ગાધીજીના જન્મને 125 વર્ષ પૂરાં થયા હોવાથી આ વર્ષને સહિષ્ણુતા વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું.
- સહિષ્ણુતા એક સમાજ બનાવે છે. જેમાં લોકો મૂલ્યવાન અને આદર અનુભવે છે.
- સહિષ્ણુતા અને અહિંસાના પ્રોત્સાહન તથા પ્રચાર –પ્રસાર માટે યુનેસ્કો દ્વારા મદનજીત સિંહ એવોર્ડ આપવામાં આવે છે.

## 16 નવેમ્બર : રાષ્ટ્રીય પ્રેસ દિવસ




- ભારતમાં દર વર્ષે 16 નવેમ્બરના રોજ રાષ્ટ્રીય પ્રેસ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI) દ્વારા વર્ષ 1966 થી આ દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય દેશની એકતા અને અખંડિતતા જળવાઈ રહે અને લોકશાહીના મૂલ્યોનું જતન થાય તેમજ નાગરિકોના મૂળભૂત અધિકારોના રક્ષણ માટે જાગૃતિ લાવવાનો છે.

## 19 નવેમ્બર : વિશ્વ શૌચાલય દિવસ




- દર વર્ષે 19 નવેમ્બરના રોજ 'વિશ્વ શૌચાલય દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ Making the Invisible Visible છે.
- સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN) દ્વારા 'સૌ માટે સ્વચ્છતા' ના શીર્ષક હેઠળ 24 જુલાઈ, 2013 ના રોજ 19 નવેમ્બરને વિશ્વ શૌચાલય દિવસ તરીકે જાહેર કર્યો હતો.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સૌને સ્વચ્છતાનું પ્રોત્સાહન આપવા, ગંદા અને ગટરના પાણીનો યોગ્ય નિકાલ કરવા તેમજ વૈશ્વિક સ્વચ્છતાના સંકટને પહોંચી વળવા અને પાણીનો સદઉપયોગ કરવાના હેતુથી આ દિવસ મનાવવામાં આવે છે.

## 20 નવેમ્બર : વિશ્વ બાળ દિવસ




- દર વર્ષે 20 નવેમ્બરના રોજ 'વિશ્વ બાળ દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UN) ની સામાન્ય સભાએ 14 ડિસેમ્બર, 1954 ના રોજ ઠરાવ પસાર કરી ભલામણ કરી હતી કે વિશ્વ કક્ષાએ દરેક દેશો દ્વારા વિશ્વ બાળ દિવસની ઉજવણી કરવામાં આવે. ત્યારબાદ સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UN) ની સામાન્ય સભાએ 20 નવેમ્બર, 1959 ના રોજ બાળ અધિકારના ઘોષણાપત્રને સ્વીકાર્યો હતો, તેથી 20 નવેમ્બર વિશ્વ બાળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય બધા દેશોએ બાળકોની કાળજી લેવી, તેમને ખોરાક, આરોગ્ય, શિક્ષણ અને સુરક્ષા પૂરી પાડવા પ્રયત્નશીલ રહેવાનો છે.

## 21 નવેમ્બર : વિશ્વ મત્સ્યપાલન દિવસ




- દર વર્ષે 21 નવેમ્બરના રોજ 'વિશ્વ મત્સ્યઉદ્યોગ દિવસ' ઉજવવામાં આવે છે.
- 21 નવેમ્બર, 1997 માં વિશ્વ મત્સ્ય ઉદ્યોગ ફોરમ (WFF) ની સ્થાપના કરવામાં આવી હોવાથી 21 નવેમ્બરના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય લોકોમાં મત્સ્ય ઉદ્યોગ અંગે જાગૃતિ લાવવાનો અને મત્સ્ય ક્ષેત્રે સંકળાયેલા સમુદાયને પ્રોત્સાહન આપવાનો છે.
- સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 નવેમ્બરના રોજ FAO (Food And Agriculture Organization) દ્વારા 'વિશ્વ મત્સ્યઉદ્યોગ દિવસ' ઉજવવામાં આવે છે, તેમજ ભારતમાં આ દિવસ Ministry of Fisheries, Animal Husbandry And Dariying દ્વારા ઉજવવામાં આવે છે.
- વિશ્વ મત્સ્ય ઉદ્યોગ ફોરમ (WFF) નું વડુમથક યુગાન્ડાની રાજધાની કમ્પાલામાં આવેલું છે.
- મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્રની સંભવિતતાને ધ્યાનમાં રાખીને પ્રધાનમંત્રીએ મે, 2020 માં પાંચ વર્ષના સમયગાળા માટે રૂ.20,050 કરોડથી વધુના બજેટ સાથે 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY)' શરૂ કરી હતી.

## 21 નવેમ્બર : વિશ્વ ટેલિવિઝન દિવસ




- દર વર્ષે 21 નવેમ્બર 'વિશ્વ ટેલિવિઝન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN) ની સામાન્ય સભાએ 17 ડિસેમ્બર, 1996ના રોજ ઠરાવ પસાર કરીને 21 નવેમ્બરને વિશ્વ ટેલિવિઝન દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરી હતી.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય માહિતી, મનોરંજન, શિક્ષણ, આરોગ્ય સંભાળ, વ્યક્તિગત સંબંધો અને મુસાફરી વગેરે સહિતની દૈનિક પ્રવૃત્તિઓ કરવા માટે માહિતી, તકનીક અને સંદેશાવ્યવહારને ટેલિવિઝન દ્વારા સરળ બનાવવાનો છે.

## 25 નવેમ્બર : આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ




- દર વર્ષે 25 નવેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ' ઉજવવામાં આવે છે.
- સંયુકત રાષ્ટ્ર મહાસભા (UNGA) દ્વારા 17 ડિસેમ્બર, 1999 ના રોજ મહિલાઓ વિરુદ્ધ હિંસાને નાબૂદ કરવા એક સંકલ્પ પ્રસ્તાવ પસાર કરી 25 નવેમ્બરને 'આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં મહિલાઓ સામેની હિંસા અટકાવવા અને દૂર કરવાના હેતુથી આ દિવસ મનાવવામાં આવે છે.
- વર્ષ 2010 માં સંયુકત રાષ્ટ્ર મહાસભા દ્વારા યુનાઈટેડ નેશન વુમનની સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થા મહિલા સુરક્ષા અને સશકિતકરણના ક્ષેત્રમાં કામ કરે છે.
- ભારતમાં મહિલાઓના બંધારણીય હિત અને કાનૂની સુરક્ષા માટે વર્ષ 1992 માં રાષ્ટ્રીય મહિલા આયોગની સ્થાપના કરવામાં આવી હતી.

## 26 નવેમ્બર : રાષ્ટ્રીય સંવિધાન દિવસ




- આ વર્ષે 26 નવેમ્બર, 2023 ના રોજ 74 માં સંવિધાન દિવસની ઊજવણી કરવામાં આવી છે. સંવિધાન દિવસને કાયદા દિવસ (Law Day) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- કેન્દ્ર સરકાર દ્વારા 23 નવેમ્બર, 2015 ના રોજ સંવિધાન દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ ભારત સરકાર દ્વારા 26, નવેમ્બર, 2015 ના રોજ પ્રથમ સંવિધાન દિવસ મનાવવામાં આવ્યો હતો.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય ભારતીય બંધારણ અને તેના ઘડવૈયા ભારત રત્ન ડો.બી. આર. આંબેડકરના મહત્વ વિશે લોકોમાં જાગરૂકતા લાવવાના ઉદ્દેશ્યથી આ દિવસ મનાવવામાં આવે છે.
- બંધારણનું પ્રારૂપ તૈયાર કરનાર ડ્રાફટ સમિતિના અધ્યક્ષ ડો. બી. આર. આંબેડકરને ભારતીય સંવિધાનના જનક તરીકે પણ ઓળખવામાં આવે છે.
- 26 જાન્યુઆરી, 1950 ના દિવસે કુલ 299 માંથી 284 સભ્યોએ બંધારણ પર હસ્તાક્ષર કર્યા.
- બંધારણ સભા દ્વારા કુલ 11 સત્રો યોજીને 2 વર્ષ, 11 મહિના અને 18 દિવસમાં બંધારણ તૈયાર કરવામાં આવ્યું હતું.
- 26 નવેમ્બર, 1949 ના દિવસે બંધારણ સભા દ્વારા ભારતના સંવિધાનનો સ્વીકાર કરવામાં આવ્યો તથા કેટલીક જોગવાઈઓ જેવી કે નાગરિકતા, કામચલાઉ સરકાર અને સંસદ ચૂંટણી, કટોકટીની જોગવાઈ તે જ દિવસે લાગુ કરવામાં આવી.
- બંધારણસભા પ્રથમ વખત ધારાકીય સંસ્થા તરીકે 17 નવેમ્બર, 1947 ના રોજ મળી હતી અને ત્યારે ગણેશ વાસુદેવ માવળંકર તેના સ્પીકર તરીકે ચૂંટાયા. આમ, બંધારણસભા સ્વતંત્ર ભારતની પ્રથમ સંસદ બની.
- 26 નવેમ્બર, 1949 ના રોજ બંધારણસભાની બેવડી ભૂમિકાનો અંત આવ્યો. ત્યારબાદ 1952 સુધી તે કામચલાઉ સંસદ તરીકે કાર્યરત રહી.
- ભારતનું બંધારણ વિશ્વનું સૌથી લાંબુ લેખિત બંધારણ છે. મૂળ બંધારણમાં 395 કલમો 22 ભાગો અને 8 અનુસૂચિઓ હતી.

## 28 નવેમ્બર : લાલ ગ્રહ દિવસ




- દર વર્ષે 28 નવેમ્બરના રોજ 'લાલ ગ્રહ દિવસ' ઉજવવામાં આવે છે.
- મંગળ ગ્રહ પર આર્યન ઓકસાઈડ વધુ હોવાથી તેને 'લાલ ગ્રહ' તરીકે ઓળખવામાં આવે છે.
- અમેરિકાની અંતરીક્ષ સંસ્થા નેશનલ એરોનોટિકસ એન્ડ સ્પેસ એડમિનિટ્રેશન (NASA) દ્વારા વર્ષ 1964 માં 28 નવેમ્બરના રોજ મંગળ ગ્રહ પર સૌપ્રથમ અવકાશયાન 'મરીનર 4' નું પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું. તેની યાદમાં 28 નવેમ્બરને લાલ ગ્રહ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ સ્પેસક્રાફટે લગભગ આઠ મહિના સુધી ત્યાં પરિવહન કર્યા બાદ 14 જૂલાઈ, 1956 નાં રોજ મંગળ ગ્રહનું ફ્લાય – બાય કર્યુ હતું.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય આપણા પડોશી ગ્રહ મંગળ વિશે વધુ શીખવાનો અને તેનો યોગ્ય ઉપયોગ કરવાનો છે તેમજ તે ગ્રહની રસપ્રદ માહિતી મેળવી જાગૃતિ ફેલાવવાનો છે.

# 13 Current Affairs Booster

**1. બ્રોડકાસ્ટિંગ સર્વિસીસ (રેગ્યુલેશન) બિલ, 2023 વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(1) આ બિલનો ઉદ્દેશ્ય પ્રસારણ ક્ષેત્ર માટે એકીકૃત કાનૂની માળખું લાવવાનો છે.
(2) આ બિલ ઓવર ધ ટોપ (OTT), ડિજિટલ મીડિયા, DTH, IPTV જેવા ક્ષેત્રોને આવરી લે છે.
(3) આ બિલ એક ‘બ્રોડકાસ્ટ એડવાઈઝરી કાઉન્સિલ’ ની પણ સ્થાપના કરે છે જે કેન્દ્ર સરકારને પ્રોગ્રામ કોડ અને જાહેરાત કોડના ઉલ્લંઘન પર સલાહ આપવાનું કામ કરે છે.
(A) માત્ર 1,2 (B) માત્ર માત્ર 2 (C) માત્ર 3 (D) આપેલ તમામ

**2. ઈન્ડો – પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક ફોર પ્રોસ્પરિટી (IPEF) વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) IPEF ની શરૂઆત મે 2023 માં ટોક્યો, જાપાન ખાતે કરવામાં આવી હતી.
(2) આ ફ્રેમવર્કમાં ભારત સહિત 14 સભ્ય દેશોનો સમાવેશ થાય છે.
(3) ત્રીજી IPEF મંત્રી સ્તરની બેઠકમાં તમામ સભ્યોએ સપ્લાય ચેઈન રિઝિલિયન્સ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા.
(A) માત્ર 2 (B) માત્ર 1 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**3. હાલમાં ચર્ચામાં રહેલ લોકસભાની એથિક્સ કમિટી વિશે સત્ય વિધાન કયુ છે?**
(A) લોકસભામાં એથિક્સ કમિટિના સભ્યોની નિમણૂક સ્પીકર દ્વારા ત્રણ વર્ષના સમયગાળા માટે કરવામાં આવે છે.
(B) સભ્યોની બનેલી આ કાર્ય સ્પીકરે ઉલ્લેખિત લોકસભાના સભ્યના અનૈતિક આચરણને લગતી દરેક ફરિયાદની તપાસ કરવી અને તેને યોગ્ય લાગે તેવી ભલામણો કરવાનું છે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**4. નીચે આપેલા પૈકી સત્ય વિધાનો પસંદ કરો.**
(A) યુનેસ્કો દ્વારા ક્રિએટીવ સિટીઝ નેટવર્કમાં ‘સાહિત્યના શહેર’ તરીકે પસંદગી પામનાર કોઝિકોડ ભારતનું પ્રથમ શહેર છે.
(B) યુનેસ્કો દ્વારા ક્રિએટીવ સિટીઝ નેટવર્કમાં ‘સંગીતના શહેર’ તરીકે પસંદગી પામનાર ગ્વાલિયર ભારતનું પ્રથમ શહેર છે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**5. ‘India Mobile Congress 2023’ વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) તાજેતરમાં India Mobile Congress 2023 ની 7 મી આવૃત્તિનું આયોજન નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યું હતું.
(B) IMC 2023 ની થીમ ‘ગ્લોબલ ડિજિટલ ઈનોવેશન’ પર આધારીત હતી.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**6. ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ 2023 વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) IISF 2023 ની 9 મી આવૃત્તિનું આયોજન જાન્યુઆરી, 2024 માં ફરિદાબાદ, હરિયાણા ખાતે થશે.
(B) IIS ની 9 મી આવૃત્તિની થીમ ‘Science and Technology Public Outrich in Amrit Kaal’ છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**7. તાજેતરમાં ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા 2023 નું આયોજન કયાં કરવામાં આવ્યું હતું?**
(A) ભારત મંડપમ, નવી દિલ્હી (B) ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ
(C) ચેન્નઈ (D) કોલકત્તા

**8. તાજેતરમાં ઈનલેન્ડ વોટરવે ટ્રાન્સપોર્ટેશન માટે ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI) એ કઈ કંપની સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા?**
(A) Amazon (B) Flipkart (C) Tata (D) Adani

**9. નીચે આપેલા પૈકી અસત્ય વિધાન કયુ છે?**
(1) તાજેતરમાં મેઘાલયના શિલોંગ ખાતે ‘ઈન્ટરનેશનલ ટુરિઝમ માર્ટ 2023’ નું આયોજન કરવામાં આવ્યું હતું.
(2) 16 મી અર્બન મોબિલિટી ઈન્ડિયા કોન્ફરન્સ અને એક્ઝિબિશન 2023 નું આયોજન નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યું હતું.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી

**10. ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’ વિશે સત્ય વિધાનો કયા છે?**
(1) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારખંડના ખૂંટીથી આ યાત્રાને શરૂ કરાવી.
(2) આ યાત્રાનો મુખ્ય હેતુ દેશના સમગ્ર જિલ્લાઓમાં લોકો સુધી કલ્યાણકારી યોજનાઓનો લાભ પંહોચાડવાનો છે.
(3) આ યોજના હેઠળ 25 મી જાન્યુઆરી 2024 સુધીમાં 2.55 લાખથી વધુ ગ્રામ પંચાયતો અને 3600 થી વધુ શહેરી સ્થાનિક સંસ્થાઓને આવરી લેવાનો લક્ષ્યાંક છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

Banking Academy

**11. નીચે આપેલા વિધાનો પૈકી કયુ વિધાન ખોટું છે?**
(1) તાજેતરમાં નવી દિલ્હી ખાતે 'ઓસ્ટ્રેલિયા ઈન્ડિયા એજ્યુકેશન એન્ડ સ્કિલ્સ કાઉન્સિલ'ની પ્રથમ બેઠક યોજાઈ હતી.
(2) ભારતના રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ સાથે ઓસ્ટ્રેલિયાની ડેકિન યુનિવર્સિટીએ 'ગ્લોબલ જોબ રેડીનેસ પ્રોગ્રામ' વિકસાવ્યો છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી

**12. નીચે આપેલા વિધાનો પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(A) ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અંબાજીથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાની શરૂઆત કરાવી હતી.
(B) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં દસ્ક્રોઈ તાલુકાના પીરાણા ખાતેથી રાજયવ્યાપી 'રવિ કૃષિ મહોત્સવ – 2023' નું ઉદ્ઘાટન કર્યુ હતું.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**13. નીચે આપેલા પૈકી કયા વિધાનો સાચા છે?**
(1) ગુજરાતની પ્રથમ હેરિટેજ ટ્રેન એકતાનગરથી અમદાવાદ વચ્ચે શરૂ કરવામાં આવી છે.
(2) ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા 2023 દરમિયાન ગુજરાત સરકારે ઘોલ માછલીને ગુજરાતની સ્ટેટફિશ જાહેર કરી છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી.

**14. નીચે આપેલા પૈકી કયા વિધાનો સત્ય છે?**
(1) તાજેતરમાં ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ તરીકે હર્ષદ ત્રિવેદી ચૂંટાઈ આવ્યા છે.
(2) હર્ષદ ત્રિવેદીનો જન્મ ખેડા જિલ્લાના નડીયાદ ખાતે થયેલો છે.
(3) ગુજરાત સાહિત્ય પરિષદનું મુખપત્ર 'શબ્દસૃષ્ટિ' પ્રકાશિત કરવામાં આવે છે.
(A) માત્ર 2 (B) માત્ર 1 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**15. તાજેતરમાં વડનગરમાં યોજાયેલા તાના રીરી મહોત્સવ વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) ગુજરાતમાં દર વર્ષે વડનગર ખાતે કારતક સુદ 9 અને કારતક સુદ 10 ના રોજ આ મહોત્સવ ઉજવાય છે.
(B) આ મહોત્સવમાં વર્ષ 2023 ખાતે આરતી અંકલિકરને 'તાના – રીરી એવોર્ડ' આપવામાં આવ્યો હતો.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**16. તાજેતરમાં 10 મી ASEAN Defence Minister Meeting – Plus (Admm Plus) નું આયોજન કયાં થયું હતું?**
(A) જકાર્તા, ઈન્ડોનેશિયા (B) ટોક્યો, જાપાન (C) કુઆલામ્પુર, મલેશિયા (D) બેંગકોક, થાઈલેન્ડ

**17. ઈન્ડો – પેસિફિક રિઝનલ ડાયલોગ (IPRD) 2023 વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાન કયુ નથી?**
(A) તાજેતરમાં વર્ષ 2023 માં ઈન્ડો પેસિફિક રિઝનલ ડાયલોગ (IPRD) ની ત્રીજી આવૃત્તિનું આયોજન દિલ્હી ખાતે થયું હતું.
(B) નેશનલ મેરીટાઈમ ફાઉન્ડેશન IPRD ની દરેક આવૃત્તિ માટે પ્રાથમિક આયોજક અને જ્ઞાન ભાગીદાર તરીકે સેવા આપે છે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**18. તાજેતરમાં ભારતના INS સુમેધાએ કયા દેશના 'વોલ્વિસ ખાડી પોર્ટ' પર પોર્ટ કોલ કર્યો હતો?**
(A) દક્ષિણ આફ્રિકા (B) મોઝામ્બિક (C) બોત્સવાના (D) નામિબિયા

**19. તાજેતરમાં ભૂટાનના રાજાની ભારત મુલાકાત વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાનો જણાવો.**
(1) આ મુલાકાત દરમિયાન અગરતલા – અખૌરા ક્રોસ બોર્ડર રેલ લિંક પરિયોજનાને મંજૂરી આપવામાં આવી છે.
(2) ભૂટાનના ગલેફૂ અને આસામના કોકરાઝાર વચ્ચે રેલ લિંક માટે આગળ વધવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
(3) આસામ અને ભૂટાનના દક્ષિણ – પૂર્વ જિલ્લા વચ્ચેની દારંગા – સમુદ્રુપ જોંગખાર સરહદને ઈમિગ્રેશન ચેક પોસ્ટ તરીકે નિયુક્ત કરવામાં આવશે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**20. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ઈન્ટરનેશનલ ટ્રોપિકલ ટિમ્બર ઓર્ગેનાઈઝેશન (ITTO) વિશે કયુ વિધાન અસત્ય છે?**
(A) તેનુ મુખ્યમથક યોકોહોમા, જાપાન ખાતે આવેલું છે. (B) તેમાં ભારત સહિત 75 સભ્ય દેશોનો સમાવેશ થાય છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**21. સર્ક્યુલર ઈકોનોમી સેક્ટરમાં સ્ટાર્ટઅપ્સને ટેકો આપવા માટે ભારતે કયા દેશ સાથે 'RISE Accelerator Program' શરૂ કર્યો છે?**
(A) અમેરિકા (B) ઓસ્ટ્રેલિયા (C) ન્યુઝિલેન્ડ (D) ફિનલેન્ડ

**22. તાજેતરમાં ચર્ચામાં રહેલા એનર્જી કન્ઝર્વેશન બિલ્ડીંગ કોડ (ECBC) 2017 વિશે સત્ય વિધાન કયુ છે?**
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી

**23. તાજેતરમાં કયા રાજય / કેન્દ્રશાસિત પ્રદેશના 'સી બકથ્રોન' ને ભૌગોલિક સંકેતક (GI) ટેગ આપવામાં આવ્યો છે?**
(A) પંજાબ (B) ઉત્તરપ્રદેશ (C) લદ્દાખ (D) જમ્મુ કશ્મીર

Banking Academy

**24. 'AAINA ડેશબોર્ડ' વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા AAINA ડેશબોર્ડ ફોર સિટીઝ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.
(B) આ પહેલનો હેતુ શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે મુખ્ય પ્રદર્શન મેટ્રિક્સનો વ્યાપક ડેટાબેઝ તૈયાર કરવાનો છે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**25. WHO ના ગ્લોબલ ટયુબરક્યુલોસિસ (TB) રિપોર્ટ 2023 વિશે સત્ય વિધાનો કયા છે?**
(1) આ રિપોર્ટ મુજબ વિશ્વના કુલ TB ના કેસોમાં ભારતનો હિસ્સો 27% છે.
(2) ભારતમાં વર્ષ 2022 માં અંદાજે 3,42,000 TB સંબંધિત મૃત્યુ થયા હતા.
(3) વર્ષ 1997 થી વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા આ રિપોર્ટ વાર્ષિક રીતે બહાર પાડવામાં આવે છે.
(A) માત્ર 1 (B) માત્ર 1, 2 (C) માત્ર 3 (D) આપેલ તમામ

**26. 'ઉત્સર્જન ગેપ રિપોર્ટ 2023' વિશે સત્ય વિધાનો જણાવો.**
(1) યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP) દ્વારા આ રિપોર્ટ પ્રકાશિત કરવામાં આવે છે.
(2) આ રિપોર્ટ અનુસાર ગ્લોબલ વોર્મિંગને પૂર્વ – ઓદ્યોગિક સ્તરો કરતા 1.5 ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવાની માત્ર 14% શક્યતા છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી

**27. ઈન્ટરકનેક્ટેડ ડિઝાસ્ટર રિસ્ક રિપોર્ટ – 2023 કઈ સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવ્યો છે?**
(A) ધ ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈકોનોમિક્સ એન્ડ પીસ (B) યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ
(C) વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન (D) UNU - ઈન્સ્ટિટ્યૂટ ફોર એન્વાયર્નમેન્ટ એન્ડ હ્યુમન સિક્યુરિટી.

**28. તાજેતરમાં 'એગ્રીકલ્ચર પોલિસીમોનિટરિંગ એન્ડ ઈવેલ્યુએશન 2023' નામનો અહેવાલ કઈ સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવ્યો?**
(A) ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (B) ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન
(C) યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (D) આપેલ પૈકી એક પણ નહી

**29. તાજેતરમાં OXFAM ના 'Climate Equality' રિપોર્ટ અનુસાર કેટલા ટકા ધનિક વ્યક્તિઓએ સમગ્ર માનવજાતના $\frac{2}{3}$ લોકો જેટલું કાર્બન ઉત્સર્જન કર્યુ છે?**
(A) 1% (B) 3% (C) 5% (D) 2.5 %

**30. દરિયાઈ સુરક્ષા સહયોગ વધારવા માટે ભારત અને યુરોપિયન યુનિયનએ પ્રથમ સંયુક્ત નૌકા ક્વાયત કયાં હાથ ધરી હતી?**
(A) ગલ્ફ ઓફ એડન (B) ગલ્ફ ઓફ ગિની (C) પર્શિયન ગલ્ફ (D) મેડિટેરીયન સી

**31. નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(1) તાજેતરમાં તમિલનાડુના કટુપલ્લી ખાતે એન્ટી – સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફટ શ્રેણીનું ચોથું જહાજ 'અમીની' લોન્ચ કરવામાં આવ્યું.
(2) આ જહાજનું નિર્માણ ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ દ્વારા કરવામાં આવેલું છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી

**32. નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(A) ભારત અને બાંગ્લાદેશની નૌસેના વચ્ચે બંગાળની ખાડીમાં Bongosagar-2023 ક્વાયતનું આયોજન થયુ હતું.
(B) ભારત અને બાંગ્લાદેશની નૌસેના વચ્ચે કોઓર્ડિનેટેડ પેટ્રોલ (CORPAT) નું આયોજન કોંકણ તટ પર થયું હતું.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**33. નીચે આપેલા પૈકી કયુ વિધાન અસત્ય છે?**
(1) તાજેતરમાં US ના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન એ મેલેરિયા માટેની પ્રથમ રસી Ixchiq ને મંજૂરી આપી છે.
(2) Ixchiq નું ઉત્પાદન યુરોપીયન કંપની વાલ્નેવા દ્વારા કરવામાં આવે છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી

**34. ભારત અને શ્રીલંકાની સેના વચ્ચે સંયુક્ત લશ્કરી ક્વાયત 'મિત્ર શક્તિ 2023' ને કયાં હાથ ધરવામાં આવી હતી?**
(A) ચેન્નઈ (B) કોલંબો (C) ગોવા (D) પુણે

**35. સંયુકત યુદ્ધઅભ્યાસ 'વજ્ર પ્રહાર' વિશે સત્ય વિધાન કયુ છે ?**
(A) મેઘાલયના ઉમરોઈ કેન્ટોન્મેન્ટ ખાતે ભારત અને અમેરિકાના દળો વચ્ચે વજ્ર પ્રહાર કવાયતનું આયોજન થયું હતું.
(B) બંને દળો વચ્ચેના સંયુકત કવાયતની આ 14મી આવૃત્તિ હતી.
(C) A અને B બંને
(D) એક પણ નહીં

**36. હાલમાં ચર્ચામાં રહેલો શબ્દ 'Amaterasu' એ શું છે ?**

(A) ઉષ્ણ કટિબંધીય વનસ્પતિની એક પ્રજાતિ
(B) <u>અવકાશમાંથી પૃથ્વી પર પડતા અત્યંત ઉચ્ચ ઊર્જા કણો</u>
(C) ચિકનગુનિયા વાઈરસની રસી
(D) એક પણ નહીં

**37. એકરસાઈઝ AUSTRAHIND વિશે સત્ય વિધાન કયુ છે ?**

(A) તાજેતરમાં AUSTRAHIND લશ્કરી કવાયતની બીજી આવૃત્તિનું આયોજન પર્થ, ઓસ્ટ્રેલિયા ખાતે થયું હતું.
(B) AUSTRAHIND લશ્કરી કવાયતની પ્રથમ આવૃત્તિનું આયોજન રાજસ્થાનમાં મહાજન ખાતે કરવામાં આવ્યું હતું.
(C) <u>A અને B બંને</u>
(D) એક પણ નહીં

**38. 'નિદિરાના નોઆદિહિંગ' નામના મ્યુઝિકલ દેડકાની નવી પ્રજાતિ કયા રાજ્યમાંથી મળી આવી છે ?**

(A) <u>અરૂણાચલ પ્રદેશ</u> (B) સિક્કિમ (C) આસામ (D) ત્રિપુરા

**39. 'પેરા એશિયન ગેમ્સ 2022' વિશે સત્ય વિધાન પસંદ કરો.**

**(1) ઓક્ટોબર 2023માં ચીનના હેંગઝોઉ ખાતે ચોથી 'પેરા એશિયન ગેમ્સ 2022'નું આયોજન થયું હતું.**
**(2) પેરા એશિયન ગેમ્સમાં ભારત મેડલ ટેલીમાં પાંચમા ક્રમે રહ્યું હતું.**

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) <u>1 અને 2</u> (D) એક પણ નહીં

**40. નીચે આપેલા પૈકી સત્ય વિધાન જણાવો.**

**(1) તાજેતરમાં 16મી વિશ્વ વુશુ ચેમ્પિયનશિપનું આયોજન ફોટ વર્થ, ટેકસાસ, અમેરિકામાં થયું હતું.**
**(2) ભારતના રોશિબિના દેવીએ આ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો હતો.**

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) <u>1 અને 2</u> (D) એક પણ નહીં

**41. 'ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2023' વિશે સત્ય વિધાનો જણાવો.**

**(1) આ વર્લ્ડ કપમાં ભારતના ખેલાડી વિરાટ કોહલીને 'પ્લેયર ઓફ ધ સિરીઝ' જાહેર કરવામાં આવ્યા હતા.**
**(2) ઓસ્ટ્રેલિયાએ ભારતને પરાજય આપીને પાંચમી વખત ICC વર્લ્ડકપ જીત્યો છે.**
**(3) આ વર્લ્ડકપની ફાઈનલ મેચમાં ટ્રેવિસ હેડને 'મેન ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો.**

(A) માત્ર 1 (B) માત્ર 2, 3 (C) <u>માત્ર 1, 3</u> (D) આપેલ તમામ

**42. તાજેતરમાં ICC હોલ ઓફ ફેમમાં સ્થાન મેળવનાર ખેલાડીઓ કયા છે ?**

**(1) વિરેન્દ્ર સેહવાગ (2) ડાયના એડુલજી (3) અરવિંદ ડી સિલ્વા**

(A) માત્ર 1, 2 (B) માત્ર 1 (C) માત્ર 2, 3 (D) <u>1, 2, 3</u>

**43. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ટાઈમઆઉટ થનારા પ્રથમ ખેલાડી કોણ છે ?**

(A) કુશલ પરેરા (B) <u>એન્જેલો મેથ્યુઝ</u> (C) ધનંજયા ડી સિલ્વા (D) કુશલ મેન્ડીસ

**44. નીચે આપેલા પૈકી કોની નીતિ આયોગમાં ફેલો તરીકે નિમણૂક કરવામાં આવી છે ?**

**(1) અનૂપસિંહ (2) ઓ.પી. અગ્રવાલ (3) અજય ચૌધરી (4) વી. લક્ષ્મીકુમારન**

(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1, 3 અને 4 (D) <u>1, 2, 3, 4</u>

**45. નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**

(A) તાજેતરમાં ભારતના મુખ્ય માહિતી કમિશનર તરીકે હિરાલાલ સામરીયાની નિમણૂક કરવામાં આવી છે.
(B) મુખ્ય માહિતી કમિશનરને રાષ્ટ્રપતિ સમક્ષ શપથ લેવડાવવામાં આવે છે.
(C) <u>A અને B બંને</u>
(D) એક પણ નહીં

**46. ભારતીય ચૂંટણી પંચે તાજેતરમાં કયા અભિનેતાને 'નેશનલ આઈકન' તરીકે જાહેર કર્યા છે ?**

(A) રણદીપ હૂડા (B) રણવીર સિંહ (C) <u>રાજકુમાર રાવ</u> (D) રણબીર કપૂર

**47. તાજેતરમાં સ્પેશિયલ પ્રોટેકશન ગ્રુપ (SPG)ના નવા ડિરેકટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?**

(A) મનોજ પાંડે (B) <u>આલોક શર્મા</u> (C) યોગેશ તિવારી (D) પીયુષ પટેલ

**48. તમિલ લેખક પેરુમલ મુરુગનને કઈ નવલકથા માટે 2023નું JCB પ્રાઈઝ એનાયત થયુ છે ?**

(A) <u>ફાયર બર્ડ</u> (B) કરન્ટ શો (C) વન પાર્ટ વુમન (D) સીઝન્સ ઓફ ધ પામ

**49. તાજેતરમાં કયા ભારતીય કોમેડિયને ઈન્ટરનેશનલ એમી એવોર્ડ જીત્યો છે ?**

(A) હર્ષ બેનીવાલ (B) રજત કપૂર (C) કપિલ શર્મા (D) <u>વીર દાસ</u>

**50. નીચે આપેલા પૈકી સત્ય વિધાન કયુ છે ?**

(A) તાજેતરમાં ઉત્તરાખંડના જમરાની ડેમ બહુહેતુક પ્રોજેકટને PMKSY ના એકિસલરેટેડ ઈરીગેશન બેનિફિટ્સ પ્રોગ્રામ હેઠળ સમાવિષ્ટ કરવામાં આવ્યો છે.
(B) જમરાની ડેમ રામગંગા નદીની ઉપનદી ગોલા નદી પર બાંધવામાં આવશે.
(C) <u>A અને B બંને</u>
(D) એક પણ નહીં

# 14 Facts.... Inshort

1. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) દ્વારા સત્તાવાર બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે? – **મહેન્દ્રસિંહ ધોની**
2. કયા દેશ દ્વારા ઉત્તરાખંડમાં ભારતના 'હંગર પ્રોજેક્ટ' ને મદદ કરવામાં આવશે? – **નોર્વે**
3. તાજેતરમાં જવાહરલાલ નહેરુ ટ્રોપિકલ બોટનિકલ ગાર્ડન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ એ કેરળના પશ્ચિમ ઘાટમાં જોવા મળેલી ________ ની નવી ઓળખાયેલી પ્રજાતિ કેન્ડોલોમીસીસ આલ્બોસ્કવોમોસસ જાહેર કરી છે. – **મશરૂમ**
4. તાજેતરમાં કયા સ્ટેડિયમમાં સચિન તેંડુલકરની 14 ફૂટની ભવ્ય પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું? – **વાનખેડે સ્ટેડિયમ**
5. '6th India OPEC એનર્જી ડાયલોગ' ની ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કયાં થયું હતું? – **વિયેના, ઓસ્ટ્રિયા**
6. તાજેતરમાં નિધન પામેલા બિઝનેસમેન સુબ્રત રોયને કયા બિઝનેસ જૂથના સંસ્થાપક માનવામાં આવે છે? – **સહારા ગ્રુપ**
7. તાજેતરમાં વડાપ્રધાને તેલંગાણામાં અનુસૂચિત જાતિ (SC) માં કયા સમુદાયના પેટા – વર્ગીકરણ માટે સમિતિની રચના કરવાની જાહેરાત કરી હતી? – **મડીગા સમુદાય**
8. કયા ખેલાડીએ વન – ડે ક્રિકેટમાં 50 મી સદી ફટકારીને સચિન તેંડુલકરના 49 સદીના રેકોર્ડને તોડયો છે? – **વિરાટ કોહલી** (279 ઈનિંગ્સમાં)
9. તાજેતરમાં કયા દેશના રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં જેવિયર મિલીની જીત થઈ છે? – **આર્જેન્ટિના**
10. પંકજ અડવાણીએ કતારના દોહામાં વર્લ્ડ IBSF બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપ 2023 જીતીને તેની કારકીર્દીનું કેટલામું વર્લ્ડ ટાઈટલ જીત્યું છે? – **26 મું**
11. કયા દેશમાં વૈજ્ઞાનિકોના રિસર્ચ અનુસાર છેલ્લા છ દાયકામાં તેના અડધાથી વધુ ગ્લેશિયર (હિમનદીઓ) ગુમાવી છે? – **પેરુ**
12. ભેંસોની પરંપરાગત રેસ 'કમ્બાલા' કર્ણાટકના કયા શહેરમાં પ્રથમ વખત યોજાશે? – **બેંગ્લુરુ**
13. તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા પેસેન્જર અને કોમર્શિયલ સહિત ચાર – ચક્રી વાહનો માટે 'યુનિફોર્મ સાયબર સિક્યોરિટી એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ (CSMS) જોગવાઈઓ માટેનો ડ્રાફ્ટ રજૂ કર્યો છે? – **માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય**
14. તાજેતરમાં એશિયા – પેસિફિક ઈકોનોમિક કો – ઓપરેશન (APEC) લીડર્સ સમિટ 2023 નું આયોજન કયાં થયુ હતું? – **સાન ફ્રાન્સિસ્કો, યુએસએ** (ભારત APEC નો સભ્ય નથી, હાલમાં નિરિક્ષકનો દરજ્જો ધરાવે છે)
15. 'તલવાર આર્મ' તરીકે ઓળખાતી ભારતીય નૌકાદળના પશ્ચિમી ફ્લીટ કમાન્ડના કમાન્ડિંગ ફ્લેગ ઓફિસર તરીકે કોણે કાર્યભાર સંભાળ્યો છે? – **સી.આર. પ્રવીણ નાયર**
16. તાજેતરામં યુએસએના વૈજ્ઞાનિકોએ 'કિલ સ્વિચ' ની શોધ કરી છે તે કયા રોગની સારવાર માટે ઉપયોગી છે? – **કેન્સર**
17. સ્પર્મ વ્હેલ માટે વિશ્વના પ્રથમ દરિયાઈ સંરક્ષિત વિસ્તારની સ્થાપના કરનાર દેશ કયો છે? – **ડોમિનિકા**
18. કેટલીક મોટી ઔદ્યોગિક માંસ અને ડેરી કંપનીઓ ________ઉત્સર્જનને માપવા માટે એક નવા મેટ્રિકને પ્રોત્સાહન આપે છે જેને GWP* (ગ્લોબલ વોર્મિંગ પોટેન્શિયલ સ્ટાર) કહેવાય છે. – **મિથેન**
19. દેશની સૌથી મોટી આબોહવા – સ્થિતિસ્થાપક કૃષિ પહેલ તરીકે ઓળખાતી 'પ્રોજેક્ટ ઓન ક્લાઈમેટ રેઝિલિએન્ટ એગ્રીકલ્ચર (pocra)' એ કયા રાજયનો છે? – **મહારાષ્ટ્ર**
20. તાજેતરમાં કયા શહેરમાં 'સદર' ઉત્સવ (બફેલો કાર્નિવલ) નું આયોજન થયુ હતું? – **હૈદરાબાદ**
21. સેન્ટ્રલ મરીન ફિશરીઝ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CMFRI) ના સંશોધકોએ સીર માછલીની કઈ બે નવી પ્રજાતિઓ શોધી છે? – **અરેબિયન સ્પેરો સીર ફિશ, રસેલની સ્પોટેડ સીર ફિશ.**
22. તાજેતરમાં કોના દ્વારા ઉર્જા ક્ષેત્રમાંથી અત્યંત પ્રદુષિત મિથેન ગેસના ઉત્સર્જનને ઘટાડવા માટે કાયદો રજૂ કરવામાં આવ્યો છે? – **યુરોપિયન યુનિયન (EU)**
23. તાજેતરમાં 'નૈટવાર મોરી હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ' માંથી 30 મેગાવોટનો પ્રથમ વીજ પૂરવઠો સપ્લાય કરવામાં આવ્યો, તે પ્રોજેક્ટ કયા રાજયમાં આવેલો છે? – **ઉત્તરાખંડ**
24. તાજેતરમાં કયા દેશે ધ્રુવીય સંશોધન પર $ 1 બિલિયનનો ખર્ચ કરવાની જાહેરાત કરી છે? – **ફ્રાંસ**
25. તાજેતરમાં વિશ્વબેંકે કયા દેશના નાણાકીય ક્ષેત્રને મજબૂત કરવા માટે $ 150 મિલિયન મંજૂર કર્યા છે? – **શ્રીલંકા**
26. તાજેતરમાં કયા દેશે તીવ્ર ધરતીકંપોની શ્રેણીને કારણે જવાળામુખી ફાટી નીકળવાના જોખમમાં વધારો થતા કટોકટીની સ્થિતિ જાહેર કરી? – **આઈસલેન્ડ**

Banking Academy

27. યુએસ ના સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC) એ ઓમિક્રોન વેરીઅન્ટના કયા નવા પેટા વેરિઅન્ટના ઉદ્ભવની જાણ કરી? – **JN.1**
28. ભારત સરકારે સસ્ટેનેબલ અર્બન ડેવલપમેન્ટ એન્ડ સર્વિસ ડિલિવરી પ્રોગ્રામ હેઠળ શહેરી સુધારણા એજન્ડાને સમર્થન આપવા માટે કઈ બેંક સાથે 400 મિલિયન ડોલરની લોન માટે હસ્તાક્ષર કર્યા ? – **એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)**
29. 'નોન – મેલાનોમા ત્વચા કેન્સરથી થતા મૃત્યુમાંથી લગભગ એક તૃતીયાંશ મૃત્યુ સૂર્યપ્રકાશમાં કામ કરવાથી થાય છે' આવો અહેવાલ કોના દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો? – **WHO અને ILO**
30. તાજેતરમાં પૂર્વ આફ્રિકાના કયા દેશોમાં વરસાદી વાવાઝોડાના કારણે ગંભીર પૂરનો સામનો કરવો પડયો હતો? – **સોમાલિયા**
31. તાજેતરમાં ચર્ચામાં રહેલો 'માઉન્ટ સેન્ટ હેલેન્સ' જવાળામુખી પર્વત કયા દેશમાં આવેલો છે? – **અમેરિકા**
32. તાજેતરમાં કયા દેશમાં જવાળામુખી ફાટી નીકળ્યા બાદ નવા ટાપુનું નિર્માણ થયુ? – **જાપાન**
33. તાજેતરમાં કયા દેશના વૈજ્ઞાનિકોએ પહેલીવાર જીવંત શિશુ કાઈમરિક વાનર ઉત્પન્ન કરવામાં સફળતા મેળવી છે? – **ચીન**
34. તાજેતરમાં નિધન પામનાર અવકાશયાત્રી 'ફ્રેંક બોરમેન' એ કયા દેશના હતા? – **અમેરિકા**
35. તાજેતરમાં સફળતાપૂર્વક તેની પ્રથમ ઉડાન ભરનાર 'B-21 Rider બોમ્બર એરક્રાફ્ટ' કયા દેશનું છે? – **અમેરિકા**
36. કુંટુંબ અને માતાપિતાના અધિકારોના ક્ષેત્રમાં 'શેરડ પેરેન્ટલ લીવ' રજૂ કરના આફ્રિકાનો પ્રથમ દેશ કયો છે? – **દક્ષિણ આફ્રિકા**
37. શરણાર્થીઓને રવાંડા દેશમાં મોકલવાની વિવાદાસ્પદ 'આશ્રય યોજના (Asylum Plan)' ને તેની સુપ્રીમ કોર્ટ દ્વારા ગેરકાયદેસર જાહેર કરવામાં આવી તે યોજના કયા દેશની છે? – **યુનાઈટેડ કિંગ્ડમ (UK)**
38. નવેમ્બર, 2023 માં 37 મી પાયદળ કમાન્ડર્સની કોન્ફરન્સનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું? – **ઈન્ફન્ટ્રી સ્કુલ, મહુ, મધ્યપ્રદેશ**
39. તાજેતરમાં સંશોધકોએ મેગાબેડ્સ (જવાળામુખી ફાટી નીકળવાના પરિણામે દરિયાઈ બેસિનમાં રચાયેલ નોંધપાત્ર થાપણો) ની શોધ કયાં કરી છે? – **ભુમધ્ય સમુદ્રના ભાગ ટાયરહેનિયન સમુદ્રમાં**
40. તાજેતરમાં યુએસએ અને કયા દેશ વચ્ચે સ્વચ્છ ઉર્જામાં તીવ્ર વધારો કરવા, અશ્મિભૂત ઈંધણનો વિસ્થાપિત કરવા અને ગ્લોબલ વોર્મિંગ વાયુઓના ઉત્સર્જનના ઘટાડા માટે કરાર કરવામાં આવ્યા છે? – **ચીન**
41. 'વર્ષ 2022 માં ભારતમાં અંદાજે 11 લાખ બાળકો ઓરીની રસીનો પ્રથમ ડોઝ ચૂકી ગયા, જે વૈશ્વિક સ્તરે ઓરી રસીકરણ ગેપના ટોચના દસ દેશોમાં ભારતને સ્થાન અપાવે છે. ' આવો અહેવાલ કોના દ્વારા પ્રકાશિત કરવામાં આવ્ય હતો? – **WHO અને યુએસ સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC)**
42. તાજેતરમાં RBI એ ભારતીય બેંકો માટે એક નિર્ણાયક આવશ્યકતા રજૂ કરી છે તે મુજબ હવે બેંકના બોર્ડમાં ઓછામાં ઓછા ________ સંપૂર્ણ સમયના નિર્દેશકો (WTDs) હોવા જોઈએ. – **બે**
43. વીમા પોલિસીમાં વપરાતી ભાષાને સરળ બનાવવા માટે આઠ સભ્યોની સમિતિની રચનાની જાહેરાત કોના દ્વારા કરવામાં આવી છે? – **IRDAI**
44. તાજેતરમાં GST કાઉન્સિલે GST એપેલેટ ટ્રિબ્યુનલના પ્રમુખ માટે મહત્તમ વયમર્યાદા કેટલી નક્કી કરી છે? – **70 વર્ષ**
45. તાજેતરમાં GST કાઉન્સિલે GST એપેલેટ ટ્રિબ્યુનલના સભ્યો માટે મહત્તમ વયમર્યાદા કેટલી નક્કી કરી છે? – **67 વર્ષ**
46. ભારતમાં બાયોગેસ અને બાયોમિથેન સાથે કુદરતી ગેસના વપરાશને બદલવાની આશાસ્પદ વ્યૂહરચના દર્શાવતો અહેવાલ કોના દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે? – **ઈન્સ્ટિટયૂટ ફોર એનર્જી ઈકોનોમિક્સ એન્ડ ફાઈનાન્શિયલ એનાલિસિસ (IEEFA)**
47. ભારતમાં ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) ઈકોસિસ્ટમમાં માનકીકરણ અને આંતરસંચાલન ક્ષમતાને પ્રોત્સાહન આપવાના હેતુથી પ્રયોગશાળાની સ્થાપના કરવા માટે સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલિમેટિક્સ (C-DOT) સાથે કઈ કંપનીએ ભાગીદારી કરી છે? – **વોડાફોન આઈડિયા (VI)**
48. તાજેતરમાં 'AI SAFETY Summit' નામની AI મોડલ્સના નૈતિક અને જવાબદાર સિધ્ધાંતો સ્થાપિત કરવા માટે વૈશ્વિક સમિટનું આયોજન કયા દેશમાં થયુ હતુ? – **યુનાઈટેડ કિંગ્ડમ (UK)**
49. યુ.એસ. ના નેતૃત્વમાં 40 દેશોનુ ગઠબંધન, સાયબર ગુનેગારોને કયારેય ખંડણી ચૂકવશે નહીં અને હેકર્સની ફાઈનાન્સીગ મિકેનિઝમને વિક્ષેપિત કરવા માટે કામ કરવા માટે પ્રતિજ્ઞા પર હસ્તાક્ષર કરવા તૈયાર થયા, તે કઈ પહેલ છે? – **ઈન્ટરનેશનલ કાઉન્ટર રેન્સમવેર ઈનિશિયેટિવ**
50. તાજેતરમાં સેન્ટ્રલ રેલવેએ મુંબઈ ડિવિઝનના વાસિંદ – આસનગાંવ સેક્સન પર ટ્રેનની કામગીરીમાં સલામતી અને કાર્યક્ષમતા વધારવા માટે કઈ સિસ્ટમ શરૂ કરી છે? – **બ્લોક પ્રોવિંગ બાય એક્સલ કાઉન્ટર (BPAC)**
51. તાજેતરમાં ભારતના કયા રાજયમાં ડેન્ગ્યુના 15,000 થી વધારે કેસો નોંધાયા છે? – **બિહાર**
52. તાજેતરમાં કયો દેશ તેના સમગ્ર રખડતા કૂતરાઓની વસ્તીને સફળતાપૂર્વક નસબંધી અને રસીકરણ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે? – **ભૂટાન**

Banking Academy

53. તાજેતરમાં ભારતના કયા રાજ્ય દ્વારા ભારતીય ઉદ્યોગ પરિસંઘ (CII) દ્વારા તૈયાર કરાયેલો 'સ્ટેટ એનર્જી એફિશિયન્સી એક્શન પ્લાન' રજૂ કરવામાં આવ્યો છે? – **કેરળ**

54. તાજેતરમાં ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા 'લિમિટેડ લાયેબિલિટી પાર્ટનરશિપ્સ (LLPs) (ત્રીજો સુધારો) નિયમો, 2023' જાહેર કરવામાં આવ્યા? – **કોર્પોરેટ બાબતોના મંત્રાલય**

55. કયા રાજ્યમાં બેઘર વ્યકિતઓને આઠ લાખ પાકા મકાનો પ્રદાન કરવા માટે 'અબુઆ આવાસ યોજના – AAY' ને મંજૂરી આપવામાં આવી છે? – **ઝારખંડ**

56. તાજેતરમાં ભારતીય વાયુસેનાએ તેની સંરક્ષણ ક્ષમતાઓને વધારવા માટે કયા દેશની સરહદો પર ત્રણ S-400 એર ડિફેન્સ મિસાઈલ સ્ક્વોડ્રન તૈનાત કર્યા છે? – **ચીન અને પાકિસ્તાન**

57. તાજેતરમાં વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના 77 કિલોમીટરના નવા ભાંડુ – નવા સાણંદ સેક્સનનું ઉદ્દ્ઘાટન કોણે કર્યુ હતુ? – **વડાપ્રધાન નરેન્દ્ર મોદી**

58. તાજેતરમાં બોમ્બે હાઈકોર્ટની ગોવા બેન્ચે ગોવા રાજયમાં કયા વન્યજીવ અભ્યારણ્યમાં ટાઈગર રિઝર્વની સ્થાપના કરવાનો નિર્દેશ કર્યો છે. – **મ્હાદેઈ વન્યજીવ અભ્યારણ્ય**

59. ભારતીય વાયુસેનાની નંબર 4 સ્કવોડ્રન કે જે એરફોર્સ સ્ટેશન ઉત્તરલાઈ (બાડમેર), રાજસ્થાન ખાતે આવેલી છે તે MiG-21 થી શેમા રૂપાંતરીત થઈ રહી છે? – **Su-30 MKI**

60. તાજેતરમાં ચાઈનીઝ પેલેનોન્ટોલોજિસ્ટ્સે કયા દેશમાંથી 160 મિલિયન વર્ષ જૂના ગણાતા અવશેષોમાંથી 'માંસ ખાતી' લેમ્પ્રીની બે નવી પ્રજાતિઓ શોધી છે? – **ચીન** (લેમ્પ્રી એ વોટર વેમ્પાયર તરીકે ઓળખાતી જડબા વગરની માછલી છે)

61. તાજેતરમાં રાંચીમાં આયોજીત હોકીમાં ભારતે કયા દેશને હરાવીને 'મહિલા એશિયન ચેમ્પિયન ટ્રોફી' નો ખિતાબ જીત્યો છે? – **જાપાન**

62. કયા રાજયની સરકારે વન અધિકાર અધિનિયમ હેઠળ વ્યકિતઓ અને સમુદાયોને જમીન માલિકીનું પ્રમાણપત્ર આપવાના ધ્યેય સાથે 'અબુઆ બીર ડિશોમ ઝુંબેશ' નામનું અભિયાન શરૂ કર્યું? – **ઝારખંડ**

63. ભારતનું પ્રવાસન મંત્રાલય અને અન્ય વિવિધ હિતધારકો 'અતુલ્ય ભારત' થીમ હેઠળ, કઈ જગ્યાએ આયોજિત 'વર્લ્ડ ટ્રાવેલ માર્કેટ (WTM) 2023 ' માં ભાગ લઈ રહયા છે? – **લંડન**

64. ઈન્ડિયન એગ્રીકલ્ચર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (IARI) એ સમસ્યારૂપ લાંબા ગાળાની ડાંગરની જાત Pusa-44 ના વિકલ્પરૂપે કઈ નવી ડાંગરની જાતનો વિકાસ કર્યો છે? – **Pusa-2090**

65. તાજેતરમાં નવેમ્બર, 2023 માં એક અદ્દ્ભૂત અને દુર્લભ ઘટના તેજસ્વી લાલ અરોરા કયાં જોવા મળી હતી? – **હેનલે વેધશાળા, લદ્દાખ**

66. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) એ LCA – તેજસ MK 1A ના શ્રેણી ઉત્પાદન માટે 'BMI એન્જિન Bay Doors' માટે કઈ સંસ્થા સાથે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી (ToT) કરાર કર્યા? – **CSIR – National Aerospace Laboratories (NAL)**

67. તાજેતરમાં ભૂસ્તરશાસ્ત્રીઓએ કયા ખોવાયેલા ખંડની શોધ કરી હતી જે 155 મિલિયન વર્ષો પહેલા આધુનિક સમયના પશ્ચિમી ઓસ્ટ્રેલિયાથી અલગ થયેલો હતો? – **આર્ગોલેન્ડ**

68. એમેઝોન ___________ નામના એડવાન્સ લાર્જ લેંગ્વેજ મોડલ (LLM) માં ભારે રોકાણ કરી રહયું છે. આ મોડેલમાં 2 ટ્રિલિયન પેરામીટર્સ હોવાના અહેવાલ છે. – **ઓલિમ્પસ (Olympus)**

69. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી ભારત વિરુધ્ધ ઓસ્ટ્રેલિયા ICC વર્લ્ડ કપ ફાઈનલ મેચ પહેલા ભારતીય વાયુસેનાની કઈ ટીમ દ્વારા એર શો કર્યો હતો ? – **સૂર્યકિરણ એરોબેટિક ટીમ**

70. દક્ષિણ ભારતના જળાશયોમાં પાણીનું સ્તર સતત ઘટી રહયો હોવાનું પ્રકાશિત કરતો રિપોર્ટ કોના દ્વારા જાહેર કરવામાં આવ્યો? – **સેન્ટ્રલ વોટર કમિશન (CWC)**

71. કેમ્બ્રિજ ડિકશનરીએ વર્ષ 2023 માટે તેના વર્ડ ઓફ ધ યર તરીકે કયા શબ્દને પસંદ કર્યો છે? – **Hallucinate** (આ શબ્દ AI ની જટિલતાઓ અને તેના સંભવિત જોખમો પર પ્રકાશ પાડે છે.)

72. તાજેતરમાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ કયા રાજયના 'સ્થાનિક રહેવાસીઓ માટેના ખાનગી નોકરીમાં 75% અનામત કાયદા' ને ગેરબંધારણીય જાહેર કર્યો? – **હરિયાણા**

73. કૃષિ ખાદ્ય પ્રણાલીઓમાં મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવેલા કલાયમેટ ચેન્જના જોખમોના આધારે કરવામાં આવેલા અભ્યાસમાં 87 દેશોમાંથી ભારતનો ક્રમ કયો છે? – **12 મો.**

74. તાજેતરમાં કયા દેશના ભૂતપૂર્વ ફર્સ્ટ લેડી રોઝલિન કાર્ટરનું અવસાન થયેલું છે? – **યુએસએ**

75. ડિલિવરી એજન્ટો માટે માર્ગ સલામતીની પડકારોને સંબોધવા માટેની યુએન પેનલ કોન્ફરન્સનું આયોજન કયાં થયું હતું? – **નવી દિલ્હી**

76. તાજેતરમાં 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' શરૂ કરનાર ભારતનું ચોથું રાજ્ય કયુ છે? – **હિમાચલ પ્રદેશ** ( ગોવા, ગુજરાત, ઉત્તરાખંડ પ્રથમ ત્રણ રાજયો)

77. ભારતીય કોસ્ટ ગાર્ડના ચીફ ડાયરેકટર જનરલ રાકેશ પાલે કઈ જગ્યાએ આયોજિત 25 મી નેશનલ ઓઈલ સ્પીલ ડિઝાસ્ટર કન્ટીજન્સી પ્લાન (NOSDCP) બેઠકની અધ્યક્ષતા કરી હતી? – **વાડીનાર, ગુજરાત**

## Govt.Jobs જેવી કે

BANK | SBI | IBPS | LIC | SSC | RRB | RBI

તેમજ

GPSC | PSI | નાયબ મામલતદાર | રાજ્યવેરા નિરીક્ષક | તલાટી

બિન સચિવાલય | કોન્સ્ટેબલ | TET/TAT | ચીફ ઓફીસર

ની માહિતી / ભરતીઓ / તૈયારી ના માર્ગદર્શન /Materials / ઓનલાઈન ફોર્મ ની સંપૂર્ણ માહિતી તેમજ Regular Update માટે આજે જ અમારા Social Media Platforms જેવા કે ટેલીગ્રામ / ઈન્સ્ટાગ્રામ / ફેસબુક Youtube સાથે નીચેના Icon પર Click કરીને જોડાઓ.

# GPSC Class - I/II માટે સંપૂર્ણ મટીરીયલ સેટ







## COMBO BOOKS SET

**8140858555**

આ સંપૂર્ણ મટીરીયલ સેટ મેળવવા માટે સંપર્ક કરો

# GPSC Class - III માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




## Head Office-Surat (Udhna Branch)

Shree Arc, Opp. Shanidev Temple, Sosyo Corcle, Udhna-Magdalla Road, SURAT.

| Contact | Visit us | Email |
| --- | --- | --- |
| 70466 33255 | www.bankingacademy.co.in | info@bankingacademy.co.in |

## Branches

### VARACHHA (Surat)

4th Floor, "Silver Business Hub",
Simada-Naka to Yogichowk,
150ft BRTS Road, Varachha,
Surat PH: 70464 16555

### KATARGAM (Surat)

422, 4th Floor, KBC -Kedar Business Hub,
Katargam Dabholi BRTS Road,
Near Bapa Sitaram Chowk, Katargam,
Surat PH: 70466 31555